આવતી કાલની આશાઓનું માસિક

કુમાર

તંત્રી : રવિશંકર રાવળ

અંક ૯૦



રુદ્રમાળનાં ખંડિયેર : ફોટો–અસદમિયાં સૈયદ પાલણપુર • આ માસની ફોટો હરીફાઈનું ચિત્ર

કુમાર

જેઠ ૧૯૮૭ અંક ૯૦

રુદ્રમાળનાં ખંડિયેર (ફોટો) અસદમિયાં સૈયદ પૂઠું
ઉનાળાનો આરામ ચિઃ અર્ધેન્દ્રકુમાર ગૅંગોલી ત્રિરંગી મુખચિત્ર
ત્રિમૂર્તિ (કાવ્ય) સુન્દરમ્ ૨૦૧
મિજલસ ૨૦૨
પંડિત ગણેશશંકર વિદ્યાર્થી નરેન્દ્ર વર્મા માલવીય ૨૦૪
ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ ૨૧૧
રજાઇ (વાર્તા) ‘રસનિધિ’ ૨૧૨
જ્ઞાનલીલા ૨૧૪
ફૂલ અંબાલાલ બાળકૃષ્ણ પુરાણી ૨૧૫
ચંપા રાજકન્યા (ચિઃ રવિશંકર રાવળ અને કનુ દેસાઇ) ૨૧૬
મદનકાય (નર્તકી)ની લાવણ્યભરી મૂર્તિ (ફોટો) ૨૧૭
હિંદનાં શિલ્પ-સ્થાપત્ય હરિપ્રસાદ પ્ર. દેસાઇ ૨૧૭
સ્મરણયાત્રા દત્તાત્રેય બા. કાલેલકર ૨૨૩
દુનિયાનું સરવૈયું લા. ભ. ૨૨૬
સામ્રાજ્યની ફનાગીરી ડાહ્યાલાલ હ. જાની ૨૨૭
ચંપા રાજકન્યા (બાળવાર્તા) ૨૨૯
ચૂંદડી (બાળકાવ્ય) વ્રજલાલ શાહ ૨૩૧
માધુકરી ૨૩૫
છેલ્લું પાનું ૨૪૦

તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

ચેતવણી

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ—૨

લેખકો: જેઓને ઊગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટૂંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પૂરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.

ત્રિમૂર્તિ



બુદ્ધ

[શિખરિણી]

ધરી આજન્મેથી પ્રણયરસદીક્ષા, તડફતું
હતું જે સંતાપે જગત દુઃખિયું કિલન્ન રડતું,
લઈ ગોદે ભાર્યું હૃદયરસની હૂંફ મહીં ને
વદ્યા: 'શાંતિ, વ્હાલાં! રુદન નહિ બુટ્ટી દુઃખ તણી.'

અને બુટ્ટી લેવા વન ઉપવનો ખૂંદી વળિયા,
તપશ્ચર્યા કીધી, ગુરુચરણ સેવ્યાં; વ્યરથ સૌ
નિહાળી, આત્મામાં કરણ સહુ સંકેલી ઊતર્યા,
મહા યુદ્ધે જીતી વિષય, લઇ બુટ્ટી નીકળિયા.

પ્રબોધ્યા ધૈર્યે તે વિરલ સુખમંત્રો, જગતને
નિવાર્યું હિંસાથી, કુટિલ વ્યવહારે સરળતા
પ્રચારી, સૃષ્ટિના અઘઉદધિ ચૂસ્યા મુખથી ને
જગત્ આત્મૌપમ્યે ભરતી વહવી ગંગકરુણા.

પ્રભો! મંત્રો તારા પ્રગટ બનતા જે યુગયુગે,
અહિંસા કેરો આ પ્રથમ પ્રગટ્યો મંત્ર જગતે.



ઈશુ

મહા રૌદ્રે સ્વાર્થે જગત ગરક્યું'તું, બલ તણા
મદે ઘેલા લોકો નિરબલ દરિદ્રો કચડતા,
વિસારી હૈયાથી પ્રભુ, જગત સર્વસ્વ ગણતા,
પ્રતિ સ્થાને સ્થાને બસ નરકલીલા જ પ્રકટી.

અહો, તેવે ટાણે વચન વદતો માર્દવ તણાં,
દૂભેલાંને દુઃખે સુખમિલન દુઃખે જ કથતો,
દરિદ્રે ઉખાડ્યાં પ્રબળ વચને વૃક્ષ બળનાં,
અગીકૂપી લેઇ જગ પર ભગ્યો બાલ પ્રભુનો.

ડગ્યાં જુલ્મી તખ્તો, બલમદભર્યાં તાજ સરક્યા,
નમેલો એ આત્મા પ્રબળ રિપુ દુર્દમ્ય બનિયો,
ભભૂક્યો ક્રોધાગ્નિ પ્રભુવિમુખનો, ઝાળ ઝબકી,
તહીં તેં હોમાઇ જગતદુઃખનો હોમ કરિયો.

સરી ત્યાં જે શાંતિસરિત બલિદાને ઊભરતી
વહી, તેમાં સર્વે હૃદય ઠરતાં 'હાશ' નીકળી.



ગાંધી

પટે પૃથ્વી કેરે ઉદય યુગ પામ્યો બલ તણો,
ભર્યાં વિદ્યુત્, વાયુ, સ્થલ, જલ મૂઠીમાં જગજને,
શિકારો ખેલ્યા ત્યાં મદભર જનો નિર્બલ તણા,
રચ્યાં ત્યાં ઊંચેરાં જનરુધિરરંગ્યાં ભવન કૈં.

ધરા ત્રાસી, છાઇ મલિન દુઃખછાયા જગ પરે,
બન્યાં ગાંધીરૂપે પ્રગટ ધરતીનાં રુદન સૌ,
વહેની એ ધારા ખડક સ્હુના કાતિલ પથે
પ્રગલ્ભા અંતે થૈ, મુદિત સરલા વાચ પ્રગટી:


'હણો ના પાપીને, દ્વિગુણ બનશે પાપ જગનાં;
લડો પાપો સામે, અડગ દિલના ગુપ્ત બલથી,
પ્રભુ સાક્ષી ધારી હૃદયભવને, શાંત મનડે
પ્રતિદ્વેષી કેરૂં હિત ધરી લડો; પાપ મટશે.'

પ્રભો! તેં બી વાવ્યાં જગપ્રણયનાં ભૂમિઉદરે,
ફળ્યાં વૃક્ષો આજે, મરણપથ શું પાપ પળતું!

[શાર્દૂલવિક્રીડિત]

ઘેલો સાગર ક્ષીર નીર ઊછળે, શેષેય પાસું ફરે,
હા! પૃથ્વી હલકી જરા થઇ હવે આંખો નિરાંતે મળે.
ને શાંતિ ગ્રહતા પ્રભુ વિકલતા લક્ષ્મી તણી વારતા:
'જો શ્રી! કાં બસ ને હવે ત્રણ જણા બાકી ન કૈં રાખશે.'

સુન્દરમ્



जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी

માતૃભૂમિનું ગૌરવ સમજવા માટે જન્મદાતા માતાનું સ્વરૂપ ઓળખવું જોઇએ ને પૂજવું જોઇએ. એ માતાની પૂજા દુનિયાના પદાર્થોથી ન થાય. એ પૂજા માટે પૈસા અને વાહનોની જરૂર નથી. એ પૂજા તો હૃદયની ઊંચી અને ઊંડી સંવેદનાભરી લાગણીમાંથી જન્મે છે. 'મા' શબ્દનો હૃદયમાં ધ્વનિ થાય, 'મા'ની કલ્પનાથી આર્દ્રતા ને શરણનો ભાવ જાગે, 'મા'ના ચિંતનથી જીવનના વિકારી ભાવો ધુમ્મસની પેઠે ઓગળી જાય, 'મા'ને જોઈ સ્વાર્પણ અને સેવાની તત્પરતા પ્રકટે ત્યારે 'મા'ની પૂજા થાય છે. માતાની ભક્તિ મનુષ્યને મળેલો અનેરો પ્રસાદ છે. જે તેથી વંચિત હોય તે હીનભાગી પામર છે. તે ગમે ત્યારે ચારિત્ર્યભ્રષ્ટ થઇ જાય. ગમે તે સ્થિતિમાં તેનો આત્મા અધમતાના કીચડમાં ગબડી પડે.

ભારતવર્ષના સંસ્કારી ભાવનામાં 'માતા'નું સ્થાન સર્વોચ્ચ ગણાયું છે. દરેક આર્ય બાળકને '**मातृदेवो भव**'નો મંત્ર પહેલો મળે છે; પિતા અને ગુરુનાં સ્થાન પણ પછી આવે છે. આર્ય કુળોએ માતાની મહત્તા, માતાનું દેવત્વ એટલી બધી સુંદર રીતે સ્થાપ્યાં છે કે પૂર્વ કાળની હકીકતોમાં માતપિતાની સેવા કરનાર નરનારીઓ જગતમાં ચિરકાળનું સન્માનસ્થાન પામ્યાં છે.

રામની પિતૃભક્તિ રામાયણનું ઉત્તમ વચન છે; શ્રવણની ભક્તિએ તેને જગતનું માનવરત્ન બનાવ્યો; નચિકેતાની આખ્યાયિકામાં જગતને મહા વચનો મળ્યાં છે. ભક્ત પુંડલિકે માતૃભક્તિમાંથી જીવનનો સાર મેળવ્યો. ઠેઠ પુરાણકાળથી આર્ય કુળમાં માતૃભક્તિએ જગદંબા આદિ શક્તિઓની કલ્પના ઝીલી છે.

પુસ્તકમાં શું છે?

પુસ્તકોમાં શું નથી? પુસ્તકોમાં તત્ત્વજ્ઞાન છે, સાહિત્ય છે, કળાઓનું શાસ્ત્ર છે, દેવવાણી છે. પુસ્તકોમાં માનવવંશવિદ્યા અને ઇતિહાસ છે, અમરજનોનાં જીવનચરિત્રો અને અનેક રસવાળી કથાઓ છે, અજોડ સાહસો અને અપૂર્વ બલિદાનની ગાથાઓ છે, વણમ્હોરી આશાઓ અને વણફળ્યા અભિલાષો છે. પુસ્તકોમાં ચાલુ સંસારથી યે વિશાળ એવા જીવન મહાસાગરનો મહાપ્રાણ ઘૂઘવે છે.

પુસ્તક ત્રિકાળદર્શી અને ભવિષ્યજ્ઞાતા છે. કોઈ ન જોઈ શકે તે દૃષ્ટિ પુસ્તકમાં છે. કોઇ ન સમજે તે રહસ્ય તેમાં છે. કોઈ નહિ હશે ત્યારે ય પુસ્તક હશે. કોઇ નહિ બોલે ત્યારે પુસ્તક બોલશે. પુસ્તક પ્રજાના ઇતિહાસનો વહીવંચો છે ને પ્રારબ્ધનો જ્યોતિષી પણ છે.

પુસ્તકને તૈયાર કરનાર લોઢાના સંચા અને કામદારો છે; પણ ઉપર કહેલા પુસ્તકના સ્વરૂપને કોણ નહિ પૂજે, પુસ્તકને કોણ નહિ સંભાળે? (પુસ્તકાલય)



જે દેશમાં માતાનું સન્માન કરવાનું બાળકો જાણે નહિ તે દેશમાં પવિત્રતા, નીતિ ને ગૌરવનું દેવાળું જ હોવું જોઇએ.

અમેરિકા જેવો આધુનિક માનસમાં સૌથી મોખરે પહોંચેલો દેશ પણ 'માતા'ને નામે શિર ઝુકાવે છે. ગઇ ૧૮મી મેનો રવિવાર ત્યાં માતૃદિન તરીકે ઊજવાયો. તે દિવસે દરેક બાળક માતા પ્રતિ પોતાનું શુભ આચરણ બતાવે; તેણે બતાવેલાં પ્રેમ, કાળજી અને આપભોગ માટે સમર્પણ ધારણ કરે. અને તે દિવસે પોતાની માતા સમીપ ન હોય તે બીજાની માતા આગળ પોતાની માતૃભક્તિ પ્રકટ કરી એ દિનનું માહાત્મ્ય પ્રકટાવે. આ દિવસ માતાઓ માત્ર માટે કેવો ગર્વભર્યો અને પુનિત બનતો હશે? માતાનું પદ અનેક દેશનેતાઓ, શિક્ષાગુરુઓ કે રાજ્યાધિકારીઓથી પણ પર છે.

માતા પ્રતિ આદર ધરાવનાર બાળકને પોતાના ઘર પ્રતિ આદર થયા વિના રહેતો નથી. ઘરનું વાતાવરણ કે માની છાયા દરેક માણસના જીવતરમાં જબર અસર કરી શકે છે. શાળા અને કૉલેજો કે પુસ્તકાલયો કરતાં યે ઘરની હવામાં માણસને સાચા સંસ્કાર મળી શકે છે. કોઇ પણ માતા પોતાના ઘરમાં અનીતિ કે બદી અથવા ખરાબ વર્તન નિભાવી શકે નહિ. ગમે તેવી નિરક્ષર માતા પણ પોતાના ઘરમાં સ્વચ્છતા અને પવિત્રતા વાસો કરે તે માટે કાળજી ધરાવતી હોય છે. અનેક વર્ષોનો તેનો અનુભવ તેનાં બાળકોનાં ચારિત્ર્યમાં માર્ગદર્શક બને છે. તેની સેવા અને આત્મસમર્પણ, બાળકો ભવિષ્યમાં તેવાં બનવાના જીવતા પાઠ રૂપ હોય છે. કાચી વયનાં બાળબાળકીઓનાં વર્તન અને વિચાર પવિત્ર રાખવા માટે માતા જેટલી કાળજી કોઇને ન હોય.

જેમને માતાની હૂંફ અને કાળજી મળવા પામી ન હોય, જેમને ઘર તરફના સંસ્કાર અને દરકાર પહોંચ્યાં ન હોય અથવા નાનપણમાં કુસંસ્કાર લાગ્યા હોય તેવા ઘણાનાં જીવન ગુનાઓથી ભરપૂર બને છે ઘર હોવા છતાં ઘરની છાયાથી દૂર ભાગતાં ઘણાં બાળકો બારથી વીસ વર્ષની અંદર ખરાબ ચારિત્ર્યવાળાં, મેલાં, ઢોંગી અને છૂપાં વ્યસનો

વાળાં થઇ જાય છે. માતા કે ઘરનાં વડીલોની અસર નકારનાર પોતાના જ પગ ઉપર કુહાડો મારે છે. પોતાનું ભાવિ પોતાને જ હાથે મેલું કરે છે.

ઘણા યે જણ પોતાના ઘરને માત્ર ખાવા પીવા કે સુવાનું ઠેકાણું માત્ર ગણે છે. બાકીનો બધો વખત ગમે ત્યાં રખડે છે, ગમે તેવી સોબતમાં મન મેલું કરે છે. ઘર વિષે તમારા મનમાં કેવી ભાવના છે તે કહો તો તમારું ચારિત્ર્ય કેવું છે તે સહજ જાણી શકાય. કેટલા યે એવા વિદ્યાર્થીઓ હોય છે જે બહારની સભાઓમાં, મંડળીઓમાં, કલબોમાં જબરા ને બાહોશ થઇ ફરતા હોય ને ઘેર તેમની માતા ઘરનું વૈતરું કરતી મરતી હોય. થોડો વખત તેની મદદમાં–ઘરની ગોઠવણમાં, પોતાની જ સગવડ પોતે કરી લેવામાં કે કોઇ રીતે તેનો થાક ઓછો કરવામાં જીવનને કેટલો સંતોષ અને ઉચ્ચ ઊર્મિઓ પ્રાપ્ત થાય છે તેનો અનુભવ કદી યે જેમણે કર્યો હશે તેઓ તેની ધન્યતા સમજ્યા હશે.

સુખ ને આનંદ મેળવવા માટે બહાર રખડતા મિત્રો! ઘેર જઇ તમારી સેવાથી તમારા ઘરનાં માણસોને રાહત આપો. તમારી મહેનતથી ઘરમાં ઉજાસ આવશે. સૌ પ્રસન્ન ને ઉત્સાહી બનશે. તમારાથી બને તે જવાબદારી ઉઠાવી લઇ અને કામ કે સગવડ કરી આપી માતા તથા ભાંડુઓને હરખાવો. તેમની મોજ કે આનંદ માટે કંઇ ને કંઇ કરવા સદા તત્પર રહો. ઘરમાં નિરાશા અને નિરુત્સાહ હોય તો તે તમારા સ્વાર્પણ વડે ઉડાવી દઇ ઘરમાં એકતા અને એકદિલીની મધુર હવા ફેલાવો. માતાનું દિલ હરખાશે અને તમારા પર ઇશ્વરી આશીર્વાદ ઊતરશે. ત્યાંથી જ તમને જગતમાં પરોપકાર કરવાની અને યોગ્ય સેવા કરવાની લાયકાત પ્રાપ્ત થશે.

માતૃદેવો ભવ ।

હતાશ થયા છો ?

યુવાનીમાં (૧૮૩૨માં) અબ્રાહામ લિંકને ઇલીનૉઇ પરગણાની ધારાસભામાં બેસવાનો પ્રયત્ન કર્યો પણ તદ્દન નિષ્ફળ નીવડયો. પછી તેણે વેપારમાં ઝંપલાવ્યું. ત્યાં પણ તેને નિષ્ફળતા જ મળી, અને ૧૭ વરસ તેણે પોતાના કોડીની કિંમત વિનાના ભાગીદારનું દેવું પતાવવામાં ગાળ્યાં. તે એક યુવતીના પ્રેમમાં પડયો; તેની સાથે લગ્ન કરવાનું ઠર્યું ને સ્ત્રી મરણ પામી. વળી પાછું રાજકીય વિષયમાં માથું માર્યું અને ૧૮૩૮માં સ્પીકર તરીકે કૉંગ્રેસમાં આવવાનો પ્રયત્ન કર્યો, પણ ફરી સખત હાર ખાધી. પછી તેણે ૧૮૪૦માં સરકારી નોકરી લેવાનું મન કર્યું, પણ ત્યાં તેની સામે નિષ્ફળતા જ ઊભી હતી. તે પછી ૧૮૫૫માં યુનાઇટેડ સ્ટેટ્સની સેનેટના મેમ્બર તરીકે ઉમેદવારી કરી, પણ સફળ થઈ શકયો નહિ. વળી પાછી ૧૮૫૬માં વાઈસ પ્રેસિડેન્ટ માટે ઉમેદવારી કરી. આ વખતે પણ તેની અનેક નિષ્ફળતાઓમાં એકનો વધારો થયો. ૧૮૫૮માં પણ તે ફરી સીનેટર તરીકેની ચૂંટણીમાં નિષ્ફળ ગયો. આમ એક નિષ્ફળતાની પાછળ બીજી ડોકિયું કરીને ઊભી જ હતી. છતાં—છતાં એ બધી નિષ્ફળતાઓને ઘોળીઘોળીને પી જઇને તે ફરી ફરીને મથતો જ રહ્યો અને અંતે આખા અમેરિકાનો મોટામાં મોટો માણસ થઇ ગયો તથા પ્રેસિડેન્ટ બનવા પામ્યો. આજે પણ અમેરિકનો તેને ભાવપૂર્વક સંભારે છે અને આખું જગત તેને ચાહે છે. નિષ્ફળતાઓને લીધે નાહિંમત થાઓ ત્યારે એનું સ્મરણ કરીને એમ જ માનજો કે તમે પણ કસોટીના સમયમાંથી પસાર થાઓ છો.

જીવનના ડુંગર

સાત ડુંગર છે. સાતે ડુંગરા ઊંચા છે. ઉપર ભવ્ય શિખરો છે. શિખરો પર મંદિરો છે. મંદિરો પર ધજાઓ ફરકે છે.

આ ડુંગરા પર ચડવા માટે કેટલા યે યુવાનો ઊભેલા છે. એક યુવાન એક ડુંગર પર ચડયો. 'ના, ના; આના ઉપર નહિ; પેલો ઠીક છે.' જરાક ચડી ત્યાંથી ઊતર્યો. 'ના, ના. પેલો સુંદર છે; ત્યાં ચડું.' ત્રીજા પર ચડવા લાગ્યો. જરા ચડી વળી ત્યાંથી પણ પાછો ઊતર્યો. 'ના, ના; પેલા પર મજાનું છે.'

અને બીજો યુવાન હતો. એક ડુંગર ધ્યાનમાં લીધો. ચડવા લાગ્યો. આજુબાજુ જોયા વિના ચડવા જ લાગ્યો. થોડી વારમાં ચડી ગયો. પેલો યુવાન તો હજી નીચે જ હતો. ડુંગરાઓ બદલતો હતો.

ઘણા યુવાનો આમ જીવનના ડુંગર પર ચડવા માટે પહેલા યુવાનની પેઠે મહેનત કરે છે અને અનિશ્ચયાત્મક હોવાથી પાછળ રહે છે. (ગિજુભાઇ)

આવતે મહિને . . . અને પછી

'કુમાર'ના ચિરપરિચિત શ્રી સુરેશ દીક્ષિતની એવી જ નવી લેખમાળા "ગુજરાત : સંસ્કાર અને સંસ્કૃતિમાં" આવતા માસથી શરૂ થશે. એમાં એમણે ટુંકાણમાં પરંતુ એક પણ ઉપયોગી મુદ્દો જવા દીધા વિના, છેક ચાર હજાર વર્ષ પૂર્વેથી માંડીને આજ સુધી, ગુજરાતનાં સંસ્કાર ને સંસ્કૃતિનું ઘડતર કેવી રીતે થતું આવ્યું તેનું સૂત્રાંકિત રેખાદર્શન આલેખ્યું છે. સમયનાં બળોએ ઘડેલા ગુજરાતના ઐતિહાસિક, ભૌગોલિક ને સાંસ્કારિક સ્વરૂપની એ ઘડતરકથા (ઉપયોગી ને માર્ગદર્શક ચિત્રો તથા નકશા વગેરે સાથે) 'કુમાર'નું એક મોંઘું અંગ બનશે.

બ્રિટિશ સલ્તનતનો વડો પ્રધાન રૅમ્સે મૅકડોનલ્ડ આજ તેના અધિકારી સ્વરૂપમાં ભલે જુદો લાગે; પણ તેનું પૂર્વજીવન જગતના કોઇ પણ મહત્ત્વાકાંક્ષી કુમારનો જીવન-આદર્શ બને તેવું પ્રેરણાદાયી છે. આફતો, હાડમારીઓ, કંગાલિયત,–કુદરત ઊભાં કરી શકે તે એકેએક વિઘ્નની સામે જાતઝહેમતથી લડીને તેણે કરેલો માર્ગ પુરુષાર્થના વિજયની જ્વલંત ગાથા છે. 'કુમાર'માં એ આવશે.

આવતો અંક

બીજા અષાડની અધવચ્ચે બહાર પડશે. અધિક માસનો અંક નહિ નીકળે.

આ અંકનું મુખચિત્ર શ્રી કનુ દેસાઇના ચિત્રસંગ્રહમાંથી તથા એમના સૌજન્યથી પ્રગટ કર્યું છે.

સેવાયજ્ઞનો હુતાત્મા પંડિત ગણેશશંકર



એક નાના સરખા ઘરમાં એક સાધારણ મહેતાજીને ત્યાં મામૂલી હાલતમાં એ-મણે જન્મ લીધો; કેવળ આપબળથી ઉર્દુ, હિંદી અને અંગ્રેજીનું જ્ઞાન સંપાદન કરી પોતાના બાવડાંના બળ વડે 'પ્રતાપ' પત્ર જેવી મહાન લોકહિતૈષી સંસ્થા ઊભી કરી; હિંદી સાહિત્ય અને જ-નતાની અગ તોડીને એમણે સેવા કરી; રાજનૈતિક પ્રગતિની કૂચમાં એમણે કાનપુરને સંયુક્ત પ્રાંતોનું એક મજબૂત કેન્દ્ર બનાવી દીધું; અને અંતે, હિંદુ-મુસ્લીમ એકતાના ભીષણ સેવાકાર્યમાં ઝંપલાવી, શહીદના મૃત્યુને વરી પોતાની જાતને અમર બનાવી દીધી. એક અ-દના પંતુજીનો એ છોકરો વીસ વર્ષના પુરુષાર્થી જીવનમાં એક પ્રાંતનો નેતા અને હજારોના હૃદયની જ્યોતિ બનીને મર્યો. આવું મોત મરવાની પ્રેરણા પ્રભુ અમ સૌને દેજો. (હરિભાઉ ઉપાધ્યાય)

શ્રદ્ધેય ગણેશશંકરજી વિદ્યાર્થીનું નામ આજ ભારતના એકેએક બાળકની જીભે રમે છે. એમનું તપ કોઇ પણ તપસ્વીથી ઊતરતું નથી, એમની વીરતા કોઇ મહાવીરની વીરતાને મુકાબલે કમ નથી, તેમ નથી તેમનું સાહસ ભલા સાહસવીરના સાહસથી ન્યૂન. એમનું બલિદાન આદર્શ છે; અને સર્વોચ્ચ છે.

ઇ.સ. ૧૮૯૦માં અલ્લાહાબાદમાં એમનો જન્મ થયો. એ પાંચ વર્ષના હતા તે સમયે એમના પિતા મુનશી જયનારાયણજીને પ્રયાગ છોડીને ગ્વાલિયર નોકરી માટે જવું પડ્યું, એટલે એમનું તે પછીનું બાળપણ પૂરૂં થઇને વિદ્યાર્થી અવસ્થાનો આરંભ ત્યાં-ગ્વાલિયરમાં-થયો. સૌથી પહેલું શિક્ષણ એમને ઉર્દુનું મળેલું. ઇ.સ. ૧૯૦૫માં સેકંડ ફૉર્મમાં હિંદી ભાષા લઇને એમણે મિડલની પરીક્ષા પસાર કરી. એમની ઉર્દુ ભાષા બહુ જ લાલિત્યવાળી અને નવીન શૈલીની હતી, એટલે હજારો ઉર્દુ જાણનારાઓ પર તે બહુ જ સચોટ અસર કરી શકતા. ૧૯૦૭માં ખાનગી અ-ભ્યાસથી પરીક્ષા આપીને તેમણે મૅટ્રિક્યુલેશન પસાર કરી અને અલ્લાહાબાદની કાયસ્થ પાઠશાલા (કૉલેજ) માં આગળ અભ્યાસ શરૂ કર્યો. પરંતુ એક વર્ષ પણ પૂરૂં કૉલેજનું શિક્ષણ એમણે નહિ લીધું હોય ત્યાં એમની તબિયત તદ્દન લથડવાને કારણે એમને અ-ભ્યાસ છોડી દેવો પડ્યો. પણ અધ્યયન એમણે છોડ્યું નહિ. તે દિવસથી પોતાની મેળે એમણે સ્વાધ્યાય માંડ્યો અને છેક મૃત્યુની પહેલાં એક માસ સુધી, અનેક પ્રવૃત્તિઓ અને કાર્યના ગંજ વચ્ચે, એક યા બીજી રીતે, કોઇ ને કોઇ બાબતમાં તેમનો એ અભ્યાસ ચાલ્યા જ કર્યો.

કૉલેજનું શિક્ષણ છોડ્યા પછી એમણે પ્રયાગના સુપ્રસિદ્ધ નેતા અને હિંદી લેખક પંડિત સુંદરલાલજી તથા બીજા કાર્યકર્તાઓના પરિચયમાં આવીને લેખન-કાર્ય શરૂ કર્યું અને જુદાંજુદાં સમાચારપત્રોમાં નાની-નાની નોંધો લખવા માંડી. ૧૯૦૮માં એમણે કાન-પુરની સરકારી કરન્સી ઑફિસમાં કારકુનની નોકરી લીધી. ત્યાં કચેરીનું કામ પૂરૂં થયા બાદ તે હમેશાં રાજકીય ચર્ચાઓ કર્યા જ કરતા. એક વાર ઑફિસ-

ગયા માર્ચ માસની કાનપુરની હિંદુ-મુસ્લીમ ખુનામરકી વખતે એ બંને કોમના સેવાયજ્ઞની વેદી પર અપૂર્વ પ્રેમ, શ્રદ્ધા અને દૃઢતાથી આત્મસમર્પણ કરનાર પંડિત ગણેશશંકરજી વિદ્યાર્થીનું નામ, ભારતની વીરકથાઓમાં આદર્શ બલિદાનનો મહિમા ગાતું ચિરકાળને માટે ઝળહળી રહેશે. શૌર્ય, વીરતા, શહાદત, બલિદાન—એ શબ્દોની ખરી વ્યાખ્યા એમણે પોતાના આત્મસમર્પણથી પ્રત્યક્ષ કરી બતાવી. શબ્દકોષ-માંના એ નિર્જીવ શબ્દોને, જાણે એમણે પોતાના આચરણથી સત્ત્વશાળી તેજસ્વિતા અર્પીને ભાવી પ્રજા આગળ તેનો સાચો અર્થ કરી બતાવ્યો.

ધંધે એ પત્રકાર હતા; પણ ખરા તો સેવક હતા. 'એ એકલા અખબારનવીસ નહોતા; એ એક પ્રેરક શક્તિ હતા; મહાન કર્મવીર હતા. એકલા યુક્ત પ્રાંતના જ નહિ, પણ ઉત્તર અને મધ્ય હિંદનાં બીજાં અનેક સ્થળોના નવયુવકો, આશાભર્યા વિદ્યાર્થીઓ, લેખકો, કવિઓ, દેશસેવકો—સૌને એમણે વર્ષોથી અનુ-પ્રાણિત અને ઉત્સાહિત કર્યા છે. સંયુક્ત પ્રાંતોમાં તો ગણેશજી એક અખૂટ શક્તિ અને સજીવ સંસ્થા જેવા હતા. ગણેશશંકરજી એક કેન્દ્ર રૂપ હતા જ્યાંથી અનેક કાર્યોનાં જન્મ અને સંચાર થયા કરતાં. એ સહસ્ર-બાહુ હતા. ખેડુતો પર ગોળીબાર થયો, ગણેશજી દોડયા જ છે; મજૂરોની હડતાલ પડી કે ગણેશજી ત્યાં પહોંચ્યા જ હોય; કોઇ દેશી રાજ્યમાં આંદોલન ચાલ્યું કે ગણેશજી અને એમનું 'પ્રતાપ' પત્ર એની સહાયતાને માટે ખડે પગે તૈયાર. અને કેવળ કલમ ચલાવીને જ એ નહોતા બેસી રહેતા; જે કામ હાથમાં લેતા તેને પાર પાડવાને માટે જાન પણ હોડમાં મૂકવાને તે તૈયાર રહેતા.

'વીરતા એમની રગેરગમાં વહી રહી હતી. સત્ય ને ન્યાયને ખાતર નીડરતાથી ઝૂઝવામાં એમણે જિંદગી ગાળી. ધમકી, હુમલા, આક્રમણ—કશાની સામે એમણે લેશમાત્ર મચક આપી નથી કે સર ઝુકાવ્યું નથી. માનહાનિના કેટલા યે મુકદ્દમા એમણે વીરતાથી ખેડયા; કેટલી યે વારની જેલજાત્રાઓનાં સંકટ શૌર્યથી ખમ્યાં; અને એમના જીવનનો અંત પણ એક અદ્ભુત બલિદાન રૂપે એમની વીરતાનું અમર સ્મારક રાખનારો બન્યો.'

ના મિત્રોએ આ પરથી એમને ચેતવ્યા. એ ચેત-વણીનો એમણે કટાક્ષપૂર્વક હસીને ઉત્તર આપ્યો કે 'નોકરીની મને કંઈ એટલી પરવા નથી પડી. રોજના પેટપૂરતા ચાર આના તો હું ગમે ત્યાંથી કૂટી કાઢીશ.' ભાગ્યવશાત્ આ પછી થોડા જ વખતમાં એમને સુપરિન્ટેન્ડેન્ટની સાથે કાંઇક કારણસર ચકમક ઝરી અને થોડી બોલાચાલી થઇ ગઈ. તરત એમણે રાજી-નામું રજુ કરી દીધું. આ સમયે એમની લેખન-પ્રવૃત્તિ ખૂબ ખીલી ગઈ હતી અને એમનો અભ્યાસ પણ સારો થઇ ગએલો.

આ પછી ૧૯૧૦માં એ કાનપુરની પૃથ્વીનાથ સ્કુલ (હવે હાઇસ્કુલ)માં શિક્ષક થયા. આ અધ્યાપન-કાર્યની સાથોસાથ 'અભ્યુદય' અને 'હિતવાર્તા' પત્રો-માં એમણે નોંધ વિભાગ લખવાનું શરૂ કરી દીધું. આ પહેલાં એમના કેટલાક ચીમકીદાર લેખો 'ગજેન્દ્ર'-ના ઉપનામથી પ્રકટ થયા હતા. વિખ્યાત હિંદી માસિક 'સરસ્વતી'માં સ્પાર્ટાના પુરાતન વિધાયક લાઇકરગસ ઉપરનો એમનો લેખ તો અત્યંત પ્રશંસા પામેલો. દિલ્હી દરબારના અવસર ઉપર શિષ્ટાચારના

વિદ્યાર્થી

નિયમોનો ભંગ કરવા માટે એક દેશી નરેશ પર સરકારની જે વક્રદૃષ્ટિ થએલી તે વિદ્યાર્થીજીને ગેર-વ્યાજબી લાગેલી અને એમણે બહુ જ સખત શબ્દો-માં તેની ખબર લીધેલી. પત્રકારિત્વ દ્વારા ન્યાયની લડત ચલાવવાનો આ એમનો પહેલો તેજસ્વી દાખલો છે.

૧૯૧૧માં એ 'સરસ્વતી' માસિકના તંત્રી આ-ચાર્ય મહાવીરપ્રસાદ દ્વિવેદીજીના હાથ નીચે ઉપતંત્રી તરીકે જોડાયા. જેટલું એમને શીખવું હતું તે બધું, આ સ્થળે પંડિત દ્વિવેદીજીના સ્નેહસિક્ત સહવાસમાં એમણે શીખી લીધું. દ્વિવેદીજીના એ સંપૂર્ણ પ્રેમનું પાત્ર બન્યા, અને તેમના પુત્ર જેવા થઇને જ ત્યાં રહેલા. પરંતુ એક વર્ષથી વધુ તે ત્યાં રહી ન શકયા અને પંડિત માલવીયજીના આગ્રહ તથા રાજકારણ પ્રત્યેના તેમના પ્રેમને લીધે એમણે તેમને 'અભ્યુદય' પત્રના તંત્રી બનાવ્યા.

પરંતુ અહીં પણ અસ્વસ્થતાને કારણે એ ઝાઝું ટકી ન શકયા. કાનપુર પર એમને અધિક પ્રેમ હતો; અને એ જ શહેરની સેવા (જે પાછળથી પોતાની આહુતિ વડે એમણે મહોજ્જવલ કરી) એમને ભાવતી હતી. એટલે ૧૯૧૩ની દેવોત્થાની એકાદશીને દિવસે એમણે ત્યાંથી 'પ્રતાપ'ને જન્મ આપ્યો. 'પ્રતાપ'ના પહેલા અંકને માટે પ્રતાપની ઑફિસના નામથી

ઓળખાતી એક અંધારી કોટડીમાં બેસીને જે લેખ એમણે લખ્યો તે આજના આ નવયુગમાં પણ હજી ઘણો પ્રેરણાપૂર્ણ લાગે, ત્યારે એ સમયનું તો શું પૂછવું? મહા અંધકારપૂર્ણ એ સમય હતો; એમાં 'પ્રતાપ'ની જ્વલંત જ્યોત પ્રકાશી અને એટલી ઉજ્જ્વલપણે એ ઝળહળી ઊઠી કે ખૂણેખૂણેથી એણે અંધકારને વિદારી નાખ્યો તથા લોકોમાં ચેતના અને તેજસ્વિતાનો સંચાર કર્યો. સૌકોઇ કાગને ડોળે 'પ્રતાપ' વાંચવાને તલસતું. મહારાષ્ટ્રમાં જાગૃતિના પ્રભાતકાળે મહારાષ્ટ્રીય જનતા લોકમાન્યના 'કેસરી' ઉપર જેટલી મોહિત અને ગર્વિત હતી એટલો જ પ્રત્યેક હિંદી વાંચી જાણનાર—શું એ પ્રાંતનો કે શું પર પ્રાંતનો —'પ્રતાપ'ને માટે મોહિત અને ગર્વિત હતો.

આમ ઉત્તરોત્તર 'પ્રતાપ' લોકપ્રિય થતું ગયું તેમ બીજી તરફથી તેના પર વિપત્તિઓનાં વાદળ પણ ઝૂઝવાં શરૂ થયાં. કંઇ અનેકવાર 'પ્રતાપ'ની ઑફિસની જડતીઓ લેવાઇ. સરકારનું ધ્યાન 'પ્રતાપ' તરફ માત્ર દોરાયું જ નહિ, પણ આંખના કણાની પેઠે તે તેને ખૂંચવા લાગ્યું. પણ વિદ્યાર્થીજી તો અડગ વીર હતા. ગમે તેવા કપરા સમયમાં પણ તેમણે જરા પણ મચક આપી નહિ.

ઉપર કહ્યું છે કે ન્યાયને ખાતર એમણે એક દેશી નરેશનો પક્ષ લીધો હતો. એ જ રીતે હવે એ ન્યાયને જ કારણે એમને અનેક દેશી નરેશોની આકરામાં આકરી ખબર લેવા માંડી. આ પરથી એક દેશી રાજાએ તો એમને પોતાને ત્યાં ખાસ આમંત્રણથી બોલાવ્યા અને એમનો ખૂબ આદરસત્કાર કરીને એમને શાલદુશાલા ભેટ કર્યાં કે જેથી ભવિષ્યમાં તે પોતાના રાજ્યની ટીકાઓ 'પ્રતાપ'માં ન કરે. પણ વિદ્યાર્થીજીએ તો ત્યાં ને ત્યાં એમને સાફસાફ શબ્દોમાં સુણાવી દીધું કે 'પ્રતાપ'માં આવતી એકેએક હકીકત સાચી છે અને સત્ય પર તો હું હરગીઝ ઢાંકપિછોડો કરવાનો નથી. મહારાજા સાહેબને આ અપમાનથી બહુ માઠું લાગ્યું!

બીજી બાજુ સરકારે 'પ્રતાપ' પાસેથી જામીનગીરી પર જામીનગીરી માગવી શરૂ કરી. છતાં 'પ્રતાપ'-ની કલમનો તેજાબ તો એટલો ને એટલો જલદ રહ્યો; બલ્કે દિન પર દિન એની તેજસ્વિતા વધતી જ ગઇ. સરકારને અને જનતાને સૌને એણે સાફ ખાતરી કરી આપી કે પોતે સત્ય, ન્યાય અને અહિંસાનું ઉપાસક છે, અને ગરીબોની શક્તિ, સંપત્તિ તથા તેમનો એકમાત્ર આશ્રય છે.

'શરૂઆતના દિવસોમાં 'પ્રતાપ'ના સંપાદન કાર્યથી માંડીને ગ્રાહકોનાં સરનામાં લખવા સુધીનું કામ તેઓ જાતે જ કરતા. કોઇકોઈ વાર તો પોતે ટિકિટો ચોડીને ટપાલમાં નાખવા પણ જતા. ઇ.સ. ૧૯૨૦માં 'પ્રતાપ'ની દૈનિક આવૃત્તિ નીકળી અને 'પ્રતાપ'નું ટ્રસ્ટીમંડળ નક્કી થયું. ટ્રસ્ટીઓમાં તેમના ઉપરાંત કવિવર બાબુ મૈથિલીશરણ ગુપ્ત, પંડિત શિવનારાયણ મિશ્ર વૈદ્ય, ડૉક્ટર જવાહરલાલ અને શ્રીયુત ફૂલચંદજી રઇસ હતા. દૈનિક 'પ્રતાપ' પણ ઘણું સરસ ચાલ્યું. એ પત્રની ચડતી કળાના એ જમાનામાં અઠવાડિક 'પ્રતાપ'ની પંદર હજાર અને દૈનિકની પાંચ હજાર નકલો છપાતી. આ કાળ દરમ્યાન એમણે 'પ્રભા' નામનું માસિક પણ પોતાના તંત્રીપદ નીચે કાઢ્યું, જે પણ બહુ સારું ચાલ્યું.

'૧૯૨૧માં રાયબરેલી જિલ્લાના મુન્શીગંજ ગામમાં ગોળી ચાલી. ત્યાંના જમીનદાર સરદાર વીરપાલસિંહે જાતે પ્રજા પર ગોળી ચલાવી. આ હકીકત 'પ્રતાપે' પ્રકટ કરી. પ્રયાગના 'ઇન્ડિપેન્ડેન્ટ' પત્રે પણ ઘણુંકરીને એ ખબર છાપી હતી. સરદાર વીરપાલસિંહે બંને ઉપર નોટિસો આપી. 'ઇન્ડિપેન્ડેન્ટે' તો માફી માગી લીધી, પણ 'પ્રતાપ' અણનમ રહ્યું. વીરતાપૂર્વક એણે જવાબ દીધો કે સાચી વાતોને પ્રસિદ્ધિમાં લાવવી, સત્યને પ્રકટ કરવું એ અખબારોનું કર્તવ્ય છે. પત્રકારિત્વનો એ ધર્મ છે. આપ ચાહો તે પગલાં લઇ શકો છો. અમે માફી માગવાના નથી, બલ્કે દિલગીરી સરખી પ્રદર્શિત કરવાને તૈયાર નથી. પાંચસોની નુકસાનીનો મુકદ્દમો ચાલ્યો. પંડિત ગણેશશંકરજીની ખરી કર્મવીરતા એ સમયે પ્રકટ થઈ. એક બાજુથી એ 'પ્રતાપ' ચલાવતા, બીજી તરફથી મુકદ્દમો લડતા અને ત્રીજી મેર એ સમયે પૂર જોશથી ચાલતા અસહકારના આંદોલનમાં કાનપુરને ઝુકાવીને તેનું નાવ સંભાળતા. મુકદ્દમામાં પંડિત મોતીલાલ નેહરૂ, પંડિત માલવીયજી, પંડિત જવાહરલાલ જેવાએ સાક્ષીઓ આપી. પણ અંતે ગણેશશંકરજીને ત્રણ

મહિનાની સાદી જેલ મળી. આ મુકદ્દમામાં એમને ૩૦થી ૪૦ હજાર રૂપિયાનું પાણી કરવું પડ્યું. દૈનિક 'પ્રતાપ' બંધ થઈ ગયું, પણ એમણે ધર્મટેક ન છોડી તે ન જ છોડી. હસતે મોઢે જેલ વધાવી લીધી.'*

એક વાર થોડા મિત્રોએ એમને હિતવચન કહ્યાં કે 'પ્રતાપ' તો દેશની સંપત્તિ કહેવાય. તમે એને આમ સાહસપૂર્વક વારેવારે જોખમમાં મૂકયા ન કરો. જરા લખાણ મોળાં કરો.' પંડિત વિદ્યાર્થીજીએ એનો તરત ઉત્તર આપી દીધો કે 'ભલે, એ મારી સંપત્તિ નથી, તો આપ સૌને તે આજ ને આજ સોંપી દેવાને હું તૈયાર છું. પરંતુ જ્યાં સુધી તંત્રીપદે હું છું ત્યાં સુધી લખાણની રીત તો રજમાત્ર પણ બદલાવાની નથી.' અને આ કથનની પુષ્ટિ આજ 'પ્રતાપ'નું એકેએક પાનું પોકારી રહ્યું છે. એ પોતે ભારે વીર હતા અને એમની કાર્યનીતિ પણ સદા વીરતાભરી—નીડર જ—રહી છે. ચાહે મોટો ચમરબંધી હોય, પણ પોતાના સ્વત્વનો દુરૂપયોગ એણે કર્યો કે આડે હાથે એને લીધો જ છે! હકને માટે તો એક પૈસાની ચીજને ખાતર પણ એ લડતા. ઇ.સ. ૧૯૧૭નો એક પ્રસંગ આ બાબતમાં વર્ણવવા જેવો છે. કાનપુરથી જે યાત્રીઓ બિઠૂરના મેળામાં જતા તેમને રેલવે કંપની ભારખાનાના ડબ્બામાં બેસાડીને મોકલતી હતી. ગણેશજીએ આ અન્યાયની સામે સર ઉઠાવ્યું. કેટલાક મિત્રો સાથે તેઓ રેલના પાટા પર આડા સૂઇ ગયા. ગાડીમાં યાત્રાળુઓ સૌ બેઠા હતા, ગાડી ઊપડવાને તૈયાર હતી અને પ્લેટફૉર્મ પર ઊભીઊભી ધુમાડા ભકભકાવતી હતી. પણ સત્યાગ્રહીઓ અચલ હતા. અંતે તેમનો વિજય થયો અને એ પ્રથા ત્યારથી તદ્દન બંધ થઇ ગઇ.

વિદ્યાર્થીજીનો ત્યાગ આશ્ચર્યજનક હતો. હિંદી સંસારમાં 'પ્રતાપ' સંપૂર્ણપણે જામી ગયું, સર્વત્ર તે ઉચ્ચ કોટિના રાષ્ટ્રીય પત્ર તરીકે પ્રતિષ્ઠા પામ્યું અને તેની હજારો નકલો ખપવા લાગી, તોપણ વિદ્યાર્થીજી તો પોતાનું વેતન કેવળ માસિક રૂ. ત્રીસ જ લેતા રહેલા. આ હકીકત જાણનારા એમના બેચાર મિત્રોએ એમને અનેકવાર સમજાવ્યા કે આ તો તમે તમારી જાત તથા તમારા કુટુંબપરિવારને અન્યાય કરો છો. અંતે બહુ જ પ્રયત્નપૂર્વક એ મિત્રો એમને થોડુંક વધારે વેતન લેવા સમજાવી શકયા, તોપણ ખરૂં ઉચિત વેતન તો એમણે કદી લીધું જ નહિ.

વિદ્યાર્થીઓ પ્રત્યે તો ગણેશજીનો અત્યંત ભાવ હતો, પ્રેમ હતો. અનેક વાર તેઓ કહ્યા કરતા કે 'કોઇ પણ છોકરો ભલેને ગમે તેવો ધૂર્ત હોય—ઢોંગી હોય, તેને સુધારીને ઉપયોગી બનાવી શકાય છે. નાનપણમાં છોકરા શેતાન હોય એ કાંઇ અસાધ્ય રોગ નથી.' અને આ સિદ્ધાંતનું પોતાનું શ્રદ્ધા વચન એમણે પ્રયોગો દ્વારા પ્રત્યક્ષ સિદ્ધ કરી બતાવ્યું છે. કંઈ કૂડીબંધ છોકરાઓને એમણે સુધારીને પોતાના સહાયક બનાવ્યા છે. એમની છત્ર–છાયા નીચે અસંખ્ય વિદ્યાર્થીઓએ આશ્રય લીધો છે, અને આજે એ સૌ પોતપોતાના વિષયના નિષ્ણાત વિદ્વાનો બન્યા છે. એમના એક વિદ્યાર્થી આજ કાશીના હિંદુ વિશ્વવિદ્યાલયમાં પ્રોફેસર છે; કેટલા યે બી.એ., એમ.એ., પીએચ.ડી., તથા ડી.એસસી. વગેરે થયા છે. એક વિદ્યાર્થીને તો ઠેઠ ઇગ્લંડ સુધી એ સહાય મોકલતા રહ્યા હતા. આ જ રીતે એક માલવીય વિદ્યાર્થીએ એમની સહાય માગી. એમને એ યુવાન આશાસ્પદ લાગ્યો એટલે પોતાને ત્યાં એને પ્રેમપૂર્વક સ્થાન આપ્યું, એની આજીવિકાનો પ્રબંધ કરાવી આપ્યો અને બી.એ. સુધી અભ્યાસ પણ કરાવ્યો. એનું નામ પંડિત બાલકૃષ્ણ શર્મા, જે આજ યોગ્યતાપૂર્વક 'પ્રતાપ'નું તંત્રીપદ ચલાવી રહ્યા છે.

ઈ.સ. ૧૯૨૧માં અસહકારની હાકલ પડી ત્યાં સુધીમાં તો પ્રાંતના અસંખ્ય નવયુવકો પર ગણેશજીના પ્રબલ વ્યક્તિત્વની સજ્જડ છાપ પડી ચૂકી હતી. તે દિવસથી માંડીને તે આજની ઘડી સુધી વિદ્યાર્થીજીએ જેલની કાળી કોટડીઓમાં વર્ષો ગુજાર્યાં છે. રાજકીય ક્ષેત્રમાં એમનાં પદ અને પ્રભાવ જે રીતે ઉત્તરોત્તર વધતાં ગયાં છે તે કોઇથી અજાણ્યું નથી. જે વેળા તેમના પર લાગલાગટ મુકદ્દમા ચાલ્યા જ કરતા હતા એ સમયે એમની શાંતિ અને સૌમ્યતા અજબ હતાં. ૧૯૨૩માં ફતેહપુરના મજિસ્ટ્રેટે સમ્રાટ સામે યુદ્ધ માંડવાના અપરાધ માટે એમને લાંબી મુદતની સખત સજા ફટકારી. ફેંસલો સાંભળતાં વેંત મિત્રોનાં કાળજાં કંપી ઊઠયાં, પરંતુ એ તો શાંતિથી

* 'ગંગા' નામના હિંદી પત્રમાંથી

હસતાહસતા પોલિસની સાથે ચાલી નીકળ્યા. કોઇ મિત્રોએ એમને બેચાર નારંગીઓ આપવા માંડી, પણ પોલિસે એમ ન કરવા દીધું. પેલા મિત્રો આથી નારાજ થયા તેમને કહે, 'ભાઇ એમાં નારાજ શા માટે થાઓ છો. આ પોલિસનો કાંઈ ઓછો જ એમાં દોષ છે?'

એ વખતે એમની તબિયત બહુ જ ખરાબ રહેતી હતી અને ગરમી સખત પડતી હતી. એક દિવસ મિત્રોને અચાનક ખબર મળ્યા કે એમને ફતેહપુરથી નૈની (અલ્લાહાબાદ)ની જેલમાં ખસેડવામાં આવ્યા છે. મહા મુશ્કેલીએ જેલ સુપરિન્ટેન્ડેન્ટે એમને મળવાની રજા આપી. જેલની એક ઓરડીની બારી આગળ, જેલનાં મોટાંમોટાં કપડાં પહેરી એ ઊભા હતા. એમનું સ્વાસ્થ્ય ચિંતાજનક થઇ ગયું હતું, શરીર નંખાઇ ગયું હતું. પણ મોં પર નહોતો શોક, નહોતી ચિંતા કે નહોતી કશી દાદફરિયાદની રેખા. એ જ એમનું સ્વભાવસિદ્ધ મૃદુ હાસ્ય મોં પર ફરકી રહ્યું હતું. લગભગ અરધો કલાક સુધી એમણે દેશના સમાચાર જ પૂછ્યા કર્યા.

રાતદિવસ લખવા-વાંચવામાં તથા રાજપ્રકરણી કામની ધમાલમાં રહેવાથી ગણેશજીની તબિયત ઘણી લથડતી ચાલતી હતી, પણ તે કદી આરામનું નામ ન લેતા. મિત્રોના અતિશય દબાણને કારણે ઉનાળામાં કદી ક્યાંક એકાદ માસ બહાર જતા તો તે 'પ્રતાપ'ના સંચલનનો પાકો બંદોબસ્ત થયાની ખાતરી થાય તો જ; અને ત્યાં પણ હિંદી, ઉર્દુ, અંગ્રેજી પુસ્તકોનો થોકડો સાથે જ હોય.

રાજનીતિ, સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્રનું એમનું અધ્યયન ઘણું ભારે હતું. મિલ, સ્પેન્સર, બ્લટશિલી આદિ રાજનૈતિક લેખકોના ગ્રંથોનો એમણે ખૂબ અભ્યાસ કરેલો. લોકસત્તાવાદના પ્રચંડ પક્ષપાતી રુસોનાં લખાણોનો પ્રભાવ એમના પર ઘણો જ પડેલો અને તે પછી તે સદૈવ લોકસત્તાવાદના પક્ષપાતી રહ્યા છે. રસ્કિન અને કાર્લાઇલના ગ્રંથોમાં એમને બહુ જ રસ પડતો, અને થોડા વખતથી તો એ ટૉલ્સ્ટૉયના ભક્ત બન્યા હતા. ટેનિસન, બ્રાઉનિંગ અને શેલિનાં કાવ્યો પણ બાકી નહોતાં રાખ્યાં; પણ કવિતા પર એમને બહુ પ્રેમ ન હતો. 'લ મિઝરાબ્લ'ની કથામાં ગરીબોના ભાવ અને વિચારનાં હૃદયગ્રાહી ચિત્રો આલેખનાર ફ્રાન્સના મહાન નવલકથાકાર વિકટર હ્યુગો પર તો એ મુગ્ધ હતા, અને તે સંબંધે ભારતના ઉત્કૃષ્ટ ઉપન્યાસ લેખક શ્રી પ્રેમચંદજી તથા અન્ય મિત્રો સાથે એમણે ઘણી વાર ચર્ચાઓ કરી છે. હ્યુગોની 'નાઇન્ટી થ્રી' નામની એક બીજી નવલકથાનો તો એમણે છાયાનુવાદ કરીને 'પ્રતાપ કાર્યાલય' તરફથી પ્રકટ પણ કરેલો. અને આ છેલ્લી વારની જેલમાં પોતાને પ્રિય 'લ મિઝરાબ્લ'નો અનુવાદ પણ કરી નાખેલો. બુદ્ધનાં ઉપદેશામૃત અને ગીતાના સિદ્ધાંતોની એમના મન પર ઘણી ઘેરી અસર પડી હતી. અને કવિવર રવીન્દ્રનાથ ઠાકુરનું બધું સાહિત્ય એમણે બહુ જ અભ્યાસ ને ભાવપૂર્વક વાંચેલું. તુલસીદાસના એ પ્રશંસક હતા; પણ એમના જૂની ઢબના સામાજિક આદર્શ એમને પસંદ નહોતા. સૂરદાસના એ ભક્ત હતા; કબીર ઉપર આફ્રીન હતા.

૧૯૧૮ સુધી વિદ્યાર્થીજીના સામાજિક વિચારો ઘણાખરા સંકુચિત હતા. વ્યર્થ આડંબરોને સમાજમાં સ્થાન આપવામાં તે અધિક મહત્ત્વ માનત. પરંતુ મહાત્માજીની રહેણીકરણી તથા વિચારોએ એમનામાં જબર પરિવર્તન કરી નાખ્યું અને તે વ્યક્તિત્વ પર વધુ ભાર મૂકવા લાગ્યા. આ જ પ્રમાણે ૧૯૨૦ સુધી ઇશ્વર-સત્તા ઉપર પણ તેમની શ્રદ્ધા ન જેવી હતી; પરંતુ ૧૯૩૦માં એમણે જે ધાર્મિક ગ્રંથોનું વાચન કર્યું તેનો પ્રભાવ એમના પર ઘણો ભારે પડ્યો અને ૧૯૩૧માં તો તે જબરા ઇશ્વરોપાસક થઇ ગયા. રામાયણના ઉપદેશો ઉપર એમણે થોડી વાતો પણ લખી છે. 'બલિદાન', 'આહુતિ' ને 'શેખચલ્લીની કહાણીઓ' નામનાં પુસ્તકો પણ એમણે લખ્યાં છે. એમનાં કેટલાંક પુસ્તકો તો હજી અપ્રકટ છે ને બેએક અધૂરાં છે. આ વખતના જેલવાસ દરમ્યાન તે નિયમિત પોતાની ડાયરી લખતા. નૈની ને હરદોઇ જેલમાં એમણે ધાર્મિક ગ્રંથોનું અધ્યયન ખૂબ કર્યું. ભોજન વગેરેમાં તે અતિ સાત્ત્વિક ને પહેરવેશમાં તદ્દન સાદા રહેતા.

નૈની જેલમાં હતા ત્યારે એમની કોટડીમાં વીંછી, સાપ વગેરે ઝેરી જનાવર અવારનવાર નીકળ્યા કરતાં, અને આ સ્થિતિ અઠવાડિયાંઓ સુધી કાયમ રહેલી; છતાં તે તો તદ્દન નિર્ભય રહીને અવિચલિત ભાવથી પોતાનું કર્તવ્ય કર્યા કરતા. આ એક પ્રકારની નીડરતા

હતી, જે નીડરતા એમના પ્રાણનો ગુણ હતો. એ જ નીડરતા તેના ઉજ્જ્વલ સ્વરૂપમાં ૧૯૨૭માં પ્રકાશી, જ્યારે કાનપુરના એ પહેલા હિંદુ–મુસ્લીમ દંગલ વખતે હથેળીમાં જીવ રાખીને એમણે સર્વત્ર શાંતિ પ્રસારી હતી. જ્યાં તે જતા ત્યાં શાંતિ ફેલાઇ જતી; પછી તે મહોલ્લો હિંદુનો હોય કે મુસલમાનનો. એ વખતે સેંકડો ધર્માંધ લોકો વિફરેલા હતા; પરંતુ એ તપસ્વી પર કોઇની આંગળી સરખી પણ ઊંચી નહોતી થઇ શકી.

થોડા દિવસ પહેલાં એમણે પોતાના એક મિત્રને જે વાત કરેલી તે ગુજરાતને માટે ગર્વનો વિષય છે. એમણે કહેલું કે 'આપણે ત્યાંની મહાસભા–સમિતિઓમાં ગુજરાતના જેવા કાર્યકર્તા ક્યાં છે? અને તેમનો એ ગુણ પણ આપણે ત્યાં નથી કે વેતનથી કામ કરનારાઓની કદર કરી શકે. ગમે તેવો પરિશ્રમી, યોગ્ય અને શીલવાન માણસ હશે તોપણ જો તે કોઈ સાર્વજનિક સંસ્થામાં કે મહાસભામાં વેતન લઇને કામ કરતો હશે તો કોઇ દિવસ તેને નીચું જોવા વારો આવવાનો જ. લોકો તેનું બૂરૂં બોલવાના, નાટકોમાં તેના કટાક્ષ કરવાના અને હરેક રીતે તેને ઉતારી પાડવાનો પ્રયત્ન કરવાના.' આ અનુભવ એમણે આ વખતની જેલજાત્રા સમયે બતાવ્યો હતો. આ જ પ્રકારના કેટલાક આકરા અને સ્વતંત્ર વિચારોને લીધે ૧૯૨૫–૨૬ની કૉંગ્રેસની ચૂંટણી વખતે તેમના સેંકડો વિરોધી ઊભા થયા હતા. પરંતુ થોડા જ સમયમાં એ સૌને હૃદયે વિદ્યાર્થીજીની ખરી મહાનતા વસી ગઇ. અને એક આ વાત તો ખાસ મહત્ત્વની છે કે એમના વિરોધીઓમાંથી પણ કોઇને કદી એમના ચારિત્ર્ય વિષે હરફ સરખો પણ કાઢવાનો હતો નહિ.

'મહાસભાની આજ્ઞાનુસાર ૧૯૨૬માં તે યુક્તપ્રાંતની ધારાસભામાં ગયા અને બે વર્ષ સુધી તેમણે અત્યંત નીડરપણે ત્યાં કામ કર્યું તથા ત્યાં હિંદી ભાષાનો ધ્વજ ઊંચો કર્યો. એ બે વર્ષમાં એમણે લગભગ સોળ ભાષણો હિંદીમાં કર્યાં. પણ જે ક્ષણે લાહોરની મહાસભાએ ધારાસભા બહિષ્કાર પોકાર્યો તેની બીજી જ ક્ષણે તેમણે ત્યાં રાજીનામું ધરી દીધું. તે પછી ૧૯૩૦નું આખું વર્ષ એમણે સંયુક્ત પ્રાંતોની પ્રાંતિક સમિતિને પ્રમુખપદેથી અવિશ્રાંત કાર્ય કર્યું. એ વર્ષમાં અલીગઢમાં ભરાએલા સંયુક્ત પ્રાંતના રાજનૈતિક સંમેલનના તે પ્રમુખ ચુંટાએલા. અખિલ ભારતીય હિંદી સાહિત્ય સંમેલનના ગોરખપુરમાં ભરાએલા ઓગણીસમા મહાધિવેશનના પ્રમુખ પણ એ જ થયા હતા.' *

હિંદુ-મુસ્લીમ વિસંવાદ વિષે એમના વિચાર ઘણા આદર્શ હતા. ૧૯૨૫ની શરૂઆતમાં શેઠ જમનાલાલજી બજાજનાં પુત્રીના વિવાહ વખતે સાબરમતી જતાં રસ્તામાં ટ્રેનમાં તેમણે કલાકો સુધી એ વિષયપર પોતાના જે મૌલિક અને મહત્ત્વપૂર્ણ વિચારો અતિ અસરકારક વાણીમાં દર્શાવેલા તે સૌ મંત્રમુગ્ધ બનીને રાતના બે વાગ્યા સુધી એકચિત્તે સાંભળી જ રહેલા.

ઇ. સ. ૧૯૩૧ના માર્ચની ૨૫મી તારીખ ભારતના ઇતિહાસમાં કાળે અક્ષરે લખાશે. એ દિવસે કાનપુરના હિંદુ-મુસ્લીમ વચ્ચેના કોમી દાવાનળની જ્વાળાઓ અતિ ઉગ્ર સ્વરૂપે ભભૂકી રહી હતી. ભાઈ ભાઈ જ એકબીજાનાં ગળાં રહેંસી કાનપુરને પોતાના લોહીથી રંગી રહ્યા હતા. ચોમેર, અંધેર, લૂટફાટ અને ભયાનક ખુનામરકી વર્તી રહ્યાં હતાં. બરબાદ થનારા થતા હતા, અને પોતાને જનતાની રક્ષક કહેવડાવનારી પોલિસ આરામથી બેઠીબેઠી તમાશો જોતી હતી, અને રક્ષણ માગનારને ગાંધીજીને મદદે બોલાવી લાવવાનું કહેતી હતી! વિદ્યાર્થીજીએ તે દિવસે અનેક વાર ઇશ્વરપ્રાર્થના કરી અને પછી એકલા નિઃશસ્ત્ર બહાર નીકળી પડ્યા. કેટલા યે મિત્રો એમની સાથે જવાને તૈયાર થયા. તેમને એમણે કહ્યું, 'મારી સાથે એ જ આવે જે મરવાને તૈયાર હોય, પણ મારવાને નહિ.' અને પછી ઉન્મત્ત હિંદુઓના મહોલ્લાઓમાંથી લગભગ બસો મુસલમાન સ્ત્રી-પુરુષો અને બાળકોને બચાવીબચાવીને એમણે સુરક્ષિત જગ્યાએ પહોંચાડ્યાં. ત્યાંના હિંદુઓએ એમને પાણી પાવા માંડ્યું, તો કહે, 'જ્યાં મારા મુસલમાન ભાઇઓ પર અત્યાચાર થયો છે એ મહોલ્લાનું પાણી હું હરગીઝ નથી પીવાનો.' ત્યાંથી પછી એ મુસલમાની મહોલ્લાઓમાંથી હિંદુઓને બચાવવા માટે ગયા. સૌ લોકોએ એમને આંખોમાં આંસુ લાવીલાવીને ત્યાં ન જવા માટે આજીજી કરીને વીનવ્યા, પણ એમણે માન્યું નહિ. આખરે બે મુસલમાન અને બે હિંદુ સ્વયંસેવકો તેમની સાથે થયા. એક ધર્માંધ

* 'ગંગા' નામના હિંદી માસિકમાંથી

મુસલમાન ટોળાએ એમને આવતા જોયા અને ઉન્મત્ત બનીને તેમના પર તેઓ તૂટી પડ્યા. મુસલમાન સ્વયંસેવકોએ એમને ઘણુંઘણું સમજાવ્યા, પણ બધું વ્યર્થ ગયું. પાગલ બનેલું ટોળું માન્યું નહિ. એક હિંદુ સ્વયંસેવક તો ત્યાં જ શહીદ થયો અને બીજો સખ્ત ઘાયલ થયો. ભીષણ પરિસ્થિતિ જોઇને મુસલમાન સ્વયંસેવકોએ એમને ઘસડીને નસાડી મૂકવા ઇચ્છયું, પણ એ તો બહાદુરીથી ત્યાં ને ત્યાં જ ચોંટી રહ્યા. એ ખરા ક્ષત્રિય હતા, પોતાને સાચા સૈનિક માનતા હતા, તે કેમ ત્યાંથી ચસે? એમણે કહ્યું, 'જો મારા બલિદાનથી હિંદુ-મુસ્લીમ ઝગડો જડમૂળથી નષ્ટ થઇ જતો હોય તો ખુશીથી મને કત્લ કરો; હું તૈયાર ઊભો છું.' પણ એ ખૂનતરસ્યા નરપશુઓ પર આ વીરતાભરી વાણીની કંઇ અસર ન થઇ. બીજી જ ક્ષણે એમના પર લાઠીઓ, ભાલાં અને બરછીઓનો વરસાદ વરસવા લાગ્યો, અને જ્યારે એમના પવિત્ર અને મહાન આત્માએ દેહ છોડી દીધો ત્યારે એમના મૃત શરીરને એક નષ્ટ-ભ્રષ્ટ મકાનમાં ફેંકી દીધું! કેટલાયે દિવસની શોધ પછી એમનું શબ મળી આવ્યું. કોઇને આ ખબર આપવામાં આવ્યા નહિ અને શાંતિથી એમનાં અસ્થિને સ્મશાનઘાટ તરફ લઇ જવામાં આવ્યાં. આવા મહાન આત્માના શરીર પર વેરાએલાં ફૂલ પણ અવશ્ય ગર્વથી ખીલી ઊઠયાં હશે. ઘાટ પર પહોંચતાં પહોંચતાંમાં તો હજાર ઉપર આદમીઓની ભીડ થઇ ગઇ, અને કાનપુરની સૌ ગણ્ય-માન્ય વ્યક્તિઓ ત્યાં હાજર થઇ ગઇ. શબ-દાહ પછી ત્યાં જ એક સભા થઇ અને સભાપતિને સ્થાનેથી શ્રી પુરુષોત્તમદાસ ટંડને આંખોમાંથી આંસુ વરસાવતાંવરસાવતાં ગદ્ગદિત હૃદયે એ મહાવીર, મૃત્યુંજય અને મહાન આત્માને અંજલિ આપી તેમનો જીવનસંદેશ ઝીલવાની સૌને પ્રેરણા કરી. સૌ રોતા હતા; સારો દેશ રોઇ રહ્યો હતો; ભારતમાતા જાણે અશ્રુપાત કરી રહી હતી. અને સૌએ આશ્ચર્ય સાથે એ જોયું કે એ પુણ્યાત્માના પવિત્ર બલિદાનથી એ ભીષણ કોમી દાવાનળ કેટલો ત્વરાથી બુઝાઈ ગયો!

પૂ. મહાત્માજી, પં. જવાહરલાલજી, રાષ્ટ્રપતિ પટેલ, શ્રી મહાદેવ દેસાઇ તથા ભારતભરના અનેક નેતાઓ અને માન્ય વ્યક્તિઓએ વિદ્યાર્થીજીને અતિ હૃદયદ્રાવક શબ્દોમાં પોતાની ભાવાંજલિ અર્પી છે. પંડિત મહાવીરપ્રસાદ દ્વિવેદી તથા અન્ય હિંદી સાહિત્યિક વિદ્વાનોના ઉદ્ગાર રોવડાવે એવા છે. પ્રસિદ્ધ હિંદી રાષ્ટ્રીય સાપ્તાહિક 'કર્મવીર'ના તંત્રી શ્રી ભાખનલાલજી ચતુર્વેદીએ એમને અંજલિ આપતાં લખ્યું છે કે 'હિંદી સંસારનું તેજ, યુક્ત પ્રાંતના યુદ્ધનો આત્મા, યુવકોનો માર્ગદર્શક, રાષ્ટ્રનો પ્રધાન સ્તંભ, મહાત્માજીનો વીર સેનાપતિ અને હિંદ માતાના મુકુટનો અમૂલ્ય મણિ અમારી પાસેથી ઝૂંટવાઇ ગયો છે. અનેક મિત્રોની ઉજ્જ્વલ આશા અને ભારતીય યુવકોના નવીન જીવનના પ્રણેતા સમા વિદ્યાર્થીજી વિના હિંદી સાહિત્ય અને સંપાદનકળા જાણે વિધવા જેવાં લાગે છે. ખેડુતોના સહાયક, મજૂરોના હૃદય સમા અને હિંદુ-મુસ્લીમ એકતાના આદર્શ ગણેશશંકરના ગયા પછી હવે બાકી રહ્યું શું? ગણેશજીનો ભોગ લેનારી એ રાક્ષસી ભૂખને વર્ષો સુધી પશ્ચાત્તાપ કરવો પડવાનો છે. અમારી પ્રાર્થના છે કે ગણેશજીની સમાધિ પર રાષ્ટ્રીય ધ્વજ સદા ફરકતો રહે અને એમના વીર ભાવ તથા આદર્શ કાર્યોનો યશ ધ્રુવ નક્ષત્રની જ્યોતિ સમોવડો સદા અચલ ચમકતો રહે.'

'હંસ'ના સંપાદક એમને વિષે લખે છે: 'વિદ્યાર્થીજીએ દેશમાં જે સન્માન અને યશ પ્રાપ્ત કર્યાં તે એમની સેવા અને પરોપકારનો પ્રસાદ હતો. એ કાંઇ બહુ ભારે વિદ્વાન ન હતા; મોટીમોટી ડિગ્રીઓ પણ નહોતી મેળવી; પણ હૃદયમાં સેવાની એવી લગની હતી કે જેણે એમની લેખિનીને ઓજસ્વિતા, એમની ભાષાને સ્ફૂર્તિ, એમની વાણીને પ્રભાવ તથા એમના વ્યક્તિત્વને ગૌરવથી રંગી નાખ્યાં.

એમનો આત્મા નિષ્કપટ અને નિર્ભય હતો. રાજકીય પ્રશ્નો પર જે નીડર સાહસથી તે પોતાના વિચારો પ્રકટ કરતા તે હિંદી ભાષાના પત્રકારિત્વમાં અપૂર્વ હતું, અને અમર રહેશે. અત્યાચારની વિરુદ્ધ સદા એમની તલવાર મ્યાનની બહાર જ રહેતી. 'પ્રતાપે' પોતાના વીસ વર્ષના જીવનમાં અનેકવિધ મુશ્કેલીઓની સામે સફલતાથી જે વિજય મેળવ્યો છે તે વિદ્યાર્થીજીનાં સદ્સાહસ, ન્યાયનિષ્ઠા, નીડરતા અને કર્તવ્યપ્રેમનું ઉજ્જ્વલ પ્રમાણ છે.

એમના જીવનની સરલતા અને પવિત્રતા અતિ

સાત્ત્વિક હતી. સ્વાર્થ-ચિંતાથી એમનો આત્મા કદી મલિન નથી થયો. એમનું સમસ્ત જીવન યજ્ઞ-મય હતું, અને પ્રભુની એવી ઇચ્છા જ હશે કે એમનું મૃત્યુ એ યજ્ઞની પૂર્ણાહુતિ સમું જ્વલંત થાય.'


વિદ્યાર્થીજીના સંતપ્ત પરિવારમાં એક એમનાં માતા છે, એક ભાઇ, પત્ની અને ૭ બાળકો છે. એમના મોટા પુત્ર શ્રી હરિશંકર વિદ્યાર્થી એક સુયોગ્ય લેખક ગણાય છે. ઈશ્વર એમને દીર્ઘાયુ બક્ષે કે જેથી તે હિંદી સાહિત્ય અને ભારતીય જનતાની સેવા કરીને પોતાના પિતા જેવા મહાન આત્માના નામને ઉજ્જવલ કરે.

નરેન્દ્ર વર્મા માલવીય

[ખાસ 'કુમાર' માટે લખાએલા હિંદી લેખ ઉપરથી]

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ





આ વખતે હરીફાઇનું પરિણામ જરા મોળું પડયું છે તોપણ અમે ચાલુ પ્રોત્સાહન તરીકે ભાઈ સુધાકર મહેતા (અમદાવાદ) અને સૈયદ આબીદમિયાં (પાલનપુર)ને દરેકને રૂા. બેનું પારિતોષિક આપ્યું છે. સિદ્ધપુરના રુદ્રમાળનાં ખંડિયેર પાડનાર ભાઇ અસદમિયાં (પાલનપુર)નું વસ્તુ અને રચના સરસ છે; જો ફોટોગ્રાફ (જુઓ પૂઠા પરનું ચિત્ર) એટલો જ સ્પષ્ટ હોત તો તેને પ્રથમ ગણી શકાત. છતાં તેને સ્તુતિ-પાત્ર ગણી રૂા. ૧) ઇનામ આપ્યું છે. ફોટો પાડનાર કલાકારે છબીના વિષયનો બધી દૃષ્ટિએ વિચાર કરવો જોઇએ. પોતાના ચિત્રમાં મુખ્ય તો એક જ ભાવને પ્રધાનપદ આપી, પછી તેને અનુરૂપ તથા મુખ્ય ભાવનું સમર્થન કરતી બીજી ભાવ-સૂચક વસ્તુઓ એની અનુષંગી તરીકે ચિત્રમાં લેવાય. ભાઇ સૈયદ અખતરહુસેન (પાલનપુર) એ મોકલેલા 'પોરબંદરના બંદરનો દેખાવ' વાળા ફોટોમાં બંદરનું દૃશ્ય રજુ કરવા તે ભાઇએ પ્રયત્ન કર્યો છે, પરંતુ તેમાં તેમને સંપૂર્ણ ફતેહ મળી નથી. છબીમાં વહાણ તથા દરિયા સાથે ઉતારૂઓની ઠઠ વધુપડતા પ્રમાણમાં આવી છે. થોડો વખત રાહ જોઇ અનુકૂળ વખતે ફોટો લીધો હોત તો તે વધુ સુંદર બનત. 'નૈસર્ગિક ગોમુખ ધોધ' વાળા ભાઇ દ્વારકાદાસ વલ્લભદાસ ભાટીઆ (મુંબાઈ)ની છબીમાં પણ તેવું બન્યું છે. ચિત્રની પોણા ભાગની જગ્યા ગોમુખની પાછળનાં ઘરોનાં છાપરાં તથા પાણીથી મોઢું ધોતાં પાત્રોએ રોકી છે. બીજા કોઇ અનુકૂળ દૃષ્ટિકોણથી ગોમુખ લઈ બીજી અસંબદ્ધ વસ્તુઓને ચિત્રમાંથી આવતી અટકાવી હોત તો અચ્છું ચિત્ર થાત.

'રુદ્રમાળના ખંડિયેર'નો ભાઇ તુલસીદાસ પરીખ (સિદ્ધપુર)નો ફોટો સારો છે. પણ જૂની વસ્તુઓ, સ્થળો વગેરે સંગ્રહ યોગ્ય વિષયોમાં એ આખી યે વસ્તુ ચિત્રમાં લેવી જોઇએ તથા છાયા તેજ ને વાતાવરણની મદદથી તેનું સારામાં સારૂં કલામય ચિત્ર સર્જવું જોઇએ.

'ઉત્પત્તિ અને વિલય' બતાવવા મથતા ભાઇ શંકર દ. કાલેલકર (અમદાવાદ) એમણે કલ્પના સરસ દોડાવી છે, પરંતુ ચિત્રના નામથી સૂચવાતા મુખ્ય ભાવનો જોઇએ તેટલો સ્પષ્ટ આવિર્ભાવ તેમાં થયો નથી. મોજાંને જરા પ્રધાનપદ આપીને મોટું લેવું જોઇએ. વળી મોજું ઊભું થાય અને વેરાઇ જાય એ દૃશ્ય પકડવાને બહુ ધીરજ અને ઘણા પ્રયોગોની જરૂર છે.

બીજી બે છાયાછબીઓ છે. ભાઈ મથુરદાસ તૂતવાળા (પાટણ)નું 'છેલ્લો પ્રસાદ' છાયાછબી તરીકે સારૂં છે, પરંતુ તેનું નામ ચિત્રને અનુરૂપ નથી. ઉપરાંત તેમાંનું મનુષ્ય-પાત્ર સ્થાનને ભળતું નથી. 'તકલી' નામનું છાયાચિત્ર પાલનપુરવાળા ભાઇ દલપતરામ કોઠારીએ પાડયું છે તેમાં ચિત્રને બેઠક આપવામાં જોઇતી રૂચિ અને સુવ્યવસ્થા નથી.

ગરીબીનાં દુઃખ અને સ્વાર્થની નિષ્ઠુરતાની યાતનાથી પરિતપ્ત બે બાલ આત્માઓનાં આક્રંદનાં કરુણ ગુંજન કરતી એક જાપાની રજાઇની વાર્તા

સોદાગર વીશીના દરવાજા પાસે જઇ ઊભો રહ્યો કે તેને એક જાપાની ડોંગુજીએ કહ્યું, 'પધારો મહેરબાન.'

સોદાગર આ વણમાગ્યા સ્વાગતનો અસ્વીકાર કરી શક્યો નહિ. આરામ ને સગવડ કેવાંક છે તે જોવા માટે એ વીશીમાં ગયો.

આજ સુધી એક્કે મુસાફર વીશીમાં આવ્યો ન હતો. પહેલવહેલી જ તેણે વીશી ખોલી હતી. બહુ ઠાઠ-માઠ પણ નહોતો. સાફ રાચરચીલું પણ ન હતું. થઈ પણ શી રીતે શકે? વીશીનો માલિક બીચારો ગરીબ હતો. ગરીબ ખરો, પણ તેનું ધ્યાન સ્વચ્છતા તરફ વધારે હતું. સ્વચ્છતા જોઇ સોદાગરને એ વીશી ગમી ગઈ.

જાપાનમાં લોકો પલંગ પર નથી સૂતા. ચટાઇ પર ગાદલું નાખી તે પર સૂએ છે અને રજાઇ ઓઢે છે. રજાઇ અને ગાદલામાં રૂ ભર્યું હોય છે. પૈસાદાર લોકો ઠંડીથી બચવા વધારે રજાઇઓ ઓઢે છે, ગરીબો ઓછીથી ચલાવે છે. બહુ પૈસાદાર હોય તે આઠ ફૂટ લાંબી અને સાત ફૂટ પહોળી રજાઇ વાપરે છે. દિવસે એ રજાઇ સંકેલી કબાટમાં મૂકે છે. સાથે લાકડાનાં ઓસીકાં પણ રાખે છે. સૂતી વખતે તેની ઉપર માથું રાખીને સૂએ છે. એથી વાળ ઓળેલા હોય તે વિખરાતા નથી. વખતે ઓશીકું પડી જાય તો કોઇ જાપાની તેને પગ અડાડે નહિ. કદાચ અડી જાય તો તે ઊચકીને માનપૂર્વક માથાને અડાડે છે અને પગ અડી ગયાની ભૂલનો પશ્ચાત્તાપ કરે છે.

સોદાગર સૂતો કે તરત જ થોડી વારમાં કોઇ બાળકોના અવાજથી જાગી ઊઠયો. કોઇ બે બાળકો વાતો કરતાં હતાં:

'મોટા ભાઇ, તમને ટાઢ વાય છે?'

'ભાઇ, તને યે ટાઢ વાય છે ને?'

સોદાગરે વિચાર્યું કે કોઈ બાળકો ભૂલથી તેના ઓરડામાં આવી ગયાં હશે. જાપાનમાં વીશીના ઓરડા-ને બારણાં હોતાં નથી કે બંધ કરી શકાય. ફક્ત કાગળ-ના પડદા રાખે છે, જે જતાંઆવતાં ખસેડી શકાય છે.

સોદાગરે કહ્યું, 'છોકરાંઓ, બહાર જાઓ; આ તમારો ઓરડો નથી.'

ક્ષણ વાર નિસ્તબ્ધતા રહી. પણ ફરી વળી એ જ અવાજ આવ્યો:

'મોટા ભાઈ, તમને ટાઢ વાય છે?'

'ભાઈ, તને યે ટાઢ વાય છે ને?'

સોદાગર બેઠો થયો. દીવાલ પર કાગળનું ફાનસ લટકતું હતું. એમાં મીણબત્તી સળગાવી આમતેમ ફરીને બધે જોયું. પણ કોઈ જણાયું નહિ. મીણબત્તી બળતી મૂકી તે સૂઇ ગયો.

વળી થોડીક વાર શાંતિ રહી, ને ફરી પણ એ જ.

'મોટા ભાઇ, તમને ટાઢ વાય છે?'

'ભાઇ, તને યે ટાઢ વાય છે ને?'

ખૂબ ધ્યાનપૂર્વક સાંભળીને સોદાગરે ખાતરી કરી કે આ અવાજ એક રજાઇમાંથી જ આવતો હતો! ઝટપટ તે પોતાની ચીજો સંભાળતો નીચે આવ્યો અને વીશીવાળાને આ વાત કરી.

વીશીવાળાએ કહ્યું, 'ભાઇ, તમે કાંઇક નશો કર્યો લાગે છે; કે કાં તો સ્વપ્નું આવ્યું હશે. રજાઇઓ તે વળી વાતો કરતી હશે?'

સોદાગરે કહ્યું, 'સાચું કહ્યું ત્યારે આમ સામા વળગો છો? મારે અહીં રહેવું જ નથી; લઇ લ્યો તમારા પૈસા.'

અને તે ચાલ્યો ગયો.

બીજે દિવસે બીજો મુસાફર રાત રહેવા માટે આવ્યો. એણે વાળુ સાથે પણ દારૂનો છાંટો યે ન લીધો. એ ઓરડામાં ગયો. સૂતો ન સૂતો અને થોડી વારે નીચે આવ્યો. વીશીવાળાને તેણે કહ્યું, 'ભાઇ તમારી રજાઇ તો 'મોટા ભાઇ, તમને ટાઢ વાય છે?' 'ભાઇ, તને યે ટાઢ વાય છે ને?' એમ વાતો કરે છે!

વીશીવાળો ગુસ્સે થઇ બોલ્યો, 'અરે વાહ રે સાહેબ! મેં તમને સારો જોઇને ઓરડો કાઢી આ-પ્યો અને તમે આવી મૂર્ખાઇભરી વાતો કરો છો?'

'મૂર્ખાઇભરી? રજ પણ નહિ. હું તો સાચેસાચું કહું છું. એક રજાઇમાંથી બે બાળકોના અવાજ મેં સ્પષ્ટ સાંભળ્યા છે. મારે તો તારે ત્યાં નથી રહેવું.'

બીજો મુસાફર પણ ચાલ્યો ગયો ત્યારે વીશી-વાળો ઉપર ગયો અને એક પછી એક રજાઇઓ ઉપાડવા માંડી. ત્યાં એકમાંથી અવાજ આવ્યો:

'મોટા ભાઇ, તમને ટાઢ વાય છે?'

'ભાઈ, તને યે ટાઢ વાય છે ને?'

તે રજાઇ લઇ એ નીચે આવ્યો ને ઓઢીને સૂઇ ગયો. આખી રાત બાળકોએ એ વાતચીત કર્યા જ કરી!

સવારે તે રજાઇ વેચનારને ત્યાં ગયો અને કહ્યું, 'મેં તમારી પાસેથી હમણાં જ રજાઈ ખરીદી હતી તે યાદ છે?'

'હા.'

'એ તમે કયાંથી લાવ્યા હતા?'

'આ ગામમાં એ બાજુ નાની દુકાન છે ત્યાંથી.'

વીશીવાળો એ દુકાન તરફ દોડચો. ત્યાં તપાસ કરતાં તે રજાઇ બીજાની જણાઈ. છેવટે તે એક મકાનના માલિક પાસેથી વેચાતી લીધી હોવાનું જણાયું.

૨

એક નાનકડા મકાનમાં કોઇ ગરીબ કુટુંબ રહેતું હતું. મા, બાપ અને બે બાળકો. બાપ ગરીબ હતો. મા બીમાર હતી એટલે કામકાજ કરી શકતી નહિ. એક છોકરો આઠ વર્ષનો હતો અને એક છ વર્ષનો. અતિશય ટાઢથી બાપ પણ માંદો પડી ગયો, અને થોડો વખત અત્યંત દુઃખ અને યાતના સહીસહીને તે બીચારો મરી ગયો. મા પણ થોડા દિવસ પછી મરી ગઈ. બે ભાઇઓ હવે એકલા ઘરમાં રહ્યા. નબાપાં નમાયાં એ બાળકોનું આ ભર્યા જગતમાં કોઈ સહાયક નહોતું, બેલી નહોતું. ગરીબીનો પંજો વધારે ને વધારે ભીંસાતો ગયો. એક પછી એક વસ્તુઓ ઘરમાંથી વેચીવેચીને તેઓ ખાઈ ગયા. ફક્ત એક રજાઇ સિવાય કાંઇ રહ્યું નહિ.

આકરો શિયાળો ચાલતો હતો. બહાર ખૂબ બરફ પડતો હતો. એ તે ટાઢ હતી કે કાળ! રહીસહી એ એક રજાઈમાં બંને ભાઇ લોટપોટ થઇને પડચા હતા. પણ એક રજાઇ ટાઢ ખાળે તેમ નહોતું. ધ્રૂજતો ઠીંગરાતો નાનો ભાઇ બોલ્યો,

'મોટા ભાઇ, તમને ટાઢ વાય છે?'

'ભાઈ, તને યે ટાઢ વાય છે ને?'

એ બે કરુણ અવાજો રજાઇમાં પ્રવેશી ગયા અને અંદર ને અંદર ગૂંજવા લાગ્યા.

ઘરનો માલિક લાલ આંખો કરતો આવ્યો અને બાળકોને ઊંઘમાંથી જગાડચા: 'મકાનનું ભાડું લાવો.'

'બાપુ, અમારી પાસે રાતી પાઇ પણ નથી.'

'તેમાં હું શું કરૂં?' અને ઘરમાં ચોતરફ નજર ફેરવી છેવટે રજાઇને ઝડપી લઈ બોલ્યો, 'તો પછી આ રજાઇ તમારા ભાડાના બદલામાં લઈ લઉં છું.'

'ભાઇસા'બ, આટલી ટાઢ પડે છે અને એમાં એ એક જ અમારો આધાર છે. અમે મરી જઇશું.'

'તો મરો!'

ઘરધણીએ રજાઇ ખૂંચવી લીધી. બે બાળકોએ માત્ર એકએક પાતળું પહેરણ પહેર્યું હતું. બીજાં કપડાં તો કયારનાં વેચી નાખ્યાં હતાં. ભાડું વસુલ કરી લઇને ઘરધણીએ બાળકોને મકાનની બહાર કાઢી મૂકયાં. વરસતા બરફમાં એ મકાનની પછવાડે છા-પરાની પાંખને ઓથે એ બંને ભાઇઓ એકબીજાને વળગીને જમીન પર પડી રહ્યા.

થોડી વારમાં સ્વચ્છ, ચમકતો બરફ તેમના પર છવાઈ રહ્યો. તેમના સાંધા જકડાઈ ગયા. ટાઢ હવે તેમને વાતી નહોતી. તેમણે લાંબી ઊંઘ લીધી હતી.

કોઇ દયાળુ માનવી ત્યાંથી નીકળ્યો. તે એમને ઊપાડીને મમતામયી કરુણા દેવીના મંદિરમાં લઇ ગયો. જાપાનનાં મંદિરોમાં કરુણા દેવીની પ્રતિમા સહસ્ર ભુજાવાળી અને ભુજાએ ભુજાએથી વાત્સલ્ય વરસા-વતી મમતાના ભાવથી ભરેલી હોય છે. કહેવાય છે કે એ દેવીને માટે સ્વર્ગનાં બધાં બારણાં ઉઘાડાં રાખવામાં આવેલાં, પણ તે ત્યાં ગયાં જ નહિ. એમણે તો કહ્યું, 'મૃત્યુ લોકમાં જે અસંખ્ય પરિતપ્ત આત્મા-ઓ કપરાં દુઃખ અને યાતનાઓ સહી રહ્યાં છે તેમને હું મારા આ અસંખ્ય હાથથી સહાય કરીશ.' અને એ મૃત્યુલોકમાં જ રહ્યાં છે.

બને બાળકોને એ કરુણા દેવીના મંદિરમાં સમા-ધિસ્થ કરવામાં આવ્યા.

૩

વીશીવાળાએ કરુણા દેવીના મંદિરમાં આવીને રજાઇ પૂજારીને આપી અવાજની આ બધી વાત કહી સંભળાવી. એ વાતથી વીશીવાળાનું, પૂજારીનું તથા આસપાસનાં સૌ સાંભળનારાનાં હૃદય આર્દ્ર થઇ

ગયાં. વાત આખા નગરમા ફેલાઈ અને લોકોનાં શિર શરમ અને ગ્લાનિથી નીચાં ઢળી પડયાં. હજીયે કદીક-કદીક કરુણા દેવીના મંદિરમાં આ શબ્દો સંભળાય છે:

'મોટા ભાઇ, તમને ટાઢ વાય છે?'

'ભાઈ, તને યે ટાઢ વાય છે ને?'

(સંકલિત) **'રસનિધિ'**

જ્ઞાનલીલા


વૈશાખ માસની જ્ઞાનલીલાના ઉત્તરોમાંથી બધા સાચા નીચેના ચાર ભાઇઓના છે. તેમાંના ગ્રાહક છે તેમને ઇનામ મોકલાશે. (૧) સેક્રેટરી : જૈન ધર્મવિજય પુસ્તકાલય–વીરમગામ (૨) શંભુભાઇ પટેલ–નડિયાદ (૩) મણિલાલ આડતિયા–વડોદરા (૪) હરકિસનદાસ સોની–પોરબંદર. ખરા ઉત્તરો નીચે મુજબ: **(૧) ગણિત-ગમ્મતઃ** કુલ ૧૫ સવાલ; તેમાંથી ૯ સવાલ આવડતા હશે. **(૨) ઓળખી કાઢોઃ** (૧) ઉંદર (૨) વનરાજ **(૩) અંક-ચોરસઃ** જુદીજુદી રીતે મેળવી શકાય, એક રીત આ રહી:

૭	૨૪	૨૨	૬	૧
૨૧	૧૧	૧૬	૯	૩
૪	૧૦	૧૨	૧૪	૨૦
૫	૧૫	૮	૧૩	૧૯
૨૩	૦	૨	૧૮	૧૭

(૪) શબ્દ-રચનાઃ

અ ગ ર
હ ર ણ
મ ગ ર
દ મ ન
ન ય ન
ગ ર જ
ર મ ત

(૬) શી સગાઇ? ભાઇ બહેન. **(૭) શબ્દ-સાંકળીઃ** આધાર, ધારણ, રણવીર, વીરપુર, પુરજન, જનક. **(૮) ચિત્ર-પ્રશ્નઃ** સિક્કાની ગોઠવણ બાજુની આકૃતિમાં બતાવ્યા પ્રમાણે.



(૫) શબ્દ-ગોઠવણઃ

સુ ક **ભા** દ ર
પ **વ** ન
ન
સા **ગ** ર
સા બ **ર** મ તી

નીચેના નવા સવાલોના ઉત્તર ૧૫મી જુલાઇ સુધીમાં મળવા જોઇએ.

નવા સવાલ

(૧) ગણિત-ગમ્મતઃ (૧) એક માણસ સાઈકલ ઉપર બેસીને ૨૫ માઇલની મુસાફરી કરે છે. તેમાં ૬ માઇલ ઊંચે ટેકરી તરફ, ૧૦ માઇલ સપાટ જમીન ઉપર અને બાકીનાં ૯ માઇલ નીચે ઢોળાવ તરફ જવાનું છે. જતી વખતે તેને ૧ કલાક ને ૫૦ મિનિટનો વખત લાગે છે અને એ જ રસ્તે પાછા ફરતાં, પહેલાં કરતાં ૧૦ મિનિટ વધારે લાગે છે. જો એ સપાટ જમીન ઉપર કલાકના ૧૫ માઇલની ઝડપે જાય તો ઊંચે ટેકરી ઉપર તથા નીચે ઢોળાવ તરફ જવાની એની કલાકે કેટલી ઝડપ હશે? (ર. વિ. દલાલ) (૨) એક દિવસ લીંબુ વેચનારો ઉદાર થઇ ગયો ને ભાવ સસ્તા મૂકી દીધા. પ્રથમ બાર લીંબુની તે જેટલી કિંમત લેતો તેથી હવે એક પૈસો ઓછો લેવા માંડયો. આથી એક પૈસાના લીંબુ ખરીદનારને એક લીંબુ વધારે મળવા લાગ્યું. ત્યારે એની પ્રથમની ને પાછળની કિંમત શોધી કાઢો. **(૨) અંક-ગમ્મતઃ** બાજુના ખોટા સરવાળાની રકમમાં અંકનો અનુક્રમ બદલ્યા વગર નાનીમોટી રકમો કરીને સરવાળો સાચો લખી દો.

૧ ૨ ૩
૪ ૫ ૬
૭ ૮ ૯
―――――
૨ ૬ ૧


(૩) એ શું? (૧) એક જળચરનું માથું કાપીને તેના ધડ ઉપર એક ભૂચર બેસાડયું એટલે એક વનચર બની ગયું: એ શું? (૨) એક રાગને નારી જાતિનો પ્રત્યય લગાડતાં વાદ્ય બની જાય છે: એ શું? (૩) ત્રણ અક્ષરનો એક શબ્દ છે. અત્યારે તમારી સામે જ છે. તેના પ્રથમ બે અક્ષર એક સંખ્યા છે ને છેલ્લા બે અક્ષર એક માપ છે. તેનું પેટ કુદરતનું એક તત્ત્વ છે: એ શું? **(૪) શોધી કાઢોઃ** 'ચિમન, દામોદર, ઉત્તર દો: શું રંક સદા સહન જ કરે?'—આ વાક્યમાં બે મહાપુરુષોનાં નામ છુપાઇ ગયાં છે: શોધી શકશો? **(૫) શબ્દ-ગોઠવણઃ** બાજુની આકૃતિમાં નીચેના અર્થ પ્રમાણે બધા શબ્દો સાચા ભરી કાઢશો એટલે ૧થી ૮ આંકડા અનુક્રમે લેવાથી એક જાણીતી પ્રાર્થનાનું અર્ધું ચરણ વંચાશે. (૧) એક ઋતુ (૨) એક કવિ (૩) મસલત (૪ અને ૫) શરીરનો એકએક ભાગ (૬) અંતર.

* ૧ *
* ૭
૪ * *
૬ ૨
૮ * *
૫ ૩

(૬) શબ્દ-ચોરસઃ નવ ખાનાના એક સમચોરસમાં નીચેના અર્થવાળા ત્રણત્રણ અક્ષરના ત્રણ શબ્દ એવા ગોઠવો કે ઊભી લીટીઓ વાંચતાં જે શબ્દો વંચાય તે જ શબ્દો આડી લીટીમાં પણ વંચાય: (૧) આપણી એક નદી (૨) એક પક્ષી (૩) જૂના વખતના એક મુનિ. **(૭) શબ્દ-ફેરવણીઃ** બાજુની આકૃતિના પ્રથમ ખાનામાં 'નગર' શબ્દ આપેલો છે, તેમાંથી ખાનાવાર દર વખતે માત્ર એક જ અક્ષર બદલી, બાકીના અક્ષરોને તેમનાં મૂળ ખાનામાં જ રહેવા દઇ નવા શબ્દો રચતા જાઓ અને છેલ્લે 'અમાત્ય' લાવી દો.

ન	ગ	ર
અ	મા	ત્ય

(૮) ચિત્ર-પ્રશ્નઃ બાજુની આકૃતિમાં એક તારામંડળ આપેલું છે ને તેમાંના ચાર તારામાંથી પસાર થતી એક લીટી દોરેલી છે. આખી આકૃતિમાં તેના જેવી ચાર તારામાંથી પસાર થતી કેટલી લીટીઓ તમે દોરી શકશો? ચારે ટપકાં સીધી લીટીમાં જ હોવાં જોઇએ.



ફૂલ

ફૂલ જેને ન ગમે એવો માણસ હશે ખરો? ખરાબ ગણાતા માણસો પણ–ગુનેગારો, જુલ્મગારો, અસંસ્કારી માણસો, સઘળા–ફૂલને ચહાય છે.

રાત્રિની મધુર શાંતિમાં પૃથ્વીનો રસ ચુસાય છે અને પ્રભાતમાં ઉષાદેવી પૂર્વનાં સૂવર્ણદ્વારો ખોલે તે પહેલાં તો નાનાંમોટાં ફૂલો સ્મિત કરતી કળીઓ વિકસાવી પ્રફુલ્લ થઇ ઊઠે છે. ખીલેલાં પુષ્પમાં માનવને પૂર્ણતા પ્રત્યક્ષ સિદ્ધ થયેલી જણાય છે તેથી તો કદાચ તે તેને ચહાતો નહિ હોય? જીવન એટલે અપૂર્ણતા. જીવન એટલે ધમપછાડા, અશાંતિ; અપરિમેય આદર્શ અને અપૂર્ણ સિદ્ધિનું કરુણ દશ્ય. રોજ પ્રભાતમાં ઊઠતાં માનવને પોતે પુષ્પ પેઠે જીવનની પરમ જ્યોતિ પ્રત્યે પ્રફુલ્લતાથી વિકાસ કરી રહ્યો છે એવું ભાગ્યે લાગે છે. પરંતુ તેની આજુબાજુ?—આ રહ્યું એક પુષ્પ;—શાંત અને મૃદુ; સ્મિત કરતું અને ઉલ્લાસતું; સાહજિક વૃદ્ધિ, ઉત્તરોત્તર વિકાસ તથા ક્રમાગત પૂર્ણતા પ્રાપ્ત કરતું! માનવને લાગે છે: 'અહા! આ પુષ્પની પેઠે મારૂં અંતર પણ કોઈ દિવ્ય પરમ જ્યોતિ પ્રત્યે ઊઘડે તો? પુષ્પ પેઠે જ શાંત, મૂક, અપ્રયત્ન અને આનંદભર્યો વિકાસ સધાય અને અંતે જીવનની કોઈ અપૂર્વ સાર્થકતા પ્રાપ્ત થાય તો કેવું સારૂં?'

એક નાનું નજીવું સરખું ફૂલ પણ કેટલું ગહન–રહસ્યમય બની જાય છે તેનો વિચાર આપણને વિસ્મય પમાડે છે. પ્રથમ બીજ, તેમાંથી અંકૂર, તેમાંથી છોડ કળી તથા પુષ્પ, અને તેને અંગે ફળ. આખો ક્રમવિકાસનો મહાન વિશ્વનિયમ પુષ્પ રૂપી એ નાનીસરખી ઘટનામાં સમાઇ રહેલો છે. બીજ કેવું જડ દેખાય છે? જાણે અજ્ઞાનના–અવચેતનાના અંધકારમાં લુપ્ત પડેલું સૌંદર્ય. બીજમાં રહેલી સઘળી ઉત્તમતા તિરોભૂત–છુપાયલી–ઢંકાયલી–અપ્રકટ હોય છે. જમીનમાં વવાયા પછી તે અનુકૂળ સંજોગો પ્રાપ્ત કરી જીવનનો ઉલ્લાસ પ્રગટાવવા મથે છે ત્યારે પુષ્પ જન્મે છે. બીજમાં છુપાઈ રહેલી પરમ સાર્થકતા એ જ ફૂલ. અપ્રકટ પૂર્ણતાનું પ્રગટવું એનું નામ આવિર્ભાવ. માનવ પુષ્પને ચાહે છે ત્યારે પોતાનામાં હજી સુધી અપ્રકટ રહેલ કોઇ પૂર્ણતામાં, કોઇ પરમ સાર્થકતામાં પોતાની શ્રદ્ધા તે દર્શાવે છે.

પુષ્પના વિકાસનો યથાર્થ ખ્યાલ લાવવા પ્રયત્ન કરીશું તો આપણને આશ્ચર્ય થયા વિના નહિ રહે. એક નાનુશું ફૂલ ખીલે તેને માટે કેટકેટલી સામગ્રીનો, સંજોગોનો અને સાનુકૂળતાનો સંભાર ભેગો થવો જોઇએ એ કદી વિચાર્યું છે? પૃથ્વી, પાણી, તેજ અને વાયુનાં તત્ત્વો ચોક્કસ પ્રમાણમાં એકત્ર થઇને કાર્ય કરે તો જ ફૂલનો વિકાસ શક્ય બને. જમીન, વરસાદ, સૂર્યનું તેજ ને હવા એ સર્વેનો અપૂર્વ મેળ જામે ત્યારે ફૂલ ખીલે. આખા વિશ્વમાં સંવાદનો જે મહાન નિયમ કાર્ય કરી રહેલો છે તેનું સંગીત આપણે પુષ્પના વિકાસમાં સાંભળી શકીએ છીએ અને ત્યાર પછી ધારીએ તો કોઇ પણ વસ્તુના કેવળ બહારના દેખાવથી છેતરાતાં પણ આપણે સહેલાઈથી અટકી શકીએ.

ઉપરનો વિચાર કરતાં આપણને જણાય છે કે ક્ષુદ્ર, ગંદી લાગતી પૃથ્વીના જ અંતરમાં પુષ્પના સુંદર પરિમલનાં તત્ત્વો ને ફળના વિધવિધ સ્વાદની સામગ્રી, જગતનાં સૌરભ અને પુષ્ટિ રહેલાં છે. આપણી સ્થૂલ ઇન્દ્રિયો આપણને પાર્થિવ જગતનું વાસ્તવિક જ્ઞાન પણ આપતી નથી ને આપણને છેતરે છે, અને સજ્ઞાન પ્રયત્ન ન કરીએ તો ઇન્દ્રિયો તો આપણને અયથાદર્શન કરાવે છે!!

ડૉ. જગદીશચંદ્ર બોઝે સિદ્ધ કર્યું છે કે છોડમાં પ્રવાહી જીવનરસની ગતિનું કારણ તેનામાં રહેલી જીવનશક્તિ છે. છોડનું હૃદય ધબકે છે, તે પાંદડાં વડે શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરે છે તથા સૂર્યના તેજનું પૃથક્કરણ કરી તેમાંથી ઇન્દ્રધનુષ્યના જેટલા–અરે તેથી પણ વધારે—રંગનાં ફૂલોને તે પ્રગટાવે છે તથા પાંદડામાં લીલા રંગનો જીવનપ્રદ સંચય કરે છે.

જેને છોડવાઓ અને વૃક્ષો સજીવ નહિ લાગ્યા હોય એવો માનવી મને લાગે છે કે ભાગ્યે જ મળશે. પુષ્પો સ્મિત કરે છે, તેઓ અભિમાનથી કોઇ વાર ગૌરવથી ડોક ઊંચી કરે છે, નમ્રતાથી લચી રહે છે મધુરતાભર્યાં દ્રવે છે, આનંદથી હીંચે છે, ગ્લાનિથી સુકાય છે, શોકથી કરમાય છે. જીવનશક્તિ જતાં ખરી પડે છે!


પુષ્પોની નરી નિર્દોષતા પણ માનવને આકર્ષે છે. પરંતુ એ નિર્દોષતામાં અશક્તિ કે સામર્થ્યનો અભાવ મુદ્દલે નથી. તેના પરિમલના પ્રસારમાં ઉદ્ધતાઇ કે અભિમાન પણ નથી હોતું. પુષ્પ સુગંધ વહેવડાવે છે કારણકે તેને માટે તે સહજ છે—કહો અનિવાર્ય છે. માનવને લાગે છે, 'મારૂં જીવન પણ એવું આનંદભર્યું, ને માધુર્ય દાન કરવામાં ક્રમેક્રમે સિકાસ સાધતું ગતિ કરે તો કેવું સારૂં?'


આ પ્રમાણે આપણે જોઈ શકીએ છીએ કે પુષ્પો માનવને માટે અર્થભર્યાં સૂચકો (યાને પ્રતીકો) થઇ રહે છે અને તેથી જ જીવનના મહા પ્રસંગોમાં—લગ્ન, ધાર્મિક ક્રિયા, પૂજા, જન્મ, યુદ્ધ કે મૃત્યુના પ્રસંગોએ—માનવી પુષ્પનો ઉપયોગ કરે છે. પુષ્પોનો ઉપયોગ ભગવાનની પૂજામાં થાય છે, કારણકે પૃથ્વીની બીજી કૃત્રિમ સમૃદ્ધિ—સુવર્ણ, રત્ન, મણિ વગેરે—કરતાં માનવને એક પુષ્પ વધારે સમૃદ્ધ અર્થભર્યું અને અમૂલ્ય લાગે છે. જીવનના ક્રમવિકાસનું અને તેની પરમ સાર્થકતાનું તે પ્રત્યક્ષ સ્વરૂપ છે. ભગવાનને પુષ્પાંજલિ અર્પણ કરીને માનવ પોતાના અંતરાત્માને પરમ જ્યોતિ પ્રત્યે ખુલ્લો કરવાની અભિલાષા અજાણ્યે પ્રગટ કરે છે. આપણી પાસે વિવિધ રૂપ અને રંગમાં સજ્જ થઇને આવનાર પુષ્પ કેવળ અર્થહીન છે એમ કોણ કહી શકશે? જો આપણે તેની સાથે એકતા સાધી શકીએ તો, મને લાગે છે કે, પ્રત્યેક પુષ્પ આપણને તેનો પોતાનો વિશિષ્ટ અર્થ, તેનો પોતાનો સંદેશ આપી શકે છે. તે આપણને પોતાનો આંતરધર્મ સમજાવે છે. રાત્રિની ગાઢ શાંતિમાં પ્રસરતી મોગરાની લૂમોની સુવાસથી પવિત્રતાનો ખ્યાલ કોને નહિ આવ્યો હોય? યા તો હારશૃંગારની ઉત્કટ સુગંધથી કોણે દિવ્ય જીવન પ્રત્યેની તીવ્ર અભીપ્સાનો ભાવ નહિ અનુભવ્યો હોય? કેટલાંક પુષ્પોમાં ઉદાત્તતા તો કેટલાંકમાં અન્ય ભાવ પ્રકટ થતો કેટલીયે વાર જણાય છે. આ રીતે જોતાં પુષ્પ એ દેવની ભાષા છે.

દરેક પ્રજા પુષ્પ પ્રત્યે જુદુંજુદું વલણ ધરાવે છે. જાપાનની પ્રજાએ પુષ્પ પ્રત્યેનું પોતાનું વલણ રસવૃત્તિ કેળવીકેળવીને એવું તો ઉન્નત અને ભાવભર્યું બનાવ્યું છે કે પુષ્પની કાળજી લેવામાં તથા ઘરના ઉત્તમોત્તમ ઓરડાને પુષ્પો વડે સુશોભિત કરવાની રસવૃત્તિમાં તેઓ બીજી બધી પ્રજાઓ કરતાં ચડિયાતા છે. કરમાએલાં પુષ્પોના વિસર્જનમાં પણ તેમની સુકુમાર નાજુક વૃત્તિ પરદેશીને મુગ્ધ કરે છે. પ્રાચીન બુદ્ધ-સાધકો અને મહાત્માઓ ઘણી વાર પોતાના ખંડમાં કેવળ પુષ્પોની વિશિષ્ટ રચના વડે પોતાના અતિથિઓને કે શિષ્યોને વગર બોલ્યે બોધ આપતા!

કેવળ શોખને–વિલાસને–ખાતર પુષ્પોનો ઉપયોગ કરવો એ જડવાદનું પરિણામ છે. આપણા ગુજરાતમાં હિંદના બીજા કેટલાક પ્રાંતો જેવો પુષ્પોનો શોખ નથી એ શોચનીય છે. પુષ્પોની કાળજી, બાગકામનો શોખ, પુષ્પો માટે સ્વાભાવિક મૃદુતાભરી લાગણી અને સંભાળ વગેરે આપણી વ્યાપારી વૃત્તિવાળી પ્રજામાંથી ઘસાઈ ગયાં છે. આપણા ઘરની શોભામાં, શહેરોની રચનામાં, ગામડાનાં જીવનમાં વૃક્ષોને, પુષ્પના છોડોને કે પુષ્પોને સ્થાન નથી એ અફસોસની વાત છે. આપણા લોકો વનસ્પતિસૃષ્ટિના જીવંત સંસર્ગમાં આવતા જ નથી, અને આવવાનો પ્રયત્ન પણ કરતા નથી. બીજનું આરોપણ, તેનું સંગોપન, સંવર્ધન—અંકુરિત થવું—તેમાંથી પ્રત્યક્ષ આશ્ચર્ય પેઠે અંકુરનું વધવું અને અંતે અનેક રસાયનિક ફેરફારોને અંતે પુષ્પનું પ્રગટ થવું, આ આખી ઘટનાની પરંપરા માનવને આનંદ આપનારૂં સાધન હોઇ તેને કાંઇ ઓછું જ્ઞાન આપનારૂં નથી નીવડતું! બાળકો પ્રત્યે હોય છે તેવું વાત્સલ્ય છોડવા પ્રત્યે અનુભવનારની રસવૃત્તિ જે કોમળતા શીખે છે તે બીજા કૃત્રિમ પ્રયત્નો વડે ભાગ્યે સાધી શકાય. ઊગતા જુવાનો બાગકામના શોખને ખીલવે એ ઘણું ઇષ્ટ છે.

અંબાલાલ બાળકૃષ્ણ પુરાણી





રોજ રાજપુત્ર ગાયો ચારવા તળેટીના જંગલમાં જાય અને પહાડ પરના
સ્ફટિકના મહેલ સામે જોઇને રાજકન્યાના વિચાર કરે.
(ચંપા રાજકન્યા)



એલુર (દક્ષિણ હિંદ)ના મંદિરનું ઇ.સ. ૧૨૦૦ની સાલનું સુંદર શિલ્પ

મદનકાય (નર્તકી)ની લાવણ્યભરી મૂર્તિ

હિંદનાં શિલ્પ-સ્થાપત્ય


હવે આપણે આ અવલોકનમાં ઇ.સ. ૧૦૦૦–૧૧૦૦ સુધી આવી પહોંચ્યા છીએ. ગ્વાલિયર પાસેના એક નવમી દસમી સદીના 'ખજુરાઓ'ના મંદિરનાં વખાણ થાય છે, પરંતુ એ મેં જોયું નથી. ત્યાર પછીનાં મંદિરોમાં ગુજરાત અને કર્ણાટકનાં સુપ્રસિદ્ધ સ્થળો આવે છે. પરંતુ મ્હૈસુર રાજ્યનું શ્રમણ બેળગુળ ઇ.સ. ૯૦૦ની સાલનું હોવાથી એનું વર્ણન પ્રથમ કરીને આપણે ગુજરાત તરફ વળીએ.



બેલુરના મંદિરમાંની 'કેશવ'ની મૂર્તિ
જેનું વર્ણન આ લેખને છેડે કરવામાં આવ્યું છે.

તામિલ, તેલુગુ આદિ ભાષાઓ બોલતા દ્રવીડ દેશોમાં ઇ.સ. પૂર્વેના સમયમાં કોઇ અજ્ઞાત કાળે આર્ય પ્રજા ગઇ હતી. અગત્સ્ય ઋષિ અને એમના અનુયાયીઓ આર્ય થાણાંઓ નાખતા ત્યાં રહ્યા હતા. યાદવાસ્થળી થયા બાદ કોઇ રડયાખડયા યાદવો કે એમના સંબંધીઓએ કર્ણાટક સુધી જઇ રાજ્યો સ્થાપ્યાં હતાં. ત્યાંના હોયેશાલ વંશના રાજાઓ યાદવ કુળના ગણાય છે. એમનું રાજ્ય કર્ણાટકમાં હતું અને રાજ્યધાની પહેલાં દ્વારસમુદ્રમાં ને પછી વિજયનગરમાં હતી. હાલના ત્યાંના આયર અને આયંગર બ્રાહ્મણો ઉત્તરેથી ગએલા શુદ્ધ બ્રાહ્મણોનાં સંતાન છે. એ બ્રાહ્મણોએ રાજ્યાશ્રયથી તેમજ પોતાના જ્ઞાનબળે દ્રવીડ પ્રજાઓને આર્યધર્મની દીક્ષા આપી અને ઉત્તરની સંસ્કૃતિ, ધર્મભાવના તથા પૂજાવિધિઓ દક્ષિણ દેશોમાં દાખલ કર્યાં. દરેક ધર્મમાં નવા દાખલ થએલાઓ વિષે એવો અનુભવ છે કે મૂળ ધર્મ પાળનારાઓના કરતાં પણ એ ઝનૂનમાં ને આચારમાં ચડી જાય છે. દક્ષિણ દેશોમાં પણ એમ જ બન્યું. બ્રાહ્મણ ધર્મમાં દીક્ષા પામેલી ત્યાંની નવી પ્રજાએ ઉત્સાહ અને પ્રેમથી મદુરા, કાંજીવરમ ઇત્યાદિ સ્થળોએ મથુરાં અને કાશી જેવાં ભવ્ય ધામો ઊભાં કર્યાં. એ શહેરો ત્યાંના અથોક મંદિરોને લીધે Temple Cities (મંદિર-નગરો) કહેવાય છે. વળી ત્યાં સુધી મુસલમાન સત્તા પહોંચી ન હતી એટલે ત્યાંનાં મંદિરો અખંડિત પણ રહ્યાં છે ને જૂના રિવાજ પ્રમાણેની પૂજાઅર્ચા આજ દિન સુધી ત્યાં ચાલ્યા કરી છે. ત્યાં રાજેન્દ્ર ચોલા બહુ ધાર્મિક અને કલાપ્રેમી થઇ ગયો. કાંજીવરમનાં મુખ્ય મંદિરો એનાં બંધાવેલાં છે. પલ્લવ રાજાઓની રાજ્યધાની મદુરામાં હતી એટલે એમણે મદુરાનાં દેવાલયો બંધાવ્યાં. તે પછી રાજા પુલકેશી કનોજના હર્ષવર્ધનનો સમકાલીન હતો. એ ઇરાનની રાજકન્યા જોડે પરણ્યો હતો. એનું મુખ્ય શહેર બદામી હતું. અજંતાની ગુફાઓ પર આલેખાએલ કેટલાંક ચિત્રો ઘણું કરીને એને વિષેનાં જ છે.

હોયેશાલ રાજાઓ મ્હૈસુર રાજ્યમાં આવેલા દ્વાર-



શ્રમણ બેળગુળની ટેકરી પરની અખંડ પથ્થરમાંથી કોરેલી ગોમતેશ્વરની આ ૬૦ ફીટ ઊંચી મહાકાય ભવ્ય છતાં સૌમ્ય મૂર્તિ દક્ષિણના ૧૦મા સૈકાના શિલ્પનો નમૂનો છે.




ગુલકાયાજીની મૂર્તિ

સમુદ્રમાં રાજ્યધાની કરીને રહ્યા હતા. બેલુર અને હળેબીડમાં ઇ.સ. ૧૨૦૦ની સાલનાં જે અદ્દભુત સુંદર દેવાલયો છે તે તેમનાં બંધાવેલાં. એમના જ વંશમાંથી વિજયનગરનું મહારાજ્ય સ્થપાયું અને વિજયનગરના નાશ પછી એ જ કુળમાંથી એક વેલો જે વધ્યો તેમણે હાલના મ્હૈસુર રાજ્યની સ્થાપના કરી છે. મહિષાસુરને મારનારી મહિષાસુર-મર્દિની અથવા ચંડી મ્હૈસુરના મહારાજાઓની કુળદેવી છે અને મ્હૈસુર પાસે આવેલી ઊંચી ટેકરી પર એ ચંડીનું ધામ છે. એ ચામુંડા ટેકરી પરના મંદિરના વીજળીના દીવાથી રાત્રે એ ધામ તારામંડળ જેવું લાગે છે. આર્ય લોકોએ અહીં આવી અહીંના મૂળ વતનીઓને મારી હરાવીને આ રાજ્યો સ્થાપ્યાં હશે તે ઉપરથી મહિષાસુર અને ચંડીની વાતો ઉદ્દભવી હશે.

ધર્મમાં પણ શૈવ, શક્તિ અને વૈષ્ણવ સંપ્રદાયો એક પછી એક એમનાં મંદિરો અને પૂજાવિધિ સાથે દક્ષિણમાં સ્થપાયાં. શૈવ અને વૈષ્ણવ સંપ્રદાયોમાં મોટામોટા ભક્તો અને કવિઓ અહીં થઇ ગયા. એમાં શૂદ્રો અને અતિશૂદ્રો પણ હતા, સ્ત્રીઓ પણ હતી. તામીલ ભાષાનું સાહિત્ય એ ભક્તકવિઓને લીધે બહુ સમૃદ્ધ છે.

તૈલંગણ દેશ પણ ખૂબ સંસ્કારી બન્યો. તૈલંગણના રાજાઓ છેક ગુજરાત સુધી ચડી આવતા અને એમણે ગુજરાત સુધી રાજકીય તથા સામાજિક સંબંધો બાંધ્યા હતા. આંધ્રની સત્તા હિંદના પૂર્વ કિનારાના ઘણા ભાગ સુધી–છેક ઓરિસ્સા સુધી–પહોંચી હતી. આમ, ધર્મ અને રાજ્યવૈભવમાં દક્ષિણની મૂળ અનાર્ય પ્રજાઓ આર્ય પ્રજાઓ કરતાં પણ કેટલીક વાર ચડી ગઇ.

છિન્નભિન્ન થએલા સનાતન હિંદુ ધર્મને સુવ્યવસ્થિત કરનાર મોટા આચાર્યો પણ દક્ષિણમાં થયા. શંકરાચાર્ય મલબાર કિનારાના હતા, રામાનુજાચાર્ય કર્ણાટકના હતા અને વલ્લભાચાર્ય પણ આંધ્રની તેલુગુ ભાષા બોલતી પ્રજામાંથી જ ઉત્પન્ન થયા હતા. આમ, ઉત્તરે દક્ષિણમાં જે ધર્મ ફેલાવ્યો તેનો બદલો ઉત્તરના આપત્તિકાળે આ મહાન આચાર્યો દ્વારા દક્ષિણે વાળી દીધો. ઉત્તર દક્ષિણ આખું હિંદ ધર્મસંસ્કારમાં અને આચારવિચારમાં એક થયું. સ્મૃતિઓમાં



નાગેશ્વર મંદિરનું દક્ષિણ તરફનું દૃશ્ય : બેલુર-હળેબીડનાં બધાં મંદિરો આવી શિલ્પસમૃદ્ધિથી ભરેલાં છે.

કહેલા રાજ્યધર્મ દક્ષિણ દેશોમાં રાજાઓ પણ પાળતા હતા. વર્ણાશ્રમધર્મ એનાં ભૂષણો ને દૂષણો સાથે બધે એકસરખી રીતે ફેલાઇ ગયો હતો.

જેમ બ્રાહ્મણોનો આર્ય ધર્મ દક્ષિણમાં ફાલ્યો અને ફૂલ્યો તેમ શ્રમણ ધર્મો (એટલે બૌદ્ધ અને જૈન ધર્મ) પણ દક્ષિણમાં પૂર વેગથી ગયા હતા. અશોકનાં પુત્ર-પુત્રી મહેન્દ્ર અને સંઘમિત્રાએ છેક લંકા સુધી બૌદ્ધ ધર્મ પ્રસાર્યો. પરંતુ એ બંને લકામાં ગયાં તે પહેલાં પણ હાલના મદ્રાસ ઇલાકાના ઘણા ભાગોમાં બૌદ્ધ ધર્મ ફેલાએલો હતો સીતાનવાસન નામની અજંતાના જેવી જ ચિત્રકળાથી આલેખાએલી મદ્રાસ ઇલાકાની ગુફાઓ બૌદ્ધ ધર્મના પ્રચારની સાક્ષી રૂપ હજી ઊભી છે. બૌદ્ધ ધર્મના અસ્તકાળે હ્યુએનસંગ મદુરા અને કાંજીવરમ ગયો હતો અને ત્યાં ક્ષીણ થતા જતા એ બૌદ્ધ ધર્મને માટે પોતાના વૃત્તાંતમાં એણે શોક દર્શાવ્યો છે. જૈન ધર્મ પણ ઉપરના ધર્મોની માફક છેક ચંદ્રગુપ્તના સમય પહેલાં દક્ષિણમાં ગયો હતો. ઉત્તરમાં બાર વર્ષનો ભયંકર દુષ્કાળ પડવાનો છે એવી આગાહી થવાથી ભદ્રબાહુ, સાથે આવ્યાં એટલાં જૈન કુટુંબોને લઇને દક્ષિણમાં ગયા હતા.

મહાવીર બુદ્ધના સમકાલીન હતા. એમના પુત્રો વચ્ચે ગાદી માટે લડાઇ થઈ હતી. તેમાં નાનો ભદ્રબાહુ મોટાને હરાવીને રાજા થઇ પડ્યો; પરંતુ પાછળથી પસ્તાયો. એટલે દક્ષિણના શ્રમણ બેળગુળ મુકામે આવી તે પશ્ચાત્તાપ અને તપ કરવા લાગ્યો તથા ધીમેધીમે એ તપશ્ચર્યાને અંતે તે કૈવલ્યપદને પામ્યો. શ્રમણ બેળગુળમાંની ૬૦ ફીટ ઊંચી અખંડ નક્કર પહાડમાંથી જ કોતરી કાઢેલી એની મહાકાય મૂર્તિ ગોમતેશ્વરને નામે ઓળખાય છે અને શિલ્પશાસ્ત્ર તથા કલાની દૃષ્ટિએ અગત્યની ગણાતી આ ભવ્ય મૂર્તિ આપણી ૧૦૦૦ વર્ષ પરની કારીગીરીનો સચોટ ખ્યાલ આપે છે. એ સ્થળ તથા મૂર્તિ વિષેનું વર્ણન અગાઉ 'કુમાર'ના ૪૮મા અંકમાં વિસ્તારપૂર્વક ચિત્રો સાથે આવ્યું છે. એ વિરાટ મૂર્તિની ઉપર આકાશ અને નીચે પૃથ્વી છે. બધી ઇન્દ્રિયો પર જીત મેળવીને, નેપોલિયન કે શિવાજી કરતાં પણ મહાન એવો આ વીર જૈન ઊભો છે. પગે ઝાડના વેલા વીંટાઇ ગયા છે, સાપના રાફડા જામ્યા છે; પરંતુ એકધ્યાની એ તપસ્વી એ કશું ન ગણકારતાં અંતરના શત્રુઓને હણી પૂર્ણ જ્ઞાન મેળવી આત્મબળથી જીવનની પૂર્ણ



બેલુરના મંદિરના સ્તંભ પરની નર્તકી

દશાને પામ્યો છે. એ એવા પદનો અધિકારી થયો છે કે જેની આગળ આપણે, રાજા કે રંક, પામર–વામનજી જેવાં છીએ. આપણાંથી એ અતિશય મોટો–મહાન છે એટલે જ એ મૂર્તિ ૧૨ ગણી મોટી ૬૦ ફીટ ઊંચી કરેલી છે; કે જેથી એનાં દર્શન વડે જ આપણી ક્ષુદ્રતાનો કંઇક ખ્યાલ આપણે કરી શકીએ!

ઘણા ફોટોગ્રાફરો આ ગોમતેશ્વરની સામેથી છબી પાડવા ઊંચાઊંચી પાલખો બાંધીને છબીઓ લે છે; પરંતુ શિલ્પિએ એની ગોઠવણ એવી રાખી છે કે નીચેથી જ એ બરાબર જોવાય. દર્શન કરનાર કંઈ પાલખો બાંધીને ઊંચે ચડવાનાં નથી એ શિલ્પિ બરાબર જાણે જ. એટલે દર્શન કરનાર જ્યાંથી જોઇ શકે ત્યાંથી એ મૂર્તિનું સ્વરૂપ સૌથી સરસ જણાય એવી એની રચના કરી છે. આ મૂર્તિ વિષે મેં પહેલાંથી સાંભળેલું; અને આવી મોટી મૂર્તિ નગ્ન હશે તે બેશરમી લાગશે એમ એ જોયા પહેલાં મેં માનેલું. પરંતુ પાસે ગયા પછી અમે જોયું કે નાનો બાળક નગ્ન ઊભો હોય એવી એ નિર્દોષ ને સાત્ત્વિક લાગતી હતી. એનાં શરીરનાં બધાં અવયવો પણ પ્રમાણબદ્ધ છે એટલે સૌંદર્યમાં એ ઉતરતી નથી. એમની ટચલી આંગળી માપી જોઇ તો છત્રી જેવડી મોટી થઇ! આ ઉપરથી એ મૂર્તિના પ્રમાણનો ખ્યાલ આવશે. કવિજનોએ આ મૂર્તિનાં ઘણાં વખાણ કર્યાં છે. એમાં એક નીચે પ્રમાણે છે: 'શ્રી ગોમતેશ્વરના કૃપા-કટાક્ષ જેમના પર પડે છે તેમના આશયો શુદ્ધ થઇ જાય છે.'

આ મૂર્તિની સામે, દર્શન કરવા આવેલા બ્રહ્માની સુંદર મૂર્તિ છે અને એમની નીચે ગુલકાયાજી નામની એક ભલી બાઇની મૂર્તિ છે. એ બંને મૂર્તિઓ ઘાટીલી અને તાદૃશ્ય છે. ગુલકાયાજીની વાત નીચે પ્રમાણે છે:

ચામુંડરાય નામનો એક જૈન સેનાધ્યક્ષ પોતાની માતાને આ મૂર્તિનાં દર્શન કરાવવા આ સ્થળે આવેલો. માતાને કોઇ જૈન સાધુએ કહેલું કે ગોમતેશ્વરનાં દર્શન બહુ જ પાવનકારી છે; પરંતુ ત્યાં ઝેરી કુકડા રહે છે અને ઝાડી તથા ઘાસ તળે જંગલમાં એ દટાએલી પડી છે. માતાજી તો એનાં દર્શન કર્યા વગર ભોજન ન લેવું એવી પ્રતિજ્ઞા કરી બેઠાં. ને માત્ર દૂધ પીને જ રહેવા લાગ્યાં. આ વાતની ચામુંડરાયને પોતાની પત્ની પાસેથી ખબર પડી એટલે તરત એ લાવલશ્કર લઇને સહકુટુંબ શ્રમણ બેળગુળ આવવા નીકળ્યો. એ સ્થાન એણે સાફ કરાવ્યું, તેનો પુનરુદ્ધાર કરાવ્યો અને માતાને આ ભવ્ય મૂર્તિનાં દર્શન કરાવ્યાં તેના ઉત્સાહમાં ત્યાં મહાપૂજાની યોજના કરી. ખૂબ ધામધૂમ અને આડંબરથી એ પૂજાસમારંભ થયો. એ પૂજાવિધિમાં એક દિવસ ગોમતેશ્વર ભગવાનને દૂધ વડે નવડાવવાના હતા. દેગડે દેગડા ભરીને દૂધ લાવવામાં આવ્યું. આવામાં ચામુંડરાયને અભિમાન થયું કે 'ઓહો! આવી ધામધૂમથી ગોમતેશ્વરની કોઇએ પૂજા નહિ કરી હોય. હું કેવો ભાગ્યશાળી!'

પછી ભગવાનને દૂધ ચડાવવામાં આવે છે પણ તે ભગવાનની કેડ આગળથી જ નીચે પડી જાય છે. પગ સુધી એ જતું નથી. અભિમાનીનું દૂધ ભગવાન સ્વીકારતા નથી. એવામાં કોઇ દૂરને ગામડેથી ગુલકાયાજી નામની એક ગરીબ બાઇ આવી છે. એ



'શિલ્પ સમૃદ્ધિ'નો ખરેખરો ખ્યાલ આપતા હળેબીડના આ છન્નકેશવના મંદિરમાં કળશથી તે છેક તળિયા સુધી સુંદર અને બારીક કારીગરીવાળું શિલ્પ ભરેલું છે. 'સમૃદ્ધિ'ના ખરા અર્થમાં અહીં શિલ્પની સમૃદ્ધિ ભરી છે.

નાળિયેરની એક નાની કાચલીમાં ભગવાનને દૂધ ચડાવવા લાવી છે. વિદ્વાનોના કહેવાથી પૂજારીઓ એનું દૂધ લઇને ચામુંડરાયના દૂધ ભેગું નાખીને જ્યાં ચડાવે છે કે તરત દૂધ મૂર્તિના પગ સુધી આવે છે! આમ એક ગરીબ પણ નિરભિમાની બાઇની ભક્તિ સેનાધ્યક્ષ કરતાં ચડી જાય છે અને તરત જ ચામુંડરાયની આંખનાં પડળ ઊઘડી જાય છે. તે પછી આ બાઇની ખરી ભક્ત તરીકેની મૂર્તિ આ જગ્યાએ મૂકવામાં આવી છે.

આ ગોમતેશ્વરની ટેકરીની સામે જ ચંદ્રગિરિ છે. ત્યાં ચંદ્રગુપ્તે અનશન વ્રત કરીને પોતાનો દેહ પાડ્યો હતો એવી કથા છે. આ સ્થળથી થોડે દૂર હળેબીડ અને બેલુરનાં ઇ.સ. ૧૨૦૦ની સાલનાં વિખ્યાત સુંદર મંદિરો છે. હળેબીડના મંદિર બહારની મૂર્તિઓ અત્યંત સુંદર અને ઘાટીલી છે. નૃત્ય કરતાં દેવદેવીઓ, મદનકાય (એટલે નર્તકીઓ), અપ્સરાઓ વગેરેની મૂર્તિઓ અહીં પુષ્કળ છે અને એટલી સુંદર, સપ્રમાણ, લાવણ્યભરી અને મનોહર છે કે આ હળેબીડ–બેલુર એ શિલ્પવિદ્યાના મહાન આચાર્યોનાં જાણે મોટાં સંગ્રહસ્થાનો છે.

અહીં નૃત્ય કરતાં સરસ્વતી, નૃત્ય કરતા ગણપતિ અને બીજાં અનેક દેવદેવીઓ છે. કોઇના મુખ ઉપર વિષાદ કે માનુષી ભાવોનું સૂચન નથી. બધાં જાણે પ્રફુલ્લિત અને મુદિત છે! સૌકોઇ ભક્તિરસથી ભીંજાઇ રહ્યાં છે ને કેટલાંક તો આનંદસમાધિમાં લીન લાગે છે! અહીંની ઘણી ઉત્તમ વસ્તુઓ જોકે જંગલી લોકોએ ભાંગી નાખી છે અને જે રહી એમાંથી પણ ઉત્તમ ઉત્તમ ચોરાઈ ગઇ છે, તેમ છતાં હજી પણ બેલુર અને હળેબીડનાં આ સ્થળો એવાં છે કે એ વડે આપણી

પ્રાચીન શિલ્પકળા માટે અભિમાનપૂર્વક આપણે મન વાળી શકીએ. આટલું પણ હજી સચવાઇ રહેશે તો આપણી આર્ય શિલ્પકળા કેવી ઉચ્ચ સ્થિતિએ પહોંચી હતી તે આપણે સ્મરણમાં રાખી શકીશું.

બેલુરમાં હોયેશાલ વંશના નૃસિંહવર્માએ, પોતાને તથા પોતાની સ્ત્રીને માટે બંધાવેલાં બે વૈષ્ણવ મંદિરો છે. પગથીએ ચડતાં જ હોયેશાલ રાજાને વાઘનો વધ કરતો કોતરેલો છે. હોયેશાલનો અર્થ જ 'વાઘમાર' એવો થાય છે. કોઇ જૈન આચાર્યે નૃસિંહવર્માને 'જા! પેલો વાઘમાર' એવી આજ્ઞા કરી હતી. નૃસિંહવર્મા તે વખતે જૈન હતો અને આચાર્ય પાસે દર્શન કરવા ગએલો. આચાર્યના પ્રતાપથી એ વાઘને મારી શકે છે અને રાજ્ય મેળવે છે. તેમ છતાં રામાનુજાચાર્ય એને આગળ ઉપર વૈષ્ણવ ધર્મનો ઉપદેશ આપી વૈષ્ણવ બનાવે છે. એ વૈષ્ણવ થયો એની યાદગીરીમાં એણે 'કેશવ'નાં બે મંદિરો બંધાવ્યાં છે. એક પોતાનું અને એક પોતાની રાણીનું. રામાનુજાચાર્યે એ બંને મંદિરોમાં અંત્યજોને આવવા દેવાની આજ્ઞા કરી હતી, પરંતુ બ્રાહ્મણોના આગ્રહથી એ પોતાના મંદિરમાં તો અંત્યજોને મરજી છતાં આવવા દઇ શક્યો નહિ, પણ રાણીના મંદિરમાં અંત્યજોને જવાની છૂટ આપેલી. તેથી બ્રાહ્મણો એ મંદિરની પૂજા કરતા નથી! રાણીના મંદિરમાંની કેશવની એ મૂર્તિ આજે પણ અપૂજ્ય છે, જ્યારે રાજાના મંદિરમાંના કેશવની હજી ષોડષ વિધિથી પૂજા થાય છે. છતાં ખૂબી એ છે કે રાણીના મંદિરમાંની કેશવની મૂર્તિ વધારે ભાવપૂર્ણ અને દૈવી તત્ત્વવાળી લાગે છે.

આ કેશવની મૂર્તિ જેવી કોઇ મૂર્તિ મેં જિંદગીભરમાં હજી જોઈ નથી. 'અવલોકિતેશ્વર'ની મૂર્તિની છબી મેં જોઇ છે. અને આ મૂર્તિ જોતાં મને એ છબીનું સ્મરણ થયું. પરંતુ એ અવલોકિતેશ્વર તો આજે આપણા દુર્ભાગ્યે બર્લિનમાં છે! આ કેશવ સામે તમારે ધારીધારીને જોવું જોઇએ. અંદર અંધારૂં છે, એટલે દીવો સળગાવીને ધ્યાનપૂર્વક જોઇએ તો લાગે છે કે નાની કીડીથી તે મોટા હાથી જેવડાં પ્રાણીની રાતદિવસ કાળજીપૂર્વક સંભાળ લેનારો વિષ્ણુ ભગવાન જાણે આ જ સાક્ષાત છે. બ્રહ્મા જન્મ આપે છે, શિવ સંહાર કરે છે (અને જોકે ફાટેલાં વસ્ત્ર બદલી આપણે નવાં વસ્ત્ર પહેરીએ છીએ એવું જ મૃત્યુ હોય છે, એટલે શિવ કલ્યાણ માટે જ મૃત્યુ આપે છે.) પણ જીવસૃષ્ટિની પરમ રક્ષા કરનાર, જીવનમાં મીઠાં સુખ આપનાર અને સુખસંપત્તિ તથા આબાદાનીથી આપણો વિકાસ કરનાર દેવ તો વિષ્ણુ જ ગણાયો છે. એ પિતા કરતાં પણ વિશેષ પ્રેમલ અને માતા કરતાં પણ અધિક વત્સલ છે. આ બધા વિચારો આ મૂર્તિ જોઇને આપણને આવ્યા વગર રહેતા નથી.

બેલુરના મંડપના સ્તંભ એકએકથી અલગ, એકએકથી વિવિધ અને જાણે એકએકથી ચડિયાતી કારીગીરીવાળા છે, અને મંડપની ઉપર તથા ઘૂમટ નીચે બધે સુંદર પૂતળીઓ છે. તેના પર ઝીણી કોતરણી અને ઉત્તમ વસ્ત્રાલંકાર બહુ બુદ્ધિકૌશલથી કોતરવામાં આવ્યાં છે. એક પૂતળીના હાથની બંગડીઓ હાથમાં ફરી શકે છે, અને માથા ઉપર બાંધેલી બંધીનું બોર ઊંચું નીચું થઇ શકે છે! અને આ બધું એક અખંડ પથ્થરની શિલામાંથી કોરેલું! ૭૦૦–૮૦૦ વર્ષ થયાં આ બંગડી ને બોર કેટલાં યે પ્રેક્ષકોએ ફરવી જોયાં હશે. હજી એ આખાં અણીશુદ્ધ રહ્યાં છે. શી કારીગરી!

બહારની રચના પણ અજબ છે! આખું રામાયણ પથ્થરનાં આખાં પૂતળાંમાં કોતરી કાઢેલું છે. અહીં સાંચી જેવી માત્ર ઉપસાવેલી મૂર્તિઓ (ભાસ્કર્ય) નથી, પરંતુ મંદિરની જમણી અને ડાબી બાજુએએ, રામચંદ્રજીના જીવનના મુખ્ય મુખ્ય બનાવોની બબ્બે ત્રણત્રણ ફીટની મૂર્તિઓ પથ્થરમાંથી કોતરીને ઘડેલી છે, અને અનુક્રમે ગોઠવેલી છે. ઉપરાંત નૃત્ય, સંગીત વગેરે કરતી સુંદર મદનકાયાઓની ઘાટીલી મૂર્તિઓ અહીં છે. દેવદેવીઓના જીવનની પુરાણકથાઓ પણ છે અને સરઘસો તથા શિકારના દેખાવો પણ છે. એક બે લાંબી હારોમાં સ્ત્રીઓનું લશ્કર ઘોડાઓ પર બેસીને જતું દેખાડ્યું છે એ, તે સમયની સ્ત્રીઓનાં શૌર્ય કેવાં હશે તે બતાવે છે. 'શિલ્પસમૃદ્ધિ' શું કહેવાય તેનો ખરેખરો ખ્યાલ અહીં આવે છે. 'સમૃદ્ધિ'ના ખરા અર્થમાં અહીં શિલ્પની 'સમૃદ્ધિ' ભરી છે.

(ચાલુ)

હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ

શિક્ષક—સાંભળનારા કંટાળી જાય ત્યાં સુધી બકબક કર્યા જ કરે એવા માણસને આપણે શું કહીએ છીએ?

એક ચેકુસ—પંતુજી, સાહેબ!

સ્મરણયાત્રા

૨૮][શ્રાવણી સોમવાર

અમે મહાદેવના ઉપાસક. ઘરમાં પૂજામાં અનેક મૂર્તિઓ અને શિવનાં બાણ, વિષ્ણુનું શાલિગ્રામ, ગણપતિનો લાલ પાષાણ, સૂર્યનો સૂર્યકાન્ત મણિ અને દેવીનો ચળકતો સુવર્ણમુખી ધાતુનો કકડો, એવું એવું રહેતું. પણ પૂજામાં મુખ્ય મહાદેવને ઠેકાણે એક નાળિયેરને જ રાખવામાં આવતું. નાળિયેરને રોજ અભિષેક કરીએ, ચંદનપુષ્પ ચડાવીએ, નૈવેદ્ય ધરાવીએ, આરતી કરીએ અને પ્રાર્થના કરીએ. શ્રાવણ મહિનામાં પહેલે સોમવારે જૂનું નાળિયેર બદલીને નવું મૂકવામાં આવતું. વાઇસરૉય બદલાય ત્યારે જેમ બંનેનો સત્કાર થાય છે તેમ તે સોમવારે બંને નાળિયેરને સામટો અભિષેક થાય. પછી પૂજાનું નવું નાળિયેર મુખ્ય સ્થાને વિરાજે ને જૂનું નાળિયેર બાજુ પર બેસી પૂજા ગ્રહણ કરે. બીજે દિવસે જૂનું નાળિયેર વધેરીને એના કોપરાનો ઘરમાં સૌને પ્રસાદ વહેંચવામાં આવતો. હું કૉલેજમાં ભણતો ત્યારે પણ ટપાલ દ્વારા મને એ પ્રસાદ મળતો. પૂજા માટે નાળિયેર બહુ જ કાળજીથી પરિપક્વ જોઇ પસંદ કરવામાં આવતું. વરસ આખરે એનું કોપરૂં સારૂં નીવડે એ કુળદેવની કૃપા મનાતી. જો અંદરનું કોપરૂં ખોરૂં નીકળે અથવા કોહી જાય તો એ કુળદેવની અવકૃપાનું ચિહ્ન મનાતું.

આ રીતે શ્રાવણી સોમવાર એ જ અમારા કુળધર્મ પ્રમાણે અમને બેસતા વરસ જેવો લાગતો. તે દિવસે આખા દિવસનો ઉપવાસ તો હોય જ. અને લગભગ આખો દિવસ પૂજા ચાલે. પિતાશ્રીની દેવપૂજા, વૈશ્વદેવ, રુદ્ર, સૌર, ગણપતિ અથર્વશીર્ષ વગેરે બધું મોઢે હતું. ઘરમાં ગોર વેળાસર ન આવે તો પૂજા પોતે જ કરી લેતા. પછી ગોરનું કામ આવીને દક્ષિણા લઇ જવા પૂરતું જ રહેતું. કુળદેવ પ્રત્યેની પિતાશ્રીની નિષ્ઠા અને નમ્રતા નાનપણમાં તો મને સહજ સ્વાભાવિક લાગતી. આજે વિચાર કરતાં જોઉં છું કે એમના જેવી નિષ્ઠા મેં બહુ જ થોડા લોકોમાં જોઇ છે. અને તેથી, તે અસાધારણ હતી એમ આજે કહી શકું છું.

અમારે ત્યાંની બીજી એક પ્રથા મેં આજ સુધી બીજા કોઇ કુટુંબમાં જોઇ નથી. શ્રાવણી સોમવારને દિવસે સવારે ઊઠી, નહાઇધોઇ, સંધ્યાવંદનથી પરવારી પિતાશ્રી દેવઘરમાં જઇને બેસતા. પછી એક સુંદર કાગળ લઈ એને ચંદનકુંકુમ લગાડતા. પછી એના ઉપર કુળદેવને ઉદ્દેશીને એક કાગળ લખતા. કાગળ ઉપર વિવેકના શબ્દો એટલા બધા હોય કે કાગળની અરધી બાજુ એ વિવેકના શબ્દોથી જ ભરાઇ જતી. પછી ગયા વરસની કુટુંબની બધી હાલત લખી કાઢતા. 'આપે આ વરસમાં આટલી સમૃદ્ધિ આપી, ઘરમાં અમુક અમુક છોકરાં અવતર્યાં, અમુક રીતે ઉત્કર્ષ થયો વગેરે.' પછી વરસ દરમિયાનના મંદવાડ, ચિંતાનાં કારણો વગેરે બધું ગણાવી, 'અમે અજ્ઞાન છીએ, આપની "લીળા" સમજતા નથી, આપે જે કંઇ કર્યું છે તે શ્રદ્ધાથી વધાવી લેવું એ જ અમારો ધર્મ છે' વગેરે આવતું. ત્યાર પછી આવતા વરસને માટે જે કંઇ મનીષા હોય તે લખવામાં આવતી. એ મનીષામાં માગેલી વસ્તુ સામાન્ય સ્વરૂપની જ રહેતી. 'બધાંને આયુરારોગ્ય અને સન્મતિ આપો, બધાંને સુખસમાધાન મળો, કોઈ દુઃખી ન રહે.' આટલા પછી સામાજિક સુખદુઃખની વાતો આવતી, જેમાં મુખ્યત્વે દુકાળ, મોંઘવારી, મરકી વગેરેનો જ ઉલ્લેખ આવતો. અને એમાં પણ સૌને સુખસમાધાન રહે એવું માગવામાં આવતું. અને છેલ્લે 'લિ. દાસાનુદાસ' વગેરે લખી સહી કરવામાં આવતી. આ કાગળ પૂજા પછી કુળસ્વામીને ચરણે મૂકાતો.

આવા કાગળો લખવાની પ્રથા ઘરમાં છે એની જાણ પણ ઘણે વર્ષે મને થઈ. પિતાશ્રી એ કાગળ છાનો રાખતા એમ નહિ, પણ કોઇને ખાસ વંચાવતા નહિ. એવા જૂના કેટલા યે કાગળો એમની પેટીમાં પડેલા મેં ભેગા કર્યા હતા. અને ત્યારે જ મને એની ખબર પડી.

જે વરસે મને ખબર પડી તે જ વરસે પિતાશ્રી લખવા બેઠા હતા ત્યાં હું ગયો. અને એમની પાસેથી તે કાગળ વાંચવા માગ્યો. અધૂરો જ કાગળ એમણે મારા હાથમાં આપી મને કહ્યું, 'આમાં કંઇ ઉમેરવા

જેવું તને લાગતું હોય તો કહેજે.' હું કાગળ વાંચી ગયો. એની અસર મારા પર ભારે થઈ. શું ઉમેરવાલાયક છે એનો વિચાર કરવા લાગ્યો. એ જ અરસામાં હિંદુસ્તાનની સરહદ પર આફ્રીદી લોકો જોડે યુદ્ધ ચાલતું હતું. આફ્રીદી લોકો હિંદુસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેના મુલકમાં રહેનાર એક મુસલમાન જાતિ છે. એ લોકો બહુ જ બહાદુરીથી અંગ્રેજો સામે લડતા હતા એમ છાપાંમાં મેં વાંચ્યું હતું. મેં પિતાશ્રીને કહ્યું, 'અંગ્રેજોની હાર થાય અને આફ્રીદી લોકો જીતે એવું માગી ન લો ?' એમણે મારી વાત સાંભળી લીધી અને કાંઈક ઉમેરીને કાગળ પૂરો કર્યો.

બીજે કે ત્રીજે દિવસે એ કાગળ લઈને મેં વાંચ્યો. એમાં હારજીતનો ઉલ્લેખ જ ન હતો. એટલું જ હતું કે 'સરહદ પર લડાઈ ચાલે છે અને મનુષ્યસંહાર થાય છે, ત્યાં બંને પક્ષને સન્મતિ આપો. લડાઈ શાંત થાઓ અને સૌ સુખી રહો.' મને આ મોળી માગણી જરા યે ગમી નહિ. મનમાં એ પણ વિચાર આવ્યો કે સરકારની નોકરી કરે છે એટલા માટે એમના મનમાં આ સરકાર પ્રત્યે કંઈક પક્ષપાત હોવો જોઈએ. તકરાર કરવાની તો મારી હિંમત શાની ચાલે ? મેં એટલું જ કહ્યું, 'આવું કેમ લખ્યું ?' પિતાશ્રીએ કહ્યું, 'ઈશ્વર પાસે તો આમ જ મગાય. કોઈનું ભૂંડું આપણે શા માટે ઈચ્છીએ ? જેનાં કર્મ ખોટાં હશે તે વેઠશે. આપણે તો બધા સુખી રહે એમ જ માગી શકીએ. એમાં જ આપણને બરકત આવે.'

૨૯][દેશભક્તિના ભણકારા

દેશભક્તિની તેમજ શ્રી શિવાજી મહારાજની વાતો મેં પહેલવહેલી સાંભળી તે પૂનામાં. એ વખતે હું મરાઠી બીજીમાં હતો. પૂનામાં અમારા ઘરની પાસે જ બાબા દેશપાંડે કરીને એક પોલિસ હવાલદાર રહેતા હતા. અમારે ત્યાં એ ઘણીવાર આવે. એમની વહુ પણ અમારે ત્યાં બેસવા આવે. બહુ ભલી બાઈ હતી. બાબા અમારે ત્યાં આવી કેસુને, ગોંદુને અને મને પાસે બેસાડી અમને ઐતિહાસિક વાતો કહેતા. દેશભક્તિ એ માણસની પ્રથમ ફરજ છે, દેશને માટે મરવા તૈયાર થવું જોઈએ, એવું એવું અમને સમજાવતા. એ જ બાબા દેશપાંડે આગળ જતાં મુંબાઈ ઇલાકાના છૂપી પોલિસ ખાતાના એક મશહૂર અમલદાર થયા. મહારાષ્ટ્રની ક્રાંતિકારક હિલચાલોની જડ શોધી કાઢવામાં એ દેશપાંડેનો હિસ્સો અસાધારણ છે. આવા માણસ પાસેથી દેશભક્તિના શબ્દો પ્રથમ મારે કાને પડ્યા એ કેટલું વિચિત્ર!

પૂનેથી શાહપુર આવ્યા પછી અમે શિવાજીનો ઇતિહાસ વધારે વાંચ્યો. પછી તો સાંજે ફરવા જઈએ ત્યાં ટેકરી પર શિવાજી અને અફઝુલખાનની લડાઈ રમીએ. ધૂમટની ટેકરી પર પથરાની ખાણો ઘણી હતી. એમાંથી પથરા લઈને અમે સામસામા ફેંકતા. પૂરતા દૂર ઊભા રહીએ એટલે કોઈને વાગે નહિ.

એ તો મરાઠી ચોથીની વાત. અંગ્રેજી પહેલીમાં ગયા ત્યારે અમારી દેશભક્તિએ ભાષણોનું રૂપ લીધું. ઘરની મેડી પર કોઈ આવે નહિ એવે ઠેકાણે અમે ત્રણચાર મિત્રો ભેગા થતા અને વારાફરતી દેશભક્તિનાં ભાષણો કરતા. ભાષણોમાં શિવાજી મહારાજની સ્તુતિ અને અંગ્રેજોને તથા આજના જમાનાને ગાળો, એટલું જ આવતું. અંગ્રેજો સામે લડવું જોઈએ એટલો તો અમારો નિશ્ચય થઈ ચૂક્યો હતો. પણ તેને સારુ શરીર કસાયેલું હોવું જોઈએ. અમે કસરત અને કુસ્તી શરૂ કરી. અમારા મંડળમાં લાગુ કરીને એક છોકરો હતો. એ ઉંમરે મારા કરતાં નાનો, પણ કુસ્તીમાં મને હમેશાં પાડે. પાડે એટલું જ નહિ પણ મારે અને સતાવે. પડ્યા પછી કેસુના ફિટકાર પણ સાંભળવાના હોય. એટલે મેં કુસ્તી છોડી દીધી ને એ મંડળ પણ છોડી દીધું. રોજનો તેજોવધ કોણ સહન કરે ?

૩૦][ખૂનની ખબરો

શાહપુરની અંગ્રેજી નિશાળમાં હું ભણવા જતો હતો. ઘણુંકરીને બીજીમાં હોઈશ. મને પગે ગૂમડું થયું હતું. રોજ લંગડાતો લંગડાતો નિશાળે જતો. રસ્તામાં એક કંસારો મને આમ નિશાળે જતો જોઈ મારી દયા ખાતો. કોક વાર મારી નિશાળ-નિષ્ઠાનાં વખાણ પણ કરતો. એ જ કારણે મારો સદ્ભાવ એ માણસ પ્રત્યે કંઈક જાગેલો.

એક દિવસ એની દુકાનના થાંભલા પર 'કેસરી–જાહેરપત્રક' કરીને એક નાનકડી કાપલી ચોડેલી મેં જોઈ. રસ્તે ચાલતાં એ શું છે તે હું જોતો હતો ત્યાં

કેસારાએ મને બોલાવ્યો, 'ભાઇ, આવો; આ વાંચી તો જુઓ. દેશમાં શું થવા બેઠું છે!'

વાંચતાં ખબર પડી કે રાણી વિક્ટોરિયાની ડાયમંડ જ્યુબિલીને દિવસે જ પૂનામાં બે ગોરાઓનાં ખૂન થયાં છે. ડાયમંડ જ્યુબિલી માટેના જાહેર ઉત્સવમાં અમારી નિશાળ તરફથી અમે એક બે પદ ગાયાં હતાં. પણ પૂનાનું ગાયન તો કંઇ જુદું જ નીવડ્યું. પૂનામાં પહેલવહેલો પ્લેગ ફાટેલો. એને અંગે સરકારે કેટલોક લશ્કરી બંદોબસ્ત શહેરમાં રાખ્યો હતો. લોકોને થયેલું કે પ્લેગ પોસાય પણ આ બંદોબસ્ત ન પોસાય. એ જ કારણે પ્લેગ અમલદારનું ખૂન થયું હતું. લોકો બોલવા લાગ્યા કે 'જરૂર આ કોઇ દેશભક્તનું કામ છે!' પછી તો નામદાર તિલકને સરકારે સજા કરી. સરદાર નાતુ ભાઇઓને રાજકેદી તરીકે બેલગામ લાવીને રાખ્યા. ગામના લોકો કહેતા કે 'તિલક એ શિવાજીના અવતાર છે. શિવાજીના ચાર ગોઠિયા હતા: યેસાજી કંક, તાનાજી માલુસરે અને બીજા બે. આજે બે નાતુ ભાઇઓ એ ગોઠિયાના જ અવતાર છે.' બીજા બે ગોઠિયા અમે કયા ગોખ્યા હતા તે આજે યાદ નથી. અમારા મનમાં તો એવું હતું કે તિલક તરફથી જ એ ખૂન થયેલું હોવું જોઇએ. એને સારૂ અમારી પાસે પૂરાવો ક્યાંથી હોય? પણ કોઇ પણ દેશહિતનું કામ થયું હોય તો તેનો સંબંધ કશા પૂરાવા વગર તિલક સાથે જોડી દેવો એ પ્રજાને સહેજે ગમતું.

થોડા દહાડામાં અણ્ણા પૂનાથી આવ્યો. એણે તો વળી નવી જ વિગતો આપી. એણે કહ્યું કે 'રેંડ સાહેબ ઇસ્પિતાલમાં મરી ગયો તે પહેલાં એને ભાન આવ્યું અને એણે કેટલીક વિગતો કહી. એણે પોતાને મારનારને જોયો હતો. મારનાર કોઇ ગોરો હતો. કોઈ મડમની બાબતમાં એ બેનો ઝગડો થયેલો અને એને અંગે એ ખૂન થયું છે. બુદ્ધિમ કરીને એક પોલિસ અમલદાર આ વાતની વિગત જાણે છે; પણ એણે બધું હશ અપ (hush up) કર્યું છે.'

પછી તો પૂનેથી રોજેરોજ નવી વિગતો આવે. વિગતોના બે પ્રવાહ આવતા. એક છાપાં દ્વારા અને બીજો પૂનેથી આવનારા મુસાફરો મારફતે. દેખીતી રીતે લોકો ખાનગી માહિતી પર વધારે વિશ્વાસ રાખતા. અને લોકો વાતો કરે તે બધી એકબીજાના કાનમાં. જોકે એ વેળાએ દરેક જણ બીજા દરેક માણસના વિશ્વાસનું પાત્ર હતો.

પછી વાત ચાલી કે સરકારની છૂપી પોલિસ શહેરે શહેરે ફરે છે. એ જ અરસામાં લિંગાયત લોકોના બે જંગમ સાધુઓ શાહપુરમાં દાખલ થયા અને બે હાથમાં ઘંટડીઓ વગાડતા શહેરમાં ફરવા લાગ્યા. લોકોએ ઠરાવ્યું કે આ લોકો છૂપી પોલિસ જ હોવા જોઇએ. નિશાળના છોકરાઓએ એ વાત સાંભળી અને એક દહાડો શેરીમાં સાધુઓને ઠીકઠીક માર પડ્યો.

કાળે કરીને બધી અફવાઓ ઓગળી ગઈ, અને ચાફેકર ભાઇઓનાં નામ રેંડ અને આયર્સ્ટનાં ખૂન સાથે જોડાયાં.

૩૧][ગુપ્તમંડળ

દોઢ વરસે તિલક મહારાજ જેલમાંથી છૂટ્યા. ઘેરઘેર જેલ જતાં પહેલાંનો અને જેલમાંથી છૂટ્યા પછી તરતનો એવા તિલકના બે ફોટા દીવાલો પર ચોડાયા. બધે આનંદ આનંદ થઇ રહ્યો. અમે મરાઠી માસિક 'બાલબોધ' વાંચતા હતા. એમાં તિલક વિષે લખતાં કવિ મોરોપંતની એક લીટી મથાળે મુકાઇ હતી.

तेव्हां गंधर्वमुखीं जिकडे तिकडे हि
तनननम् तनननम् ।

ઉત્સવ પછી અમે ત્રણ નાનાભાઇઓ વિચાર કરવા લાગ્યા. તિલક જેવા દેશભક્તને સરકાર જેલમાં પૂરી દે છે એનું કારણ એ જ છે કે તેઓ જાહેરમાં ભાષણો કરે છે અને લખે છે. બધું કામ ગુપ્ત રીતે કરવામાં આવે તો સરકારને ખબર જ ક્યાંથી પડે? શિવાજી શું ક્યાંય ભાષણ કરવા ગયા હતા? અમારો ત્રણનો નિર્ધાર થયો કે ગુપ્તમંડળ કાઢવું.

એ જ અરસામાં અમારૂં ઘર પાછળની બાજુ લંબાવાનું હતું. એને માટે પાયો ખોદાવાનો હતો. પાયો ખોદતાં એમાંથી મ્યાન સાથેની એક તલવાર જડી આવી. એના પર સહેજ કાટ ચડ્યો હતો. વિષ્ણુએ કડિયા મજૂરોને આ વાત છાની રાખવાનું કહી એ તલવાર ઘરના છાપરામાં સંતાડી દીધી. અમારૂં ત્રણ જણનું ગુપ્તમંડળ સ્થપાયા પછી મેડે જઇ અમે એ તલવાર બહાર કાઢતા, એના પર ફૂલ ચડાવતા અને પછી એ હાથમાં લઈ ફેરવતા. તલવાર ભારે ન હતી, પણ હું યે કંઇ મોટો ન હતો. મેં એ તલવારથી આ-

વેશમાં બે ત્રણ વાર ઘરના થાંભલા પર ઘા કરેલા. થાંભલો કપાત તો તો આખું છાપરૂં માથા પર તૂટી પડત. પણ થાંભલો કંઇ કાચો ન હતો, અને મારા કાંડામાં કોઇ કાળે તાનાજી માલુસરે જેવું જોમ તો હતું જ નહિ. એટલે એ પ્રયોગ હમેશને માટે સલામત હતો.

ઘણાં વરસ સુધી એ તલવાર અમારા ઘરમાં હતી. પછી પિતાશ્રીને એની જાણ થતાં એમણે મારી પાસે એના કકડા કરાવ્યા. કકડાની લુહાર પાસે છરીઓ કરાવી અને તલવારની મૂઠ શહેર બહાર એક ગરનાળામાં હું ફેંકી આવ્યો. તે દિવસે મને ખાવાનું ભાવ્યું નહિ અને ઊંઘ પણ ન આવી. અમે નિઃશસ્ત્રી થયા એનું કંઇ નહિ, પણ દૈવવશાત્ હાથ આવેલું શસ્ત્ર પોતાને તોડવું પડયું એ મને બહુ જ વસમું લાગ્યું. પણ બીજો ઇલાજ ન હતો. હું તલવાર તોડું નહિ તો પિતાશ્રીને બીકના માર્યા એ પોલિસને સુપરત કરવી પડશે અને પછી અમારે પોલિસ આગળ જઇ જુબાની આપવી પડશે, એટલું હું જાણતો હતો. અને તે કાળનું રાજકીય વાતાવરણ પણ ડહોળાયેલું હતું.

પણ આ બધી આગળની વાત થઈ. અમારા ગુપ્તમંડળમાં કોઇ ચોથાને દાખલ કરવાની અમારી હિંમત ન ચાલી. અમે તો જંગલમાં જઇ કિલ્લાઓ કઇ રીતે સર કરી શકાય એના જ વિચારો કરતા હતા.

(ચાલુ) **દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર**

દુનિયાનું સરવૈયું

આ પણી આ આજની પૃથ્વી અગાઉના કરતાં તદ્દન નવીન જ દુનિયા છે. એમાં આપણા જેવું જીવન આગળ કોઇએ કદી ભોગવ્યું નથી. અગાઉના કરતાં આજે એમાં ઝાઝામાં ઝાઝાં માણસો વસી રહ્યાં છે એ લેખે આગળના કરતાં આજનું આ જગત વિશાળ છે. વળી, પહેલાંના જમાનાની સરખામણીએ આજે અતિ થોડા સમયમાં એની પ્રદક્ષિણા થઈ શકે છે, એ દૃષ્ટિએ એને નાનું પણ કહી શકાય.

એક તરફથી આપણને લાગે છે કે જ્ઞાનવિજ્ઞાનના તેમજ સમાજ–રાજકારણના કેટલા ય અટપટા પ્રશ્નોથી ગૂંચવાએલું આજની દુનિયાનું કોકડું ઘણું ગહન છે; જ્યારે બીજી તરફ જોતાં જગત વિષે એટલો સંપૂર્ણ અભ્યાસ અને વર્ગીકરણ થયાં છે કે એને વિષેનું બધું જ્ઞાન સહેલું અને સુલભ થયું છે.

'સારી યે પૃથ્વી વિશે હું જાણું છું,—કંઈ નહિ તો જાણી શકું તેમ છું' એમ આજે હિંમતભેર કહી શકીએ એવી સ્થિતિમાં આપણે છીએ. એનો એકેએક ખૂણો માણસ શોધી વળ્યો છે, અને એ દરેક ભાગ નકશાની સપાટી ઉપર ચોક્કસ વિગતો સાથે ચિતરાઈ ગયો છે. ઍમંડસન દક્ષિણ ધ્રુવની ને પીઅરી ઉત્તર ધ્રુવ સર કરી આવ્યા પછી આજે પૃથ્વીનો કોઈ ભાગ અગમ્ય કે અગોચર નથી રહ્યો. આ પૃથ્વી ઉપર કેટલી જમીન આપણે હસ્તક છે એનું જ્ઞાન, તથા એથી વિશેષ જમીન હવે (ભૂકંપના અકસ્માત સિવાય) નહિ મળી શકે એવી ખાતરી આજે આપણને થઇ ચૂકી છે. આપણા સ્થાવર દ્રવ્ય (Resources) અને તેની શકયતાઓનો હિસાબ આપણે આજે નીરાંતે બેસીને કાઢી શકીએ તેવી સ્થિતિમાં છીએ. કઈ જમીનમાં શું શું ઊગી શકે, પૃથ્વી ઉપરની પ્રજાઓને કેટલો ને કેવો ખોરાક જોઇએ છે વગેરેના આંકડા સમાજશાસ્ત્રીઓએ એકઠા કર્યા છે, અને અમુક ધોરણે જીવન નિભાવતાં પૃથ્વી ઉપર કેટલાં માણસો સુખે વસી શકે એની ગણત્રી પણ આજે થઇ શકે છે.

જમીનનું પેટું નરી આંખે ન જોઈ શકાય, પરંતુ ખોદેલી ભેખડો પરથી અગર તો એકાદ માઇલ જેટલું ઊંડે બોરીંગ કરીને જુદેજુદે સ્થળેથી નીકળતાં ખનીજ દ્રવ્યો તપાસતાં, આ ભૂગર્ભમાં રહેલા કોલસા, ગ્યાસતેલ, લોઢું, ત્રાંબુ, પોટાશ અને ફોસફેટનો જથ્થો અનુમાનથી આપણે કહી શકીએ તેમ છીએ, અને એ બધો જથ્થો વાપરી ખાધા પછી એથી વધુ નહિ મળી શકે એની પણ આપણને ખાતરી છે.

મુક્ત જગ્યા તો આ જમાનામાં હવે કયાં યે નથી રહી. પૃથ્વી પરની ખુલ્લી જગ્યા ઉપર બધે ય ખાનગી માલિકીના હકકો સ્થપાઇ ગયા છે અને બધી ય એવી જગ્યાઓ ઉપર વિવિધ પ્રજાના વાવટા ફરકરી રહ્યા છે. વગર માલિકીનો જમીનનો છેલ્લો કટકો

સ્પીટ્ઝબર્ગેન (જે No man's land નામે ઓળખાતો) પણ છેલ્લા મહાન વિગ્રહમાં ઓહિયાં થઇ ચૂકયો છે. આનો અર્થ એ છે કે કોઇ પ્રજાને અત્યારે હવે જો જમીન જોઈતી હોય તો કોઇ બીજી પ્રજા પાસેથી ખૂંચવી લીધા સિવાય તેને માટે બીજો રસ્તો નથી.

ઓગણીસમી સદીમાં જેટલી પ્રજાઓ હતી તેના કરતાં દુનિયામાં આજે ઘણી વધુ પ્રજાઓ છે. ગુલામીમાંથી છૂટી સ્વતંત્રતાનો શ્વાસ લેતી કેટલી યે પ્રજાઓ પગભર થઇ રહી છે. કોરિયાથી માંડી કૅનેડા સુધીની પગભર થવા મથતી પ્રજાઓ આ સૈકાનાં પારણે ઝૂલતાં શિશુઓ જેવી છે. પૅલેસ્ટાઇન, ઇજિપ્ત ને હિંદ તથા ફિલીપ્પાઇન ટાપુઓની પ્રજાઓના સ્વાતંત્ર્યકોડ પણ આજે પ્રસવકાળની વેદના ભોગવે છે.

અત્યાર સુધી કોઇએ કલ્પના પણ નહિ કરી હોય એવાં સાધનો વડે લડાતા આજના વિગ્રહો નવા છે. ભાતભાતની અવનવી ચીજો તથા ટ્રેન, સ્ટીમર અને એરોપ્લેન દ્વારા વહન કરતો આજનો વેપાર નવો છે. આજનું અર્થશાસ્ત્ર પણ નવું છે અને દ્રવ્યવિનિમયનાં જૂનાં ધોરણો અદૃશ્ય થયાં છે, તથા સ્થિતિ એવી આવી છે કે જગતની કઇ પ્રજા સદ્ધર કે દેવાળિયા છે એ કહેવું મુશ્કેલ થતું જાય છે.

આજનું વિજ્ઞાન પણ નવું છે. ગઇ કાલનાં એનાં કપડાં એને આજે ટૂંકાં પડે છે. એનાં જૂનાં સૂત્રો અને સિદ્ધાંતો (Formulas and Theories) ઝપાટાબંધ બદલાતાં જાય છે. અને આ સર્વનો સરવાળો કરતાં આ જગતના ભૂતકાળ ભણી નજર કરીને તેની ભવિષ્યવાણી ઉચ્ચારવી એ વધુ ને વધુ સાહસભર્યું થતું જાય છે. સીલે નામના ઇતિહાસકારે એક વખત કહેલું કે જ્યારેજ્યારે મેં કોઇ માણસને 'History teaches us' (ઇતિહાસ આપણને શીખવે છે કે) કહેતાં સાંભળ્યો છે, ત્યારે મને થયું છે કે એ માણસ અર્ધ સત્ય ઉચ્ચારે છે અને સોમાંથી નવ્વાણું ટકા તો એ ખોટું જ પડે છે. ઇતિહાસ આપણને ભવિષ્ય જાણવા માટે બહુ મદદ કરી શકે એમ આજે રહ્યું નથી. એ ઇતિહાસ તો આપણા કરતાં કોઇ તદ્દન જુદી દુનિયાનો હતો એમ લાગે છે. આજના આપણા પ્રશ્નોમાં એટલા તો વિકલ્પો છે કે એનો ફડચો જૂની રીતે થવો કેવળ અશકય છે.

(અંગ્રેજી ઉપરથી) **લા. ભ.**

સામ્રાજ્યની ફનાગીરી

હિંદના બાદશાહ સલામત પંચમ જ્યૉર્જને રોજના ભથ્થા પેટે રૂ. ૨૨,૫૦૦ મળે છે. એ વાત બહુ ઓછા જાણતા હશે. વળી મહેમાનોનાં ભાડાં માફ. તથા હોડી, ગૉલ્ફ અને શિકારબાજી ખેલવાનાં સાધન ને સવડ મળે તે લાભમાં. નામદારને એ હિસાબે વર્ષના બ્યાસી લાખ અને સાડા બાર હજાર રૂપિયા થયા! કલાકે ૯૩૭–૮–૦ અને મિનિટે ૧૫–૧૦–૦. એમ જ કહોને કે મિનિટની ગીની અને કલાકે કોથળી રૂપિયા નામદારને પગાર થાય છે.

હિંદનાં સામ્રાજ્ઞી અને ઇંગ્લંડના મહારાણી શાહાનશાહ બાનુ મેરીને રોજના ભથ્થા પેટે રૂ. ૧૫૦૦ મળે છે. વર્ષે દહાડે માત્ર ૫,૪૭,૫૦૦ રૂપિયા થયા!

શાહાનશાહબાનુના શયનગૃહની ડઝનબંધ દાસીઓમાંની પ્રત્યેકને અઠવાડિયે રૂ. ૧૫૦નો દરમાયો મળે છે. બાપડીઓને વર્ષે માંડ ૭,૮૦૦ રૂ. મળે છે!

હિંદના ભાવી શહેનશાહ અને હાલના પાટવી કુમારને કલાકના રૂ. ૧૫૦ મળે છે. તેઓ હિંદની સહેલગાહે આવ્યા ત્યારે પોણો કરોડ રૂપિયા ખરચીનાં મળ્યા! મચ્છીમારી, નાચરંગ અને પોલો ખેલવાના પૈસા મળે તે તો જુદા. ઉપરાંત ચાંદીના હાર અને ઘીકેળાં! રોજના ૩,૬૦૦ રૂપિયા ને વર્ષે દહાડે ૧૩ લાખ ને ૧૪ હજાર નગદી રોકડા! ઇંગ્લંડનો ફટાયો કુંવર ડયૂક ઑફ યૉર્કને રોજિંદા ૧,૦૬૫ રૂ. અને વર્ષે ૩,૮૮,૭૨૫ રૂ. મળે છે! સામ્રાજ્યના કાકા ડયૂક ઑફ કૉનૉટ પણ ડયૂક ઑફ યૉર્કની હારમાં. ઉપરાંત તે ફ્રાન્સમાં શિયાળાની સફરે જઇ શકે એ ખાસ લાભમાં.

સામ્રાજ્યનાં રાજમાતા મહારાણી ઍલેકઝાન્ડ્રા ૮૦ વર્ષનાં સદ્દગત બુઢ્ઢીમાને ૨,૮૫૦ રૂપિયાનું રોજ મળતું. માત્ર સાડા દસ લાખનું વર્ષાસન થયું. સેંટ પોલનો વડો પાદરી અઠવાડિયે ૬૦૦ રૂ. લઇ સામ્રાજ્યને દુઆ દે છે. પાદરીબાવાના આશીર્વાદની જ કીમત દર વર્ષે એકત્રીસ હજાર રૂપિયા.

ઇંગ્લંડના વડા પ્રધાન મૅકડોનલ્ડને વર્ષે ૫,૦૦૦ ગીની પગાર થાય છે. એટલેકે આપણા દેશની ધારાસભાના પ્રધાનો—મિનિસ્ટરો જેટલો, માસિક

પાંચ સાડા પાંચ હજાર રૂપિયા મળે છે. પણ નવાઈ તો એ છે કે એવડી મોટી બ્રિટિશ સલ્તનતની ચિંતાનો ભાર માથે રાખનાર મૅકડોનલ્ડના એ ૬૫ હજારના સાલિયાણા કરતાં આપણા મુંબાઇ, બંગાળા ને મદ્રાસના ગવર્નરોને લગભગ બમણું (રૂા. ૧,૨૮,૦૦૦) સાલિયાણું મળે છે! તેમજ પંજાબ, યુક્તપ્રાંત, બિહાર ઓરિસ્સા અને બ્રહ્મદેશના લેફ્ટેનન્ટ ગવર્નરોને પણ મૅકડોનલ્ડથી દોઢું,—અરે એટલું જ નહિ પણ છેક વાયવ્ય સરહદી પ્રાન્ત, દિલ્હી, અજમેર-મારવાડ, કુર્ગ અને અંદામાન-નીકોબાર જેવા મામુલી ભાગોના મામુલી કમિશનરોને પણ વિલાયતના વડા પ્રધાનથી વધુ પગાર (રૂા. ૭૨,૦૦૦) મળે છે! એનો ભેદ શો? હિંદમાંથી એ નાણાં ચૂકવાય છે એ જ કે બીજો?

શ્વેત ઐરાવત

હિંદને રાજ્યે રાજ્યે આવો એકેક ધોળો હાથી વસે છે. ત્યાંનો રાજા જે બેશુમાર અને અનર્ગલ પૈસો તેના ક્ષુદ્ર ભોગવિલાસ તથા અવિચારી ભભકા અને બેવકૂફી પાછળ ફના કરી નાખે છે તેનો કાંઈ હિસાબ નથી. પ્રજાની કાળી મહેનતનો એ પૈસો—પેટે પાટા બાંધીને, લોહીનાં પાણી કરીને કમાએલો અને એમની આંતરડી કકળાવીને મારીઝૂડીને ઓકાવેલો એ પૈસો—પ્રજાના એ જાલિમ ખાવિંદ ઘડીના છઠ્ઠા ભાગમાં વેડફી મારે છે. એને કે કોઇને એની અરેરાટી સરખી પણ નથી. ક્યાંથી હોય? કેમકે એ સફેદ હાથીઓના શિરોમણિરૂપ, રૂા. ૭૦૦નું દનિયું લેનારા ના. વાઇસરૉય છે! જ્યારે તે નામદાર પાંચ વરસ પછી પાછા વિલાયત સીધાવે ત્યારે પાંચ વરસના પગાર પેટે તેલે છાંટેલા મજાના રૂા. સાડા બાર લાખ અને ચાર હજારની રીઝ કરવામાં આવે છે! એ ઉપરાંત હિંદની એમની પાંચ વરસની મુબારક કારકીર્દિ દરમ્યાન દર વરસે પરચુરણ ભથ્થાં પેટે રૂ. ૪૦,૦૦૦, કૉન્ટ્રેક્ટ ભથ્થા પેટે ૧,૫૬,૦૦૦, ઘરખરચી ને ચાકરનફરના ૪,૭૧,૦૦૦, પ્રવાસના ૩,૬૫,૦૦૦ ને ખીદમતગાર, અંગરક્ષક વગેરેના મળી રૂા. ૧૭,૧૮,૯૦૦ વર્ષે દહાડે મળે તે તો જુદા!*

સાદી ભાષામાં કહીએ તો દરેક વાઇસરૉય પાછળ સરકારી ત્રીજોરીમાંથી પાંચ વર્ષમાં રૂા. ૯૮,૪૮,૫૦૦ એટલેકે લગભગ એક કરોડની ફનાગીરી થાય છે. સીમલાના પાંચસોમા મજલાનાં શીતાગારો, દિલ્હીનાં ભવ્ય ભવનો અને શાહી સાહ્યબી મળે તે તો ફાજલ. આ રીતે જોતાં હિંદનો વાઇસરૉય એ જ હિંદ પર એક કરરૂપ નથી? જ્યારે અમેરિકા જેવા સ્વતંત્ર ને સમૃદ્ધ દેશના પ્રમુખને વરસે માત્ર સવા બે લાખ ને ફ્રાન્સના પ્રમુખને તો વળી ૬૦,૦૦૦ રૂપિયા જ મળે છે. જર્મની-જાપાનમાં તો તેથી યે ઓછું મળે છે.

બ્રિટિશ સનદી નોકરીમાં દાખલ થવામાં અંગ્રેજ તરુણોને હવે કાંઈ રસ રહ્યો નથી. તેને માટે કોઇ મોં માંડતું નથી. આવી સીતમ મોંઘવારી અને આટલે દૂર દેશવટો ભોગવતાં એ તરુણોને પગાર ઓછો પડે છે, એ માટે હિંદનો દરેક વતની વર્ષે ત્રણ પૈસા પણ વધારે ન આપે કે? એ માટે તો 'લી કમિશન' બેઠું, અને તેમનાં રોદણાં સાંભળ્યાં, અને એ દુઃખ ટળ્યાં?

એવો એ મીઠો અમલ માણવા આપણા ૨૦૦ હિંદીવાનો વર્ષે ૩૦ લાખ રૂપિયા ફના કરે છે અને આઈ.સી.એસ. થવાની ઘોડદોડમાં ઊતરી પડે છે. પણ તેમાંથી પાંચ ટકા જેટલા માંડ સફળ થાય છે.

પ્રત્યેક અંગ્રેજની રોજિંદી આવક રૂા. બે છે જ્યારે પ્રત્યેક હિંદીની રોજિંદી આવક પૂરી બે આના પણ નથી એ તો આપણે જાણીએ છીએ. ઇંગ્લંડનો વડો પ્રધાન રોજિંદા રૂા. ૧૮૦ મેળવે છે એટલેકે તે ૯૦ અંગ્રેજની સરાસરી આવક ભોગવે છે એમ કહેવાય. જ્યારે હિંદનો વાઇસરૉય પગાર પેટે જ રોજિંદા ૭૦૦ રૂપિયા હાંસલ કરે છે એટલેકે હિંદનો વાઇસરૉય રોજ ૫,૬૦૦ હિંદીઓની સરાસરી આવક ઓહિયાં કરી જાય છે.

લડાઇમાં જઇ આવેલો સૈનિક રોજના પેન્શન પેટે સાડા સાત રૂપિયા મેળવે છે અને વળી નોકરીમાં પહેલો હક તથા પહેલી પસંદગી મળે તે જુદી. જ્યારે લાખો મજૂરો વિલાયતમાં બેકાર મરે છે અને મજૂરી મળે તો ય તેને માંડ રૂા. ૧-૯-૯ જેટલું દનિયું મળે છે.

એ તો ઠીક; પણ દરેક હિંદીને સરાસરી રોજના રૂા. ૦-૧-૭ અને ૦-૨-૪ વચ્ચે મળે છે એટલે વર્ષે બહુ બહુ તો ત્રેપન રૂપિયા થયા. એ ત્રેપન રૂપિયામાં ઘરનાં ભાડાં, કપડાંલત્તાં, અમનચમન સઘળું જે કરે તે એમાં. ઉપરાંત ઘરવેરો, જમીનવેરો, આવક-

---

* જુદીજુદી જાતનાં ભથ્થાંની વિગતો માટે આ લેખને છેડે જુઓ.

વેરો, પાણીવેરો, મીઠાવેરો એ બધું લાભમાં ! આપણે ત્યાં બે જમે ને એક ભૂખ્યો રહે તેવી દશા છે. અને એ બે પણ ઘરબાર કપડાલત્તાં ને ખોરાક સિવાયની અન્ય હાજતો વગરનાં નાગાં ભટકતાં રહે તો જ.

દેશીઓને નોકરીઓમાં ઝાઝા પ્રમાણમાં ભરતી કરવાની અને મોટા હોદ્દાની જગ્યાઓ ઉપર પણ દેશીઓને નીમવાની ઝુંબેશને ઇન્ડિયનાઇઝેશન કહે છે. પણ શું એ ઇન્ડિયનાઇઝેશન એટલે દેશની બુદ્ધિની–શ્રેષ્ઠ શક્તિઓની ખરીદી જ નથી ? ફેર એટલો કે સફેદને સ્થાને ઘઉંવર્ણી નોકરશાહી—બૌદ્ધિક અભિજાતિ Intellectual aristrocacy ઊભી કરવી. છતાં પરિણામ તો આજે એ જ છે. હિંદની શક્તિ જ્યારે સ્વાર્પણનાં પાણી પીશે ત્યારે જ બીજા દેશોની માફક સાચી રાષ્ટ્રીયતાનો રોપો ઊગી શકશે. ત્યાં સુધી તો આ ખરીદી અને આ વેચાણ ચાલવાનાં જ.

ડાહ્યાલાલ હ. જાની

ભથ્થાં–બાવની

આપણા રાંક ખેડુતના ખીસામાંથી સિવિલ-સર્વિસ પાછળ કેવી તરેહનાં ભાડાંભથ્થાં પેટે નાણાં ઉસરડાય છે તેનો ખ્યાલ નીચેની બાવન જાતનાં ભથ્થાંની હારમાળા ઉપરથી આવી શકશે. અગાઉ શ્રી જયકરે મુંબાઇની ધારાસભામાં એ યાદી રજુ કરી હતી:

૧ દવાખાનું ૨ જિલ્લા બોર્ડ ૩ સ્ટાફ ૪ ચેકીંગ ૫ એક્સરે ૬ સિંધ ૭ ડ્યુટી ૮ પોશાક ૯ સીધુ-સામાન ૧૦ સબડીવીઝનલ ૧૧ ઘરભાડું ૧૨ વાહન ૧૩ સ્થાનિક ૧૪ મુસાફરી ૧૫ ભરપાઈ ૧૬ ટેકરી ૧૭ બલુચિસ્તાન ૧૮ વધારાનું ૧૯ બેરેજ ૨૦ ઇલાકાનું ૨૧ સ્ટેશન ૨૨ મોંઘવારી ૨૩ પગી ૨૪ મેવાસ ૨૫ ડેપ્યુટેશન ૨૬ ઇલાકાનું ઘરભાડું ૨૭ ખરાબ હવા ૨૮ અંગત છૂટછાટનું ૨૯ ટાઇપીંગ ૩૦ હુંડીઆમણની છૂટછાટનું ૩૧ આર્ચીયોલૉજીકલ ૩૨ શીતળ ટેકરીનિવાસ ૩૩ પ્લેગ ૩૪ ફજુલ વખતનું ૩૫ પાટા સુધાર્યાનું ૩૬ સાઇકલ ૩૭ અનાજભથ્થુ ૩૮ ખાસ પગાર ૩૯ કલેકટ્રીટેવાગફીઝ ૪૦ સુપરિન્ટેન્ડન્સ ૪૧ જેલર્સનું ૪૨ જેલ ૪૩ ટ્રાફિક ડ્યુટી ૪૪ કસોઘીંગ ૪૫ ઘોડાનું ૪૬ શોર્ટહેન્ડ ૪૭ લીટરરી ૪૮ હોડી ૪૯ ગીટ ૫૦ ઘોડા ૫૧ બોટીંગ ૫૨ શિકાર. —ડા. હ જા.



ચંપા રાજકન્યા

એક રાજા હતો. તે એક વાર શિકાર કરવા ગયો. શિકાર કરીને પાછો વળતો હતો ત્યાં તેની નજર એક આંબાના ઝાડ ઉપર પડી. ઝાડની ડાળે બેસીને એક વન-માનવી કેરી ખાતો હતો. રાજાએ તેને જોતાંવેંત જ ભાથામાંથી તીર કાઢી બાણ પર ચડાવ્યું. એ જોઇને પેલો વન-માનવી આ ડાળેથી પેલી ડાળે એમ કૂદતો કૂદતો દૂર નીકળી ગયો. રાજાએ પણ તેની પાછળ પાછળ ઘોડો દોડાવીને તેની પૂંઠ પકડી, અને લાગ જોઇને એક તીર માર્યું. તીર બરોબર વન-માનવીના પગમાં જઇને વાગ્યું અને તે ચીસ પાડીને બેભાન થઇ જમીન ઉપર ઢળી પડ્યો.

એટલામાં રાજાનાં માણસો આવી પહોંચ્યાં. વન-માનવીને જોઇને તેને કોઇ નવીન જાતનો શિકાર પકડાયો માનીને સૌ આશ્ચર્ય પામ્યા. તે દેખાવમાં બધી રીતે વાંદરા જેવો હતો, માત્ર તેના મોઢાનો આકાર બરાબર માણસ જેવો લાગતો હતો. તેને પકડીને એક પાંજરામાં પૂરીને સૌ રાજ્યમાં પાછા ફર્યા.

વન-માનવીની ખબર પડતાં જ તેને જોવા માટે ટોળાંબંધ શહેરનાં માણસો આવવા લાગ્યાં અને કોઇએ કદી નહિ જોએલું એવું વિચિત્ર પ્રાણી રાજા લાવ્યા છે એમ બધે રાજાના પરાક્રમની વાતો થવા લાગી.

આ વિચિત્ર વન-માનવીનું હવે શું કરવું એ વિષે વિચાર ચલાવતાં રાજાના સભાજનોએ કહ્યું કે 'મહારાજ એને મારી નાંખશો નહિ. દેશવિદેશનાં માણસો એને જોઇને આપના પરાક્રમનાં વખાણ કરશે, માટે તેને એક લોઢાનું મોટું પાંજરૂં કરાવીને તેમાં રાખો.'

સુતારો ને લુહારોએ કેટલેક દિવસે એક મજબૂત પાંજરૂં બનાવ્યું. વન-માનવીને તેમાં પૂર્યો. રાજાએ

હુકમ કર્યો કે 'ખબરદાર, જો કોઇએ આ પાંજરૂં ઉઘાડ્યું છે તો. જો કોઇની ગફલતથી પાંજરૂં ખુલ્લું રહેશે અને વન-માનવી જતો રહેશે તો તેને ફાંસી દેવામાં આવશે.' સૌ આ હુકમ સાંભળીને ધ્રૂજી ઊઠયા!

ત્યાર પછી થોડા દિવસે રાજાને એક બીજા દેશ પર ચડાઇ કરવા જવાનું હતું. જતી વખતે તેણે રાણીને કહ્યું, 'જોજો રાણી! પેલો વન-માનવી ભાગી ન જાય. તેની રીત પ્રમાણે તેને રોજ બરોબર ખાવા પીવાનું આપજો. પણ સાવધાન રહેજો. જો ભાગી જશે તો ફરી આવું પ્રાણી કયાંય મળશે નહિ. લ્યો આ કૂંચી. તેને ત્રીજોરીમાં મૂકજો અને કોઇને પણ દેશો નહિ.' એટલું કહીને રાજા લશ્કર સહિત પરદેશ જીતવા રવાના થયો.

ઘેર રાણી અને કનકકુમાર નામનો તેમનો કુંવર બે જ જણ રહ્યાં હતાં. બીજા નોકરચાકરો તો હતા જ; પણ મહેલમાં તો એ બે જ જણ રહેતાં.

થોડાક દિવસ વીતી ગયા પછી એક દહાડો રાજપુત્ર કનકકુમાર સોનાનો દડો લઇને રમતો હતો. એવામાં એક વાર દડો ઊછળીને પેલા વન-માનવીના પાંજરામાં જઇને પડયો. રાજકુંવર પાંજરા પાસે ગયો તો વન-માનવી તેનો દડો લઇને ઊભો હતો.

રાજપુત્રે તેને કહ્યું, 'અરે, એઈ! મારો દડો આપી દે. મારી રમત બંધ રહી છે.' વન-માનવીએ જવાબ આપ્યો, 'દડો તો આપું; પણ પહેલાં મારૂં પાંજરૂં ઉઘાડ તો.' રાજકુંવરે કહ્યું, 'પાંજરૂં હું શી રીતે ઉઘાડું? કૂંચી મારી પાસે નથી.'

વન-માનવીએ તેને કહ્યું કે 'તારી માના ઓશીકા નીચે ચાવીઓ છે. તેનાથી ત્રીજોરી ઉઘાડ અને તે ત્રીજોરીમાં આ પાંજરાની કૂંચી છે તે લઇ આવ. આ પાંજરૂં ઉઘાડીશ તો જ તારો દડો મળવાનો છે.'

રાજપુત્ર વિચાર કરવા લાગ્યો કે શું કરવું? રમત બંધ થાય એ નાનાં છોકરાંને કેમ ગમે? અને તેના કહેવા પ્રમાણે કર્યા વિના પોતાનો દડો પાછો મળવાનો નહિ. થોડી વાર વિચાર કરી કુમારે તેને કહ્યું, 'ઠીક; તું જરા વાર ઊભો રહે. કૂંચી લઇને હું હમણાં જ આવું છું.' વન-માનવીએ કહ્યું, 'પણ જો ખૂબ ચૂપકીદીથી લાવજે હો; કોઇને પણ ખબર પડે નહિ.'

'એમાં કહેવું નહિ પડે.' એમ કહી રાજકુંવર એકદમ ઊપડી ગયો.

રાણી તે વખતે કોઇ કામમાં પડી હતી, એટલે રાજકુંવરને સારો લાગ મળ્યો. તેણે રાણીના ઓશીકા નીચેથી ત્રીજોરીની ચાવી લઇને ત્રીજોરી ઉઘાડી અને અંદરથી પાંજરાની કૂંચી કાઢી વન-માનવીની પાસે આવી પહોંચ્યો. તેણે પાંજરાનું બારણું ઉઘાડયું અને વન-મનુષ્ય બહાર નીકળ્યો. રાજકુંવરના હાથમાં તેનો સોનાનો દડો આપીને તેણે કહ્યું, 'આજ તેં મારા ઉપર ઘણો ઉપકાર કર્યો છે. કોઈ વખત તને દુઃખ પડશે ત્યારે હું તેનો બદલો વાળી આપીશ.' એટલું કહીને તે પવનવેગે જંગલમાં જતો રહ્યો.

રાજકુંવરને દડો મળી ગયો એટલે તે તો ખુશ થઇને રમવા મંડ્યો. વન-મનુષ્યે પોતાને શું કહ્યું તે પણ તેણે પૂરૂં સાંભળવાની પરવા કરી નહિ.

બીજે દિવસે પાંજરામાં વન-માનવીને ન જોયો એટલે લોકોનો તો જીવ ઊડી ગયો, અને રાજા હવે કોણ જાણે કેવા કોપશે તે વિચારથી સૌ ધ્રૂજવા લાગ્યાં. ચારેકોર તેની શોધમાં માણસો દોડયાં, પણ કયાંય વન-મનુષ્યનો પત્તો લાગ્યો નહિ.

કોઇ કહેવા લાગ્યું કે રાણીએ કૂંચી બરોબર સાચવી નહિ તેથી આમ થયું. કોઇ કહે ચાવી કોઇ ચોરી ગયું હોવું જોઇએ. એવી અનેક વાતો થવા લાગી. પણ કોઇને એવો ખ્યાલ કયાંથી આવે કે રાજપુત્રે રમતમાં તે લીધી હશે? અને રાજકુંવર તો બીજી બાજુ તેની રમતોમાં ગુલતાન હતો. તેને આ બધી ધમાધમની કાંઇ ખબર પણ પડી નહિ.

ઘણો લાંબો કાળ વીત્યા પછી રાજા દેશ જીતીને પાછો આવ્યો. રાણીનો જીવ ઊડી ગયો!

રાજાએ આવીને પહેલવહેલા વન-માનવીના જ સમાચાર પૂછાવ્યા. પહેરાવાળાએ આવીને ધ્રૂજતાં ધ્રૂજતાં કહ્યું, 'મહારાજ! એ તો નાસી ગયો છે.' રાજા તો એ સાંભળીને ધૂંઆંપૂંઆ થઈ ગયો. તેના ક્રોધનો તો કાંઈ પાર ન રહ્યો. તેણે કહ્યું, 'જાઓ, ગમે તેમ કરો પણ એ વન-માનવીને પકડી લાવો.' પણ આટલે લાંબે વખતે તેનો પત્તો કયાં લાગે? અને તેને કયાં પકડવા જવું? રાજાએ સભા ભરીને પૂછયું, 'પણ એને છોડયો કોણે?' કોઇ કાંઇ બોલી

શકયું નહિ. સૌ બીક અને ત્રાસથી મૂંગા થઈ ગયા.

એવામાં રાજકુંવરને કાને આ વાત આવી. હવે તો તે ઘણો મોટો થઇ ગયો હતો. વાત સાંભળીને તે રાજા પાસે આવ્યો અને બોલ્યો, 'મહારાજ, એ પાંજરૂં બીજા કોઇએ નહિ, પરંતુ મેં જ ઉઘાડયું હતું અને તેને બહાર કાઢયો હતો.'

રાજા તો આ સાંભળીને ચમકી જ ઊઠયો! પોતાની આજ્ઞાનું ઉલ્લંઘન પોતાનો પુત્ર જ કરે? રાજાએ કહ્યું, 'શા માટે તેને બહાર કાઢયો હતો?'

રાજપુત્રે તો નિખાલસપણે બધી હકીકત વિગતવાર કહી બતાવી. એ સાંભળીને રાજા બોલ્યો, 'તેં બધી હકીકત સત્ય કહી છે તેથી મને ઘણો જ સંતોષ થયો છે, પરંતુ મારા હુકમ પ્રમાણે તારૂં માથું તો જશે જ. મારી આજ્ઞાનું પાલન તો કોઇ પણ ઉપાયે થવું જ જોઇએ. અને મારી પાસે પ્રજાને માટે તથા પુત્રને માટે જુદા કાયદા નથી; એટલે તું છૂટી શકીશ નહિ.' રાજકુમારે કહ્યું, 'ભલે; જેવી આપની આજ્ઞા.'

રાજાએ જલ્લાદોને બોલાવ્યા. હુકમ થતાં જ મારાઓ આવીને ઊભા રહ્યા. રાજાએ કહ્યું, 'આને ગરદન મારો.'

જલ્લાદો એ સાંભળીને ધ્રૂજી ઊઠયા: 'રાજપુત્રને?'

રાજાએ દુઃખપૂર્વક કહ્યું, 'હા, રાજપુત્રને! કેમકે તે અપરાધી છે. એક જ અપરાધે એક જણને પ્રાણદંડ થાય ને બીજો છૂટી જાય એવું મારા રાજ્યમાં નથી.'

સભામાં હાહાકાર થઈ રહ્યો. સૌ આજીજી કરવા લાગ્યા: 'મહારાજ, રાજપુત્ર બાળક છે. વળી તેમણે આ અપરાધ કર્યો ત્યારે તો તદ્દન નાદાન હતા, એટલે તેમને ક્ષમા થવી જોઇએ.'

રાજાએ કહ્યું, 'એ તો નહિ જ બને.' પછી જલ્લાદોને કહ્યું, 'એને અહીંથી લઇ જાઓ અને તેનું લોહી લાવીને હાજર કરો.'

રાજપુત્રનો હાથ પકડીને જલ્લાદો રડતારડતા ચાલ્યા ગયા. રાજપુત્રે હિંમતથી કહ્યું, 'ભાઇ, એમાં રડો છો શા માટે?' જલ્લાદો કાંઇ બોલી શકયા નહિ. પણ ઊલટું રાજપુત્રની નિખાલસતા અને આજ્ઞાપાલન જોઇને વધારે જોરથી રડવા લાગ્યા.

મહેલમાં રાણીવાસમાં આ સમાચાર પહોંચતાં રાણી તો મૂર્છિત થઇને નીચે ઢળી પડી.

જલ્લાદો રાજપુત્રને મારવા માટે જંગલમાં લઇ ગયા. પણ એને મારતાં એમનો જીવ ચાલ્યો નહિ. તેમણે રાજપુત્રને કહ્યું, 'તમારા પર અમારૂં અસ્ત્ર ઊપડતું નથી. અમારા હાથે કદી તમારૂં ખૂન થવાનું નથી.'

રાજપુત્રે કહ્યું, 'તો શું તમે રાજાના હુકમનો અનાદર કરશો?'

જલ્લાદો આકાશ તરફ જોઇને બોલ્યા, 'ઉપર જે રાજાનું રાજ્ય છે તે એના કરતાં પણ મોટો રાજા છે. તેના અમે અપરાધી થઇએ, કુમાર! મહારાજે તો ક્રોધમાં જ તમારૂં માથું કાપવાનો હુકમ આપ્યો છે! એવા તુચ્છ વન-મનુષ્યના બદલામાં રાજપુત્રને પ્રાણદંડ!'

રાજપુત્રે કહ્યું, 'ત્યારે હવે શું કરશો?'

જલ્લાદો બોલ્યા, 'આપને છોડી દઇશું. આ સામે રસ્તો જાય છે તેને છેડે એક ઘાડું વિકટ જંગલ છે. પણ પછી તેની પેલી મેર બીજાં સરસ શહેરો છે. ત્યાં ચાલ્યા જાઓ. જ્યારે રાજા આપના વિના ખૂબ બેચેન થશે ત્યારે આપને અહીં તેડી લાવીશું.'

રાજપુત્રે કહ્યું, 'પણ તમે રાજાને લોહી કયાંથી બતાવશો?'

'એકાદ શિયાળ કે જંગલી જનાવરને મારીને

ચૂંદડી

ચૂંદડીમાં તારલિયાળી ભાત
કે ચૂંદડી કોણે ઓઢાડી રાજ?
ચૂંદડી ચાંદલિયે ઓઢાડી
કે રજની રઢિયાળી હો રાજ!

ચૂંદડીમાં ફૂલડાંવાળી ભાત
કે ચૂંદડી કોણે ઓઢાડી રાજ?
ચૂંદડી વનદેવે ઓઢાડી
કે કુદરત રઢિયાળી હો રાજ!

ચૂંદડીમાં મોતીડાંળી ભાત
કે ચૂંદડી કોણે ઓઢાડી રાજ?
ચૂંદડી મેહુલિયે ઓઢાડી
કે ધરતી રઢિયાળી હો રાજ!

ચૂંદડીમાં ચોખલિયાળી ભાત
કે ચૂંદડી કોણે ઓઢાડી રાજ?
ચૂંદડી કાનુડે ઓઢાડી
કે રાધા રઢિયાળી હો રાજ!

વ્રજલાલ શાહ

(એમના નવા ગીતસંગ્રહ 'બ્હેનબા'માંથી)

તેનું લોહી લઇ જઇશું.' એમ કહી જલ્લાદો પાછા ચાલ્યા ગયા. રાજપુત્ર વનના માર્ગે ચાલ્યો.

કેટલા ય દિવસો સુધી તે ભટકયા કર્યો, પણ કોઈ ગામ કે શહેર નજરે પડયું નહિ. જંગલો ઉપર જંગલો અને કેટલાં યે વનો, મોટીમોટી નદીઓ ને પર્વતો આવ્યા જ કર્યાં. કેમે કર્યો તેનો અંત જ નહિ. રાજપુત્ર રસ્તામાં ફળફૂલ ખાતો જાય ને સફર કરતો જાય.

એમ કરતાં કરતાં ઘણા લાંબા સમયે તે એક ઘાડા જંગલમાં આવી પહોંચ્યો. સંધ્યા વખત થઇ ગયો હતો. જંગલમાં બધે ઘનઘોર અંધારૂં થઈ ગયું હતું. વાઘ, દીપડા, ચિત્તા વગેરેની ભયંકર ત્રાડો આવતી હતી અને તેને લીધે આખું જંગલ ધ્રૂજી ઊઠતું હતું. રાજપુત્ર એક મોટા ઝાડ ઉપર ચડી ગયો અને આખી રાત ઝાડ ઉપર જ વીતાવી.

સવાર પડી એટલે રાજપુત્રની દૃષ્ટિ દૂર એક ઊંચા સીધા પહાડ ઉપર પડી. પહાડની ટોચ ઉપર એક સ્ફટિકનો મહેલ હતો અને તેના ઉપર સૂર્યનાં કિરણો પડવાથી વિવિધ પ્રકારના રંગોનો ઝગમગાટ ત્યાં થઇ રહ્યો હતો.

ધીરેધીરે દિવસ ચડવા લાગ્યો એટલે રાજપુત્ર ઝાડ નીચે ઊતર્યો અને પેલા પહાડ ઉપરના મહેલની દિશામાં ચાલ્યો. કેટલુંક ચાલ્યા પછી જંગલ પૂરૂં થયું અને એક નવીન રાજ્ય દેખાયું. નાનાંનાનાં ગામડાં જણાવા લાગ્યાં. ત્યાં માણસોને જોઇને રાજપુત્ર રાજી થયો.

એ નવા રાજ્યનો વિસ્તાર ઘણો મોટો હતો. ત્યાંના રાજાને ધનદોલતના ભંડાર ભર્યા હતા. હાથી, ઘોડા ને લશ્કરનો પાર નહોતો. બધી રીતે તે સુખી હતો. પરંતુ રાજાને એકકે ય પુત્ર ન હતો. માત્ર એક દીકરી હતી. દીકરીનું નામ હતું ચંપા. ચંપાના શરીરનો રંગ બરોબર ચંપાના ફૂલ જેવો સુવર્ણરંગી હતો. તે ઘણી જ સુંદર હતી. દેશપરદેશમાં તેના રૂપની બહુ ખ્યાતિ હતી.

ચંપા ઉમરલાયક થઇ એટલે તેના રૂપની વાત સાંભળી દેશદેશાંતરથી અનેક રાજપુત્ર તેની સાથે વિવાહ કરવાને આવવા લાગ્યા. પરંતુ ચંપાનું મન કોઇના ઉપર રીઝે જ નહિ. એમ કરતાં કરતાં ઘણા દિવસો વીતી ગયા. રાજકુંવરો આવતા જાય અને કુંવરી ના પાડતી જાય. આથી અંતે રાજા બહુ કંટાળીને ગુસ્સે થઇ ગયો અને કહ્યું, 'આ તે શું? કેવા કેવા સુંદર રાજપુત્રો આવે છે, પણ ચંપાનું મન જ માનતું નથી! કેટકેટલા રાજપુત્રોનું તેણે આજ લગી અપમાન કરી નાખ્યું છે?'

રાજાના શહેર બહાર એક મોટો પહાડ હતો અને તેના ઉપર સ્ફટિકનો એક સુંદર મહેલ હતો. રાજાએ છેવટે ગુસ્સે થઇને ચંપાને ત્યાં મોકલી દીધી. અને સાથે માત્ર એક દાસી આપી. એ પહાડ ઉપર એક દાડમનું ઝાડ હતું અને તેના ઉપર સોનાનું દાડમ હતું. ચંપાએ હવે પણ લીધું હતું કે ઘોડા ઉપર બેસીને પહાડ પર ચડી જે કોઇ તે દાડમ તોડી લાવે ને ચંપાના હાથમાં આપે તેની સાથે તે લગ્ન કરે. પછી તે રાજકુંવર હોય કે ભિખારી હોય! રાજકુમારે જંગલના ઝાડ પરથી જે સ્ફટિકનો મહેલ જોયો હતો તે આ ચંપા રાજકુંવરી વાળો જ મહેલ.

ચંપા રાજકુંવરીના પણની વાત સાંભળી ફરીથી દેશદેશના રાજકુંવરો ચંપાને વરવા માટે આવ્યા. પરંતુ પહાડ એટલો સીધો હતો કે તેની ઉપર ઘોડે ચડીને જવાય તેમ હતું જ નહિ, તો પછી ફળ શી રીતે લાવે? જેટલા આવતા તે સૌ પહાડ સામે જોઇને નિસાસો નાખીને પાછા ફરતા. ચંપા મહેલના ઝરૂખા ઉપર બેસીને આ બધું જોતી. તેના મનને એક જાતનું દુઃખ થયા કરતું. રોજ સવારસાંજ ઝરૂખામાં આવીને તે ઊંડા વિચારમાં બેસી રહેતી. તેની સોનેરી ઓઢણી પવનમાં ઊડતી ને તેના પર સૂર્યનાં કિરણો પડતાં ત્યારે તેમાંથી અનેક રંગો ઝળહળી ઊઠતા.

રાજકુમાર કનક શહેરમાં આવ્યો એટલે લોકો પાસેથી તેણે આ બધી વાત સાંભળી. તેણે એક દિવસ તો રાજકન્યાને નજરે જોઇ. પછી તો સવારમાં નાહીને ચંપા મહેલના ઝરૂખામાં બેસીને પોતાના માથાના સુંદર વાળ સૂકવતી તે દૂરથી કનક રોજ જોતો. ઊડતા વાળમાંથી રાજકન્યાનું મુખ તેને વરસાદથી ઘેરાએલાં વાદળમાંથી ચમકતા ચંદ્ર જેવું દેખાતું.

તે મનમાં વિચારતો કે મને જો કયાંયથી ઘોડો મળે તો આ પહાડ ઉપર જવાનો પ્રયત્ન કરૂં. પરંતુ ઘોડો આપે કોણ? હું રાજપુત્ર છું એ વાત ઉપર પણ કોણ વિશ્વાસ કરે? એણે ઘણોઘણો વિચાર કર્યો, પણ એકે ઉપાય હાથ ન લાગ્યો. છેવટે એણે

નક્કી કર્યું કે રાજાની ગૌશાળાના ભરવાડની નોકરી લઉં.

કુમાર ગૌશાળામાં રહ્યો. રોજ સવાર થાય એટલે તે ગાયો લઇને પેલા પહાડની તળેટીના વનમાં જાય. ગાયો ચરે અને તે પહાડ પરના સ્ફટિકના મહેલ સામે જોઇને વિચાર કર્યા કરે કે હું એવું શું કરું કે જેથી પેલું સોનાનું દાડમ લઈ શકું ને રાજકન્યાને પરણું ? આખો દિવસ એ ને એ જ વિચાર કર્યા કરે, પણ એકે ઉપાય સૂઝે નહિ. એમ કરતાં સાંજ પડે એટલે ગાયો લઇને ઘેર આવે ને ઊંડો નિસાસો મૂકે !

આવી નિરાશામાં ઘણા દિવસ વહી ગયા. છેવટે એક દિવસ તેણે વિચાર્યું કે આવી દશામાં કોને માટે જીવવું? જો ચંપા ન મળે તો મારી જિંદગી શા કામની છે ? રોજ આ ગાયોને ચરાવવી ને રોજ પાછી લઇ જવી એવા સૂકા જીવનમાં શો લાભ ? એના કરતાં તો પ્રાણ કાઢું એ જ બહેતર છે.

આવો વિચાર કરીને તે નદીને તીરે ગયો અને એક ઊંડો ધૂનો જોઇને અંદર ડૂબી મરવા જાય છે ત્યાં કોઇએ પાછળથી તેને બોલાવ્યો, 'અરે રાજપુત્ર !'

કનકકુમાર પાછું વાળીને જુએ છે તો પેલો વન-માનવી ! તેણે કહ્યું, 'રાજપુત્ર મને ઓળખે છે?'

રાજપુત્રે કહ્યું, 'તમને કેમ ન ઓળખું ? તમારે માટે તો મેં આ દુર્દશા વહોરી લીધી છે. રાજપુત્ર હોવા છતાં ગોવાળ બન્યો છું ને ગાયો ચરાવું છું.'

વન-મનુષ્ય બોલ્યો 'એ વાત હું ભૂલી નથી ગયો રાજકુમાર. અને એ ઉપકારનો બદલો વાળવા જ આજ હું અહીં આવ્યો છું.

રાજકુંવરે કહ્યું, 'શો બદલો ?'

વન-મનુષ્યે કહ્યું, 'તમે રાજકન્યા ચંપા સાથે લગ્ન કરવા ઇચ્છો છો ખરું ને ?'

રાજપુત્રે કહ્યું, 'એ તો આશા જ નથી ! સોનાનું દાડમ ન લાવું ત્યાં સુધી ચંપા લગ્ન કરે તેમ નથી. રાજકન્યાનું પણ ભારે કહણ છે.'

વન-મનુષ્યે કહ્યું, 'પણ હું તમને ઘોડો આપીશ, રાજાનો પોષાક આપીશ. એ પોષાક પહેરી ઘોડા ઉપર બેસીને તમે પર્વત ઉપર જજો. હું બધાં વન-માનવીઓનો રાજા છું. અને મારા પક્ષરાજ ઘોડાને ક્યાંય જવું કઠણ નથી. માટે આ બધી નિરાશા છોડી દો. ને ચાલો મારી સાથે.'

રાજકુંવરને આ સાંભળી ધરપત મળી અને તે વન-માનવીની પાસે આવી બોલ્યો, 'પણ આ મારી ગાયોની કોણ નજર રાખશે ?'

'એ બધી વ્યવસ્થા હું કરું છું.' એમ બોલી વન-મનુષ્યે એક મોટો વિચિત્ર અવાજ કાઢ્યો. જોત-જોતાંમાં તો ચારે તરફથી અસંખ્ય વન-માનવી ટોળાં-બંધ દોડી આવ્યા. તેઓને તેણે કહ્યું, 'જુઓ, આ રાજપુત્ર મારો ભાઇ છે. તે જ્યાં સુધી પાછો ન આવે ત્યાં સુધી તમે તેની ગાયોની સંભાળ રાખજો.'

પછી રાજપુત્રને લઇને વન-મનુષ્યનો રાજા પોતાની ગુફામાં ગયો. ગુફામાં તો સુંદર મકાનો, મહેલો, મોટા રસ્તા, બગીચા વગેરે હતું. કનકકુમારે વન-માનવીના મહેલમાં જઇ રાજકુમારને દીપે એવો પોષાક પહેર્યો, હીરામોતીનાં ઘરેણા પહેર્યાં ને હથિયાર બાંધ્યાં. બહાર આવીને જુએ તો પક્ષરાજ ઘોડો સજ્જ થઇને ઊભેલો ! રાજપુત્રે તેને પલાણીને જેવી લગામ હાથ-માં લીધી કે તરત ઘોડો આંખના પલકારામાં પહાડ તરફ ધસ્યો.

રાજકન્યા ચંપાને વરવા આવેલા બીજા પણ કેટલાક રાજકુંવરો પહાડની તળેટીમાં ઊભા હતા. કનકકુમારનો ઘોડો તીરવેગે આવતો જોઇને તથા પહાડ ઉપર સડસડાટ ચડતો જોઇને તેઓ તો બધા ડઘાઇ જ ગયા ! ભભકાદાર પોષાક અને તેજસ્વી ઘોડાવાળો આવો દેવકુમાર જેવો એ કોણ હશે એની તેઓ અંદરઅંદર પૂછપરછ કરવા લાગ્યા અને આ-શ્ચર્યથી પર્વત પર ઊડયે જતા કનકકુમારને જોઇ રહ્યા.

ઘોડો તો સીધો દાડમના ઝાડ પાસે જઇને ઊભો રહ્યો. રાજકુંવરે ઝાડ પરથી સોનાનું દાડમ તોડી લીધું. એ વખતે પહાડ પરનાં પક્ષીઓ મધુર સ્વરે ગાઇ ઊઠયાં ને શીતળ પવન વાવા લાગ્યો. સોનાનું દાડમ લઇને રાજપુત્ર સીધો સ્ફટિકને મહેલે જઇ રાજકન્યાના દર-વાજા પાસે આવીને ઊભો અને સાદ કર્યો, 'રાજકન્યા !'

આવા એકાંતમાં પોતાને કોઇ બોલાવતું સાંભળી રાજકન્યાને નવાઇ લાગી. તેણે દાસીને કહ્યું, 'જો જોઇએ, એ કોણ બોલાવે છે ?'

કનકે કહ્યું, 'હું કનકકુમાર તમારી પ્રતિજ્ઞાનું સોનાનું દાડમ લાવ્યો છું. બહાર આવીને તે સ્વીકારો.'

આ સાંભળી રાજકન્યાના આનંદ ને આશ્ચર્યનો

પાર ન રહ્યો. તેણે બહાર આવીને જોયું તો દેવ-કુમાર જેવો કોઇ રાજકુમાર ખરેખર હાથમાં સોનાનું દાડમ લઇને ઊભો છે. રાજકન્યાએ હાથ લાંબો કર્યો.

કનકકુમારે રાજકન્યાના હાથમાં દાડમ મૂકી દીધું. લજ્જાથી રાજકન્યાનો હાથ ધ્રૂજી ઊઠ્યો ! દાસીએ પૂછ્યું, 'કુમાર! તમે કયા દેશની ગાદીને શોભાવો છો ?'

કનકે કાંઇ કહ્યું નહિ; પણ પોતાના હાથની વીંટી કાઢીને ચંપાની કળી જેવી ચંપાની આંગળીમાં પહેરાવી દીધી. એ વીંટી પર તેનું નામ હતું. ચંપાએ પોતાની વીંટી કનકને પહેરાવી.

તરત જ કનકકુમાર પાછો વાયુવેગે ઘોડો દોડાવતો નીચે ઊતરી આવ્યો. રાજકન્યા મહેલના દરવાજામાં ઊભી રહીને તેના તરફ એકીટશે જોતી જ રહી. જેવો સુંદર રાજપુત્ર તેવું જ તેનું પરાક્રમ જોઇને તે મુગ્ધ થઈ ગઇ. જેવો કનકકુમાર નજરથી દેખાતો બંધ થયો તેવી જ રાજકન્યા નીચે ઢળી પડી અને લાંબા નિસાસા નાખવા લાગી.

સોનાનું દાડમ તોડાયાની વાત રાજા પાસે ગઇ એટલે તો રાજા ખુશખુશ થઇ ગયો. રાજ્યમાં બધે ઉત્સવ થઇ રહ્યો. રાજકન્યાને બોલાવવા માટે રાજાએ સોનાની પાલખી અને સંખ્યાબંધ માણસો મોકલ્યાં. રાજકન્યા આવીને માતાને ભેટી પડી.

રાજાના હુકમથી ચારે બાજુ કનકકુમારની શોધ કરવા માણસો છૂટયાં. પણ કોઇને એ દેવકુમાર જેવો રાજકુંવર ક્યાંય જડયો નહિ. સભા વાટ જોઇને બેસી રહી હતી. એવામાં ગૌશાળાની ગાયોના રખેવાળ ભરવાડના વેશે કનકકુમાર સભામાં આવ્યો અને બોલ્યો, 'મહારાજ હું જ એ કનકકુમાર છું. આ જુઓ, રાજકન્યાની વીંટી !'

રાજા ચમકી ઊઠ્યો. આવા ભિખારી જેવા ભરવાડે સોનાનું દાડમ તોડ્યું ! એ કેમ બને ? નક્કી આણે ખરા કનકકુમારને મારીને તેની પાસેથી વીંટી લઇ લીધી હોવી જોઇએ. રાજાએ તો તરત ઊલટો હુકમ કર્યો કે 'આને ગરદન મારો!'

આ બધો ગોટાળો જોઇ પડદામાં બેઠેલી રાજ-કન્યા બહાર આવીને ઊભી રહી. તેણે તરત જ કનક-કુમારને ઓળખ્યો. પરંતુ એનો વેશ આવો કેમ ?

રાજકન્યા બૂમ પાડી ઊઠી, 'બાપુ આણે જ સોનાનું દાડમ આણ્યું છે!'

સભાનાં માણસો તિરસ્કારથી મોં ફેરવી ગયાં. હારેલા રાજપુત્રોનું ટોળું બોલી ઊઠ્યું, 'આ શું મહારાજ ! આ ગોવાળની સાથે રાજકન્યાનાં લગ્ન કરશો?'

રાજાએ કનકકુમારને પૂછ્યું, 'તું ક્યાંનો કનક-કુમાર ? તું તો મારો ગોવાળ છે?'

કનકે કહ્યું, 'ખરી વાત મહારાજ. હું આપનો ગોવાળ છું એ સાચી વાત છે. પણ હું ખરો તો કનકકુમાર છું અને સોનાનું દાડમ હું જ લાવ્યો છું!'

બધા બોલી ઊઠ્યા, 'પણ તેની સાબીતી શી ?'

'સાબીતી થોડા જ વખતમાં કરી બતાવું છું.' એમ બોલી કનકકુમાર સભાની બહાર ચાલ્યો ગયો. મહેલની બહાર વન-માનવી રાહ જોતો જ ઊભો હતો. તેની પાસેથી રાજપોષાક સજી ઘોડે બેસી રાજદાડથી કુમાર સભામાં આવ્યો. આખી રાજસભા કનકકુમારને જોઇને અંજાઇ ગઇ. રાજકન્યાએ તેને ફૂલમાળા પહેરાવી. વાજાં વાગવા માંડ્યાં.બધે આનંદમંગળ થઇ રહ્યાં.

રાજકુમારે પછી પોતાની બધી વાત માંડીને કહી અને રાજાનો બધો સંદેહ ટળ્યો. તેણે તરત કનક-કુમારનાં માતાપિતાને ખબર આપવા દૂત મોકલ્યો. રાજાએ ચંપાનો હાથ કનકકુમારને સોંપ્યો.

કનકનાં માબાપ તો તેના વિયોગે ગાંડા જેવાં થઈ ગયાં હતાં. તેમના આનંદનો આ ખબર સાંભળી પાર રહ્યો નહિ. કનકકુમારને લેવા તેઓ ચંપાકુંવરીને દેશ આવ્યાં. ત્યાં કનક અને ચંપાનાં ધામધૂમથી લગ્ન થયાં અને સૌ પાછા ફર્યાં. કનકકુમારના પાછા આવવા-થી રાજ્યમાં બધે આનંદઆનંદ વર્તી રહ્યો.

અંગ્રેજ અમલ પછીનું હિંદ

ઇ. સ. ૧૮૯૦માં માણસ દીઠ સરેરાશ ૦ાા રતલ અનાજ મળતું હતું; આજે માંડ ૧૮ રૂપિયાભાર મળે છે. (ઘી-દૂધની તો વાત જ નહિ.)

ઈ.સ. ૧૮૮૦માં હિંદનું મરણપ્રમાણ હતું તેના કરતાં આજ સવાગણું છે!

ઈ. સ. ૧૮૬૦માં હિંદનો મહેસુલવેરો ૧૭ કરોડનો હતો; આજે એથી લગભગ બમણો—શુમારે ૩૨ કરોડ થયો છે. ખોરાકી ઘટી પણ મહેસુલ વધ્યું!

ઇ. સ. ૧૮૬૦માં હિંદનું લશ્કરી ખર્ચ ૧૬ કરોડ હતું તે વધીને આજે ૫૬ કરોડ થયું છે. (સરકાર માબાપનાં છોકરાં મોટાં થતાં ગયાં તેમ તોફાની થતાં ગયાં માટે!)



માધુકરી

આગે કદમ! આગે કદમ! આગે કદમ! યારો! ફનાના રાહ પર આગે કદમ!
આગે કદમ : દરિયાવની છાતી પરે; નિર્જળ રણે, ગાઢાં અરણ્યે, ડુંગરે;
પંથે ભલે ઘન ઘૂઘવે કે લૂ ઝરે: આગે કદમ! આગે કદમ! આગે કદમ!

આવે ન આવે સાથીઓ સાથે છતાં, ધિક્કાર, બદનામી, બુરાઈ વેઠતાં,
વૈરી જનોનાં વૈર હૈયે ભેટતાં આગે કદમ! આગે કદમ! આગે કદમ!

જ્વાલામુખીના શૃંગ ઉપર જીવવા તેં આદરી પ્યારી સફર ઓ નૌજવાં!
માતા તણે મુક્તિ-કદંબે ઝૂલવા આગે કદમ! આગે કદમ! આગે કદમ! (સૌ૦)

સરહદના ગાંધી ખાન અબ્દુલ ગફારખાન

અશાંતિની આંધી વચ્ચે ભરાએલી કરાચીની ગઈ શાંત મહાસભા વખતે, આજ દિન સુધી સરહદના સુરમ્ય પહાડી પ્રદેશમાં છુપાઇ રહેલા એક પ્રતિભાશાળી પઠાણ દેશભક્તનો હિંદી જનતાને પ્રથમ પરિચય થયો. એનું નામ ખાન અબ્દુલ ગફારખાન. કુદરતની ગોદમાં ઊછરેલી જેવી પડછંદ એમની કાયા છે તેવું જ પ્રતિભાશાળી ને પ્રાણવાન એમનું વ્યક્તિત્વ છે. એમના સરળ સ્વભાવથી સૌકોઇ એમની તરફ આકર્ષાય છે.

પ્રખ્યાત મહમ્મદ ઝઇ ટોળીના અગ્રગણ્ય આગેવાનોમાંના એક ખાન બહેરામખાનના એ પુત્રનો જન્મ ૧૮૯૧માં પેશાવર જિલ્લાના ઉત્મનઝઇ ગામમાં થયો હતો. પ્રાથમિક અક્ષરજ્ઞાનનું શિક્ષણ તેમણે એક મસ્જિદમાં મેળવ્યું. એ કાળે અંગ્રેજી શિક્ષણ એ ધર્મભ્રષ્ટ કરનાર કાફરની કેળવણી લેખાતી. પણ ખાન બહેરામખાન સ્વતંત્ર વિચારો ધરાવનાર નીડર પુરુષ હતા. પોતાના પુત્રનું જીવન જૂની-રુઢિપ્રણાલિકામાં રોળવા કરતાં એને અંગ્રેજી ઉચ્ચ શિક્ષણ આપવાનું ઈષ્ટ ધારી પ્રજામત અને સગાંસંબંધીઓના વિરોધનો ખોફ મૂંગે મોઢે સહન કરીને એમણે નાના અબ્દુલને પ્રથમ મ્યૂનિસિપલ હાઈસ્કૂલમાં અને પાછળથી એડવર્ડ ચર્ચ મિશન હાઇસ્કૂલમાં અભ્યાસ કરાવ્યો. એ નિશાળના તે વખતના પાદરી પ્રિન્સિપાલનું સ્મરણ તેમણે આજ સુધી સંઘરી રાખ્યું છે. તેના ઉદ્યોગ અને ત્યાગે એટલી નાની વયે પણ ખાન અબ્દુલ ગફાર ખાનની પ્રશંસા મેળવેલી. એ નાના પણ સૂક્ષ્મ બુદ્ધિવાળા વિદ્યાર્થીથી આ વિદેશીના કામી ગુણો માટે અદેખાઇ કર્યા વગર રહેવાયું નહિ, અને એ એના હૃદયના આદર્શ થઇ પડયા. તેજસ્વી બુદ્ધિ ને સરળ સ્વભાવને કારણે અબ્દુલ વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો માનીતો થઇ પડયો. સૌકોઇની નજર ઠારતા એ આશાભર્યા ઊગતા યુવકની સૌ પ્રશંસા કરતું.

૧૯૦૬માં એન્ટ્રન્સ પરીક્ષા અબ્દુલે પસાર કરી એટલે એન્જિનીઅરીંગનો અભ્યાસ કરવા તેના વડીલ ભાઇ (કૅપ્ટન ખાનસાહેબ, આઇ.એમ.એસ.) જે વિલાયતમાં વૈદકનો અભ્યાસ કરતા હતા તેની પાસે મોકલવાનું ઠર્યું. પણ અણધાર્યા સંજોગો કિસ્મત આડે આવતાં એ વાત એટલેથી જ પડતી મૂકાઇ.

યૌવનના મનોરાજ્યમાં વિહરતો અબ્દુલ ભાવિજીવનના અનેક સ્વપ્નતરંગો રચતો હતો, એવામાં ૧૯૦૯માં તેને સરકાર તરફથી લશ્કરમાં હિંદી કમિશન આપવાનું આમંત્રણ મળ્યું. જુવાન અબ્દુલ ગફારખાનનું ચિત્ત લશ્કરી હોદ્દાના ભભકાથી આકર્ષાયું. અંદરબહાર સાહેબ જેવા દેખાવાની અને અંગ્રેજ જોડે સમાન દરજ્જે બેસવાની તેમને આતુરતા ઉપજી. લશ્કરમાં નોકરી અને હોદ્દો મળે તો આ વસ્તુ તદ્દન શકય છે. એમ તેમને મનાવવામાં આવ્યું હતું. પણ એક જ બનાવથી તેમની કલ્પના ભાંગી પડી અને તેમના મનમાંથી ઊતરતાપણાની ભાવના હમેશને માટે નીકળી ગઇ. તેઓ લશ્કરમાં એક સગાને મળવા ગયા હતા. ત્યાં એક ઊતરતા દરજ્જાના અંગ્રેજ અમલદારે વિનાકારણ એ સગાનું હડહડતું અપમાન કરેલું જોઇ તેમનો ભ્રમ ભાંગી ગયો. એ ઘટનાનો પાઠ આ ગરવા જુવાનના હૃદયમાં સોંસરો ઊતરી ગયો ને તેણે લશ્કરમાં ન જોડાવાનો નિશ્ચય કર્યો.

જીવનમાં કોઈ એકાદ પ્રસંગ એવો આવી જાય છે કે જે જીવનપલટો—હૃદયપલટો કરી નાખે છે. ઉપરોક્ત ઘટના પછી ખાન અબ્દુલગફારનો સ્વભાવ વધુ ને વધુ ચિંતનશીલ બનતો ગયો. સ્વતંત્ર વાતાવરણ અને કુદરતની ગોદમાં ઊછરેલો એમનો સ્વમાનપ્રિય આત્મા અંગ્રેજી આલમના અન્યાય, કૃત્રિમતા, દંભ અને દૂષણથી ડગલે ને પગલે ઘવાવા લાગ્યો.

એ પરિસ્થિતિનાં કારણો શોધતાં પોતાના સરહદી દેશબાંધવોના સામાજિક સડા, અજ્ઞાન ને કુસંપમાં એણે અંગ્રેજી સત્તાનાં મૂળ જોયાં. અને એ સામાજિક બદીઓ ને અજ્ઞાનનાં પડળ દૂર કરી વહાલાં વતનની સેવા અર્થે જિંદગી હોમવાનો સંકલ્પ કરી તેણે જાહેરજીવનમાં ઝંપલાવ્યું.

જેને કામ જ કરવું છે તેને માટે જાહેરસેવા કરવાનાં અનેક ક્ષેત્રો ખુલ્લાં પડયાં છે. ૧૯૧૨માં તેને જાતિભાઇઓની સેવા કરવાની પ્રથમ તક મળી. તે વખતે ટ્રિપોલીનું યુદ્ધ સળગ્યું હતું. ખ્રિસ્તી યુરોપમાં તુર્કસ્તાનની ઇસ્લામી સત્તા આખા યુરોપને આંખના કણાની જેમ ખૂંચતી હતી અને ઇટલીએ તેની સામે છડેચોક યુદ્ધ આદર્યું હતું. એ યુદ્ધમાં સરહદના અફઘાનો તરફથી તુર્કોને મદદ કરવા ખાન અબ્દુલ ગફારે પોતાનાથી બનતું કર્યું. બીજે વર્ષે તેણે પોતાના ગામના લોકોમાંથી અજ્ઞાન દૂર કરવા એક રાષ્ટ્રીય શાળા ઉઘાડી. પણ તે પછી તરત ૧૯૧૪માં લોહીતરસ્યું વિશ્વવ્યાપી જગતયુદ્ધ સળગી ઊઠ્યું. સરહદ પર અંગ્રેજ સરકારનો જાપ્તો ને જુલમ માઝા વટાવી ગયાં. એ રાષ્ટ્રીય શાળાનું શિક્ષણ એમને દ્રોહી લાગ્યું હોય કે ગમે તેમ, ૧૯૧૫માં એ શાળા પીંખીને હતી ન હતી કરી નાખી. એના શિક્ષકો પરહેજ થયા. સુભાગ્યે ખાન સાહેબ એ પંજામાંથી છટકી ગયા.

આ પછી તો એ વિદેશી અમલ સામેની એમની કડવાશ વધતી ગઇ. લોકોને પોતાનું અને સરહદનું હીર ચૂસી લેતી સરકારનું ભાન કરાવવા તે કટિબદ્ધ થયા. તેમણે સરહદના મુલકોમાં પર્યટન આદર્યું. દુઃખાર્ત હૃદયના પોતાના અંતરના નાદ ભોળા, ભલા ને અજ્ઞાત બાંધવો આગળ ઠાલવી હૃદય હળવું કરવા માંડ્યું. સરહદની સાચી દશાનું તેમને દિગ્દર્શન કરાવવા માંડ્યું. દેશપ્રેમી ખાં સાહેબ 'ખાન' મટી 'ફકીર' બન્યા.

એટલામાં પેલો ગોઝારો કાળો કાયદો (રૉલેટ એક્ટ) સરકારે પ્રજા પર લાદી હિંદભરમાં જાગૃતિ આણી. ખાન ગફારનો આત્મા કકળી ઊઠ્યો. હિંસા—મનુષ્ય હિંસાની ગોદમાં ઊછરેલો એ સાચો અફઘાન બચ્ચો હિંસાની મનોસૃષ્ટિવાળા પ્રદેશમાંથી અહિંસાની ભાવનાસૃષ્ટિમાં ડોકિયું કરવા પ્રથમ પ્રેરાયો. એણે એ કાળા કાયદાની સામે ઝુંબેશ માંડી. એ સત્યાગ્રહી બન્યો અને અહિંસાનો ઉપાસક બન્યો. એણે પોતાના ગામમાં બે સભાઓ ભરી. સરકારની ખફા દૃષ્ટિ તેના ઉપર પ્રથમથી જ હતી, એટલે આ પગલાંથી સરકારનો રોષ તેના પર પૂરો ઊતર્યો. તરત જ ત્યાં માર્શલ લૉ—લશ્કરી કાયદો—અમલમાં મૂકાયો. લોકોને નિઃશસ્ત્ર કરવામાં આવ્યા. આગેવાન ખાન સાહેબ સહિત ૧૪૦ બીજા મુખ્ય જણને ગિરફતાર કરવામાં આવ્યા, અને આખા ગામ ઉપર રૂા. ૩૦,૦૦૦નો ભારે દંડ લાદવામાં આવ્યો. દંડ ઉઘરાવતી વેળા પોલિસ જુલમ કરવામાં મણા રાખે એ તો કેમ બને? લગભગ એક લાખનો દંડ પ્રજા પાસેથી વસૂલ કરવામાં આવ્યો!

પણ જનસેવા એ જ જેનો જીવનધર્મ હોય, એને માટે બધું ત્યાગીને જીવન નીચોવીને જે બેઠો હોય તે આટલી મુસીબતથી કેમ પાછો હઠે? એણે તો નવઉત્સાહથી બમણા જોશથી પોતાનું કામ આદર્યું. પરિણામે ૧૯૨૨માં તેમને ત્રણ વરસની કાળી મજૂરીની જેલ મળી. આટલું બલિદાન લોકોને જાગૃત કરવા બસ હતું. લોકોમાં આત્મજાગૃતિ આવી, સ્વમાન–સ્વાધીનતાની લાગણી સતેજ થઇ. એ જાગૃતિ આવતાં આત્માને કચડી નાખનારા અંધારા ઓળા–ગુલામીના પડછંદ પડછાયા લોકોએ દીઠા. અને તે દૂર કરવા તેઓ કટિબદ્ધ થયા. સરહદ પ્રાંતના કોહાટ, બન્નુ, ડેરા ઇસ્માઇલખાન, પેશાવર, હઝારા આદિ સ્થળોએ લડત પૂર જોશમાં ફેલાઇ.

બંધનમુક્ત થતાં જ એ અફઘાન દેશભક્તે કાનપુરમાં શ્રીમતી સરોજિની નાયડુના પ્રમુખપદે મળેલી રાષ્ટ્રીય મહાસભામાં પહેલી હાજરી આપી. તે વખતથી તેમણે હિંદના રાજકારણ સાથે જીવંત સંબંધ બાંધ્યો. મહાત્માજીની સાથે તેમની પહેલી મુલાકાત ૧૯૨૮માં લખનૌમાં થઇ.

પોતાના રાજકીય આદર્શો પાર પાડવા તેમણે અનેકવિધ પ્રવૃત્તિઓ ઉપાડી હતી. સામાજિક બદીઓ દૂર કરવા સામાજિક ઝુંબેશ આદરી, સાથેસાથે એમણે એ પણ જોયું કે લોકોની સાર્વત્રિક મુક્તિ સાધવા માટે રાષ્ટ્રીય કેળવણીના પ્રચારની આવશ્યકતા છે. તરત જ એ વિચાર પણ અમલમાં મૂકાયો. ૧૯૨૨માં 'અન્જુમને ઇસ્લ હુલ અફઘાન' નામની એક સંસ્થા તેમણે સ્થાપી, જેના આશ્રય હેઠળ હાલ ૨૬ રાષ્ટ્રીય શાળાઓ ચાલી રહી છે. આવી શાળાઓમાં આઝાદ નૅશનલ હાઇસ્કૂલની સ્થાપનાના પ્રયત્નો ખાન સાહેબે ૧૯૨૧માં કર્યા હતા. આ રાષ્ટ્રીય વિકાસ રૂંધવા માટે કેવાકેવા પ્રયત્નો થયા એનું વર્ણન અહીં અસ્થાને છે.

પણ આટલેથી એમના પ્રયત્નો અટક્યા નહિ. એમને તો લોકોનું સુદૃઢ સંગઠન કરવું હતું; સરહદના પાયા મજબૂત કરવા હતા. એટલે તેમણે અફઘાન જિરગાની સ્થાપના કરી, 'ખુદાઇ ખિદમતગાર' નામનું સ્વયંસેવકદળ ઊભું કર્યું. આ ખુદાઇ ખિદમતગારનો પરચો કરાચી મહાસભા વેળા લોકોને થયો. લાલ ખમીસનો પોશાક એ એમનું ચિહ્ન છે. જેવું તેમનું નામ ભવ્ય આદર્શસૂચક છે તેવું જ એમનું કાર્ય છે. હિંસાની ગોદમાં ઊછરેલા એ અફઘાનો અહિંસાને વરેલા છે. પેશાવરના છેલ્લા હત્યાકાંડ વેળા જગતે જોઇ લીધું કે હિંસક મનોવૃત્તિવાળા પણ અહિંસાનો પરમ આદર્શ સિદ્ધ કરી શકે છે. આ સૈનિકોની સંખ્યા લગભગ લાખ જેટલી કહેવાય છે.

આ લાખ તાલીમબદ્ધ સૈનિકોના સેનાની ખાન સાહેબની નિખાલસતા, સજ્જનતા, નમ્રતા અને દેશપ્રેમ અદ્ભુત છે. હિંદ સ્વરાજમાં હિંદના દરવાન બનવાનું નમ્ર કામ સ્વી-



ખાન અબ્દુલગફારખાન   સ્કેચ : કનુ દેસાઈ

કારવાની એમની અભિલાષા છે. કોમી ઝિખવાદ–હિંદુ–મુસલમાન ઝગડા પાછળ રહેલી મૂર્ખતાથી એમનું કોમળ હૃદય દુભાય છે. ગુલામને વળી ધર્મ શો ? તેઓ કહે છે કે 'જે માણસ પ્રજાની સેવા કરવા ઇચ્છે છે તે શા માટે કીર્તિની પરવા કરે ? સાચો સેવક કદી પણ નેતા થવાનો વિચાર કરતો નથી.' અને એ સૂત્ર તેમણે બરોબર જીવનમાં ઉતાર્યું છે. તેમનામાં નેતાગીરીનો જરા યે આડંબર નથી. મહાત્માજીના સિદ્ધાંતોના એ પરમ ભક્ત છે. અહિંસાને તેઓ માત્ર રાજનીતિ તરીકે માને છે એવું નથી; પણ તેઓ તો મહાત્માજીની માફક જ અહિંસાની દિવ્ય શક્તિમાં ભારે શ્રદ્ધા રાખનાર છે. અહિંસાનો તેમણે ધર્મ તરીકે સ્વીકાર કર્યો છે. હિંસાની જીવંત મૂર્તિ સમા પઠાણોને તેમણે અહિંસાના પાઠ પાઠવી અહિંસાવાદી બનાવ્યા છે.

તેમનું વાચન ઘણું વિશાળ છે. રશિયા, આયર્લૅંડ, અમેરિકા, ફ્રાન્સ, ઇટલી, ચીન, તથા તુર્કી વગેરે દેશોની રાજ્યક્રાંતિઓનો તેમણે ઊંડો અભ્યાસ કર્યો છે. અમીર અમાનુલ્લાખાનને પદભ્રષ્ટ કરવામાં બહારની શક્તિઓ કેટલી જવાબદાર હતી તે વિષે તેમણે કેટલાં યે ભાષણો આપ્યાં હતાં. સરહદ અને બ્રિટિશ હિંદ વચ્ચે ભાઈચારો થાય એ એમની અંતરની ઇચ્છા છે.

તેમની ચાલ ખૂબ ઝડપી છે. તેમની સાથે ચાલનારને ઘસડાવું પડે. આ ઉપરથી તેમના સાથીઓ પોકાર કરતા કે 'હટ જાઓ, ફ્રન્ટીયર મેલ આવે છે.' સાધારણ કદના બે માણસો સમાઇ જાય એવડો એમનો ડગલો એમના શરીરના કદનો ખ્યાલ આપે છે.

ખાન સાહેબનો દેશપ્રેમ જ્વલંત છે. તેમના ભોગ જબરા છે. તેમની દેશસેવાની કદર કરી લોકોએ તેમને 'સરહદના ગાંધી'નું જે બિરદ આપ્યું છે તે યોગ્ય જ છે.

('ગુજરાતી' 'પ્રતાપ' 'નવજીવન' વગેરે ઉપરથી સંકલિત)

કેરડાં

ગામડાંમાં વસનારાંઓએ ખીચડીની સાથે કેરડાનું અથાણું ખાધું હશે. કેટલાંએક માંદાં માણસોને કેરડાનું અથાણું ખૂબ ભાવ્યું હશે. એના ઝાડને કેર અથવા કેરડું કહે છે.

કેર કાંટાળું ઝાડ છે. ગુજરાત અને કાઠિયાવાડમાં અણખેડાણ જમીનમાં તે દેખાય છે. કેરને પાંદડાં નથી હોતાં. તેનું એક વરત છે કે

સો આંબા સો આંબલી, બસો બીજાં ઝાડ,
પાન વિનાનું ઝાડવું, રાજા ભોજ કરે વિચાર.

એ કેરડું, કેરની કુણીકુણી ડાળીઓ તડકામાં તગતગતી હોય ત્યારે સૌને દેખાય છે. તેનાં કુણાં કુણાં ઝીણા કાંટા પાંદડાં જેવા લાગે છે.

ઉનાળાની શરૂઆતમાં કેર ફૂલે છે. જેમ કેસુડો આખો કેસુડાં ફૂલથી ઢંકાઇ જાય છે તેમ કેર ફૂલોથી ઢંકાઈ જાય છે. તેનાં ફૂલ કેસરી રંગનાં ને સુંદર વાસવાળાં હોય છે.

ફૂલો બેસે છે ત્યારે સક્કરખોડો એમાંથી રસ ચૂસે છે. ઉઘડેલા કેર ઉપર સક્કરખોડો સુંદર દેખાય છે. સક્કરખોડો ઊડતો જાય છે ને તેની લાંબી ચાંચે રસ ખેંચતો જાય છે.

ફૂલ પછી એને ફળ આવે છે. ઝીણાંઝીણાં કેરડાં, ગોળ ગોળ આકારનાં લીલા રંગના કેરડાં, કાચાં ચણીબોર જેવાં લાગે છે. ધીમેધીમે તે મોટાં થઈ બોર બોર જેવડાં બને છે. કોઇકોઇ કેરડાં તો નાની સોપારી જેવડાંજેવડાં થાય છે.

વહી નામનાં પક્ષી પાકાં કેરડાં ખાવા બહુ આવે. વહીને કેર ને પીલુ ખૂબ ભાવે. ઉનાળો બેસતાં કેર ને પીલુડી ઉપર તમે વહીઓ બેઠેલી જોશો. એ કાબરની જાતનું પક્ષી છે.

કેરડું સ્વાદે કડવું હોય છે. કાચું કે પાકું તે અમથું તો ન જ ખાઈ શકાય. પણ મીઠાના પાણીમાં કાચાં કેરડાંને પલાળવાથી તેની કડવાશ ખૂબ ઓછી થઇ જાય છે; એટલું જ નહિ પણ તેમાં એક જાતનો ખાસ સ્વાદ ઉત્પન્ન થાય છે. એ અથાણું બહુ નીરોગી ગણાય છે.

પૈસાદાર લોકો કેરીનાં અથાણાં ખાય છે ત્યારે ગરીબ લોકો કેરડાં અને બાવળના પરડાનાં અથાણાં ખાય છે. પૂરૂં પચતું ન હોવાથી પૈસાદારને આંબાનું અથાણું પણ મીઠું

લાગતું નથી; જ્યારે આખો દહાડો કામ કર્યા પછી કેરડાનું અથાણું અને ખીચડી ગરીબને બહુ મીઠાં લાગે છે.

કેરડાના જાળામાં સસલાં ઘણી વાર લપાઇ રહે છે. કેરનો કાંટો નાનો હોય છે, પણ વાગવામાં ભારે તીણો હોય છે. 'મને કેર કાંટો વાગ્યો' એ લોકગીતમાં તે અમર થયો છે.

કેરનાં સૂકાં જાળાં બાળવાના કામમાં આવે છે અને તેના દેવતાનો આર હોકો પીનારાઓ ખાસ પસંદ કરે છે.

કેરની કૂંળી કૂંળી ડાળી ઉપર પતંગિયાંનાં ઝીણાં ઇંડાં મળી આવે છે અને એ ડાળી ખાઇને પતંગિયાંની ઈયળો મોટી થાય છે તથા ત્યાં તેના ઉપર જ કોશેટા બની ઊંઘે છે. થોડા વખત પછી તેમાંથી પતંગિયાં બની કેરડાનાં ફૂલોનો રસ ચૂસે છે.

કેરડાના જાળામાં દેવચલીઓ પણ પોતાના વાટકી કે ટબુડી આકારના માળા બાંધે છે. ગામડાની શીમમાં અને શહેરની બહાર વગડામાં કેર આડેધડ ઊગેલા હોય છે. છતાં ઘણાખરા ભણેલા માણસોએ તે જોએલા હોતા નથી.

કેરની ખેતી કરવી પડતી નથી. જંગલી ઝાડની જેમ તે પોતાની મેળે ઊગે છે અને મોટું થાય છે. ગરીબ લોકોની કમાણીનું તે સાધન છે. —ગિજુભાઈ

આપણી કાળી છત્રી શું બતાવે છે?

હિંદુસ્તાનમાં એક પણ જગ્યા એવી નહિ હોય કે જ્યાં છત્રીનો ઉપયોગ નહિ થતો હોય. છત્રીઓ તો આપણા દેશમાં મૂળથી આવી છે. પણ એ વખતમાં આજના જેવી કાળી છત્રીઓ નહોતી. એ વખતે તો છત્રીના દાંડા ને તાર બધું નેતરનું બનાવતા અને એના ઉપર લીલા રંગનું છત્રી મીણકાપડ ચડાવતા. વરસાદને માટે એ ખાસ ઉપયોગી ગણાતી. ઉનાળામાં કેવા પ્રકારની છત્રીઓ વપરાતી હતી તે વધારે જાણવામાં નથી, પરંતુ કાળી તો નહિ જ હોય. એ જૂની લીલા રંગની છત્રીમાં દોષ એટલો જ હતો કે એ અતિશય ભારે હતી, પણ તે વખતમાં એના વજનનો વિચાર કોઇના ખ્યાલમાં પણ નહિ આવતો હોય. ત્યાર પછી ધીમેધીમે ફેરફાર થતાં હાલના જમાનાની છત્રીઓ દાખલ થઇ. એમાં દાંડા, સળીઆ, કાપડ, દોરો, કડીઓ બધું બદલાઇ ગયું છે અને બધું જ પરદેશથી આવે છે. એ રૂપાંતર કંઇ એકદમ થયું નથી. વીસ વરસ પહેલાં જે છત્રીઓ મળતી હતી તે હવે દેખાતી પણ નથી. હવે ચાંપના બદલામાં રબરની અથવા તો સ્પ્રિંગની કડીઓ વાપરવી પડે છે. મતલબ કે ફેરફાર કરાવતી વખતે બહુ જ આસ્તે અને સાવચેતીથી કરાવવાનો હોય છે એ ખાસ શીખવા અને ખીલવવા જેવું તત્ત્વજ્ઞાન છે!

આજે જે છત્રીઓ દેખાય છે તે પરનું કાપડ જોઇ થોડું પણ વિજ્ઞાન જાણનાર માણસ આશ્ચર્યચકિત થઈ વિચાર કરે છે કે નિશાળોનું જ્ઞાન અને જીવનનો વ્યવહાર એ જુદા જ હોવા જોઇએ; નહિતો આમ કેમ થાય? વિજ્ઞાને સિદ્ધ કર્યા મુજબ કાળો રંગ ગરમીને એકદમ આકર્ષે છે તથા બને તેટલી ખેંચે છે. માટે જ શિયાળામાં કાળાં લૂગડાં પહેરવાં જોઇએ. એથી ઊલટું સફેદ રંગનાં કપડાં સૂર્યના તાપને પરીવર્તનના ધર્મથી પાછો ફેંકી દે છે તેથી ગરમી ઓછી લાગે છે. એટલે ઉનાળામાં સફેદ કપડાં પહેરવાં જોઇએ. આ વૈજ્ઞાનિક સિદ્ધાંત છે. પણ હિંદુસ્તાનની હવા અતિશય ગરમ હોવા છતાં આપણે ત્યાં બધી છત્રીઓ કાળી કેમ? કોઇએ આ વિષે વિચાર કરવાની તકલિફ લીધી છે? આપણો સ્વભાવ જ ગાડરિયા પ્રવાહે તણાવાનો થઈ ગયો છે. નહિતર આમ ન હોય. કોઇને આ બાબત સમજાવીને પૂછશો તો કદાચ એવો પણ જવાબ મળે કે આપણા બાપદાદા મૂર્ખા હશે કે આજ સુધી તેઓ વાપરતા આવ્યા છે અને હજી વાપરે છે? જવાબ સચોટ છે એમાં કાંઈ શંકા નથી! પ્રસંગ એવો છે કે સિદ્ધાંત ખરો કહો તો યે પંચાત; કારણ બાપદાદા મૂર્ખા ઠરે! ન કહો તો સિદ્ધાંત સંબંધી શંકા વધારે ભયંકર ભૂત બને. ગમે તેમ પણ એટલી વાત તો ચોક્કસ છે કે સિદ્ધાંત ખોટો નથી. બીજી બાજુ આપણે કહેવા નથી માગતા. બાપદાદાની ગેરસમજુતી છે મૂર્ખતા નહિ.

ઉપરના સિદ્ધાંત પ્રમાણે ખરું જોતાં હિંદુસ્તાન માટે સફેદ રંગની જ છત્રી હોવી જોઇએ. એ ગરમીને હઠાવનારી હોવાથી વધારે આરોગ્યપ્રદ અને લાભકારક છે. વળી એ પ્રમાણે છત્રીઓનો વપરાશ શરૂ કરવાથી દેશી ઘણા ઉદ્યોગ ખીલવાનો સંભવ છે.

જ્યાં સુધી કાળી છત્રીઓ વપરાય છે ત્યાં સુધી એવી ઉપમા આપીએ તો ખોટું નહિ કે આપણા માથા પર ટોપી સફેદ થઈ છે પરંતુ એના ઉપર હજુ કાળા વાવટાનું—પરાવલંબન—છત્ર કાયમ રહ્યું છે. તે જ્યાં સુધી જાય નહિ ત્યાં સુધી તો પરતંત્રતા જ માનવી. કારણ કે એ કાળા રંગની છત્રીઓ પરદેશથી આવે છે અને આપણે તે કાં તો નછૂટકે અથવા વિચાર વગર વાપરીએ છીએ. જેમ જેલમાં જે ખોરાક આપે તે કાં તો ખાવો જોઇએ અથવા ઉપવાસ આદરવા જોઇએ, અગર તો પરદેશીનું કારણ બાતલ કરીએ. તેમજ આપણા પરાવલંબી અને કૃત્રિમ જીવનની યાદ આપનાર આ ઝંડા વિષે પણ માનવું પડશે.

આ વિષય પ્રતિ સૌકોઇનું લક્ષ દોરાશે એવી આશા છે. જે તે સ્થાનિક લોકનાયકોનો ઇસારો આખી જનતાને માર્ગદર્શક થઈ પડશે. —કૃષ્ણ હરિ મનોહર

ચાહના વ્યસનીઓ માટે

ચાહનાં નુકસાન સમજ્યા છતાં વ્યસનના આકરાપણાથી તે ન છૂટતું હોય તેને માટે આ નીચે જણાવેલી ચાહ, ચાલુ ચાહના બદલામાં લેવાથી છૂટી જાય છે; અને ઉપરાંત તેમાં પથ્ય તથા ફાયદાકારક ઔષધો હોવાથી ચાહનાં નુકસાનોને દૂર કરી ઊલટો ફાયદો કરે છે એવું અનુભવે જણાયું છે. (૧) કમળકાકડી તોલા ૧૦ (૨) જેઠીમધ તો. ૧૦ (૩)

ગુલાબનાં ફૂલ તો. ૧૦ (૪) સાર્સાપરીલાનાં મૂળ તો. ૧૦ (૫) મજીઠ તો. ૪ (૬) રતાંજળી તો. ૪ (૭) ચોપચીની તો. ૪ (૮) ધાણા તો. ૪ (૯) સૂંઠ તો. ૩ (૧૦) પીપર તો. ૩ (૧૧) મરી તો. ૩ (૧૨) તજ તો. ૩ (૧૩) વરિયાળી તો. ૩ (૧૪) એલચી તો. ૩ કુલ ૭૪ તોલા. ઉપરની ચીજોને એકઠી ખાંડી નાખીને તે મસાલો સામાન્ય ચાહની પેઠે જ વાપરવો. પોતાને માફકસર માપમાં લેવી. વધારે લેવાયાથી નુકસાન કરશે નહિ. પાણીમાં નાખીને ઉકાળ્યા પછી ઉપરથી દૂધ રેડીને એક ઊભરો આવવા દેવો. આ ચાહ સુગંધીદાર, સ્વાદિષ્ટ સારક અને સ્ફૂર્તિદાયક છે.

દેશદેશનાં ચલણી નાણાં

૭૭મા અંકમાં છેલ્લા પાનામાં આપેલી દેશદેશમાં ચલણી નાણાંની યાદીમાં ઉમેરો કરવાના અમારા આમંત્રણના જવાબમાં ભાઇ મોરારજી આણંદજી તન્નાએ નીચેની આખી યાદી મેળવીને મોકલી છે. દરેક ચલણની સામે શિલિંગ અને પેન્સમાં તેની કિંમત આપી છે.

અરજેન્ટાઇન	૧૦૦ સેન્ટેવો Centavo	નો ૧ પેસો Peso નો	૩ -૧૧ ૧/૨
ઑસ્ટ્રિયા	૧૦૦ ગ્રૉશેન Groschen	નો ૧ શિલીંગ Schillingનો	૦ -૬·૯
બેલ્જિયમ	૧૦૦ સેન્ટાઇમ Centimes	નો ૧ ફ્રાન્ક Francનો	૦ - ૯ ૧/૨
બ્રાઝીલ	૧૦૦ રેસ Reis	નો ૧ મિલરેસ Milreisનો	૨ - ૩ ૧/૨
કૅનેડા	૧૦૦ સેન્ટ Cents	નો ૧ ડૉલર Dollar નો	૪ - ૧ ૧/૨
ચીન	૧૦૦ ,, ,,	નો ૧ ટાએલ Tael નો	૨ - ૬
ઝેકો-સ્લોવાકિયા	૧૦૦ હેલર Heller	નો ૧ ક્રોન Krone નો	૦ -૧૦
ડેનમાર્ક	૧૦૦ ઓર Ore	નો ૧ ,, ,,	૧ - ૧ ૧/૨
ઈજિપ્ત	૧૦૦ પીઆસ્ટર Piastre	નો ૧ પાઉન્ડ Pound નો	૨૦ - ૩ ૩/૪
ફ્રાન્સ	૧૦૦ સેન્ટાઇમ Centimes	નો ૧ ફ્રાન્ક Franc નો	૦ -૧·૯
જર્મની	૧૦૦ ફેનીજ Pfennige	નો ૧ માર્ક Mark નો	૦ -૧૧·૭
ગ્રીસ	૧૦૦ લેપ્ટા Lepta	નો ૧ ડ્રામા Drachma નો	૦ - ૯ ૧/૨
હોલૅંડ	૧૦૦ સેન્ટ Cents	નો ૧ ગિલ્ડર Guilder નો	૧ - ૭ ૧/૨
હંગરી	૧૦૦ ગારાસ Garas	નો ૧ પેંગો Pengo નો	૦ -૮·૬
હિંદુસ્તાન	૧૬ આના Annas	નો ૧ રૂપિયો Rupee નો	૧ - ૪
ઈટાલી	૧૦૦ સેન્ટેસીમી Centesimmi	નો ૧ લીરા Lira નો	૦ - ૯ ૧/૨
જાપાન	૧૦૦ સેન Sen	નો ૧ યેન Yen નો	૨ - ૦ ૧/૨
મેક્સિકો	૧૦૦ સેન્ટેવો Centavos	નો ૧ ડૉલર Dollar નો	૨ - ૦ ૧/૨
નૉર્વે	૧૦૦ ઓર Ore	નો ૧ ક્રોનર Kroner, નો	૧ - ૧ ૧/૨
પોલૅંડ	૧૦૦ ગ્રોઝ Grosz	નો ૧ ઝ્લોટી Zloty નો	૦ - ૯ ૧/૨
ઇરાન	૨૮ શાહી Shahis	નો ૧ ક્રાન Kran નો	૮ - ૪
પોર્ટુગલ	૧૦૦ સેન્ટેવો Centavos	નો ૧ એસ્કુડો Escudo નો	૪ - ૫ ૧/૪
રૂમાનિયા	૧૦૦ બન્ની Banni	નો ૧ લ્યુ Leu નો	૦ - ૯ ૧/૨
રશિયા	૧૦૦ કૉપીક Kopeeks	નો ૧ રૂબલ Rouble નો	૨ - ૧
સ્પેન	૧૦૦ સેન્ટાઇમ Centimes	નો ૧ પીસેટા Peseta નો	૦ - ૯ ૧/૨
સ્વીડન	૧૦૦ ઓર Ore	નો ૧ ક્રોનર Kroner નો	૧ - ૧ ૧/૨
સ્વિટ્ઝરલૅંડ	૧૦૦ સેન્ટાઇમ Centimes	નો ૧ ફ્રાન્ક Franc નો	૦ - ૯ ૧/૨
તુર્કસ્તાન	૧૦૦ પીઆસ્ટર Piastre	નો ૧ લીરા Lira નો	૧૮ - ૦
યુ. સ્ટે. અમેરિકા	૧૦૦ સેન્ટ Cents	નો ૧ ડૉલર Dollar નો	૪ - ૧ ૧/૪
યુગો-સ્લાવિયા	૧૦૦ પારા Paras	નો ૧ દીનાર Dinar નો	૦ - ૯ ૧/૨

❀ મરજીવા મેદાને કૂદે, કાયર કોતર ખોળે ❀

લાકડાના વેઠા ગોઠવી તૈયાર કરેલા ઝૂંપડામાં રહેનાર અમેરિકાની એક સીદી બાઇને ત્રણ છોકરા હતા; અને એ ત્રણ વચ્ચે એક જ પાટલૂન હતું. પરંતુ પોતાના છોકરાઓને કેળવવાને તે એટલી આતુર હતી કે તે વારાફરતી એ પાટલૂન પહેરાવી રોજ એકેકને નિશાળે મોકલતી. આમ કરીકરીને એ ગરીબ માતાએ પોતાના પુત્રોને બને તેટલી કેળવણી આપી. આગળ જતાં એક છોકરો કૉલેજમાં પ્રોફેસર થયો, બીજો ડૉકટર થયો ને ત્રીજો પાદરી થયો.

અનેકાર્થી શબ્દ: **ખોળ**=શોધ(નામ); શરીરનું પડ; શોધ ક્રિયાપદનું આજ્ઞાર્થ રૂપ; તેલીબીયાં પીલ્યા પછીનો કૂચો.

મેક્સિકોની આઝટેક ભાષામાં પોસ્ટની ટિકિટ માટે આવડો શબ્દ છે: MATLO CUILOLITQUITCATLAXLAHUILA


શીશીનું કાચનું બૂચ ઘણી વાર બહુ સજ્જડ થઇ જવાથી ઊઘડતું નથી. તે વખતે દીવાસળી વડે શીશીનું મોં જરા ગરમ કરવાથી તે ગરમીથી expand (પહોળું)થઇને બૂચ સહેલાઇથી નીકળશે.

ભરતી વખતે દુનિયામાં મહાસાગરનાં પાણી સૌથી વધારે ઊંચામાં ઊંચા ફન્ડેના ઉપસાગરમાં ચડે છે : ૭૦ ફૂટ.

અત્તર ચોખ્ખું છે કે નહિ તે જાણવા માટે કાગળ પર બેએક ટીપાં નાખી તેને જરા અગ્નિ પર ધરજો. અત્તર સાચું હશે તો તે તદ્દન ઊડી જઇ કાગળ કોરો થઈ જશે; નહિતર ડાઘ રહી જશે.

'કાંગારૂ' શબ્દનો અર્થ એવો થાય છે કે 'અમે તમને સમજી શકતા નથી.'


અમેરિકાના ક્લીવલૅન્ડ શહેરની વિજ્ઞાનશાળામાં એટલી સૂક્ષ્મ શક્તિવાળો કાંટો છે કે તેના એક પલ્લામાં ૧૦૦૦ ગ્રામનું વજન અને બીજામાં ૫૦૦,૫૦૦ ગ્રામનાં બે તોલાં ઉપરા ઉપર મૂકવામાં આવે તો ૧૦૦૦ ગ્રામ સહેજ નમે; પણ ૫૦૦ વાળાં બે જોડાજોડ મૂકવામાં આવે તો સમતોલ થઈ રહે. એનું કારણ એ છે કે બીજું તોલું પહેલાની ઉપર ચડવાથી પૃથ્વીના ગુરુત્વબિંદુથી તે દૂર થવાને કારણે ગુરુત્વાકર્ષણનું બળ એટલું ઓછું થાય અને તેને લીધે તેનું વજન કાંટામાં તેટલું ઓછું બતાવાય.



'શાહમૃગ ભયમાં આવી પડે છે ને શિકારીથી છટકવાનો કોઇ માર્ગ નથી રહેતો ત્યારે બીકથી પોતાનું માથું રેતીમાં ખોસી દે છે' એવી જૂની અંગ્રેજી લોકવાણી છે તે ખોટી છે. શાહમૃગ એમ કદી કરતું નથી.

અમદાવાદની વસ્તી હિંદની વસ્તીનો ૧૦૦૦મો ભાગ છે; પણ અમદાવાદમાંથી થતો પત્રવ્યવહાર હિંદના કુલ પત્રવ્યવહારનો બસ્સોમો ભાગ છે આથી એમ કહેવાય કે અમદાવાદના લોકો બીજા કરતાં પાંચ ગણા કાગળો લખે છે.

૧૦ છોકરા ૧૦ મિનિટમાં ૧૦ કેળાં ખાય તો ૧૦૦ મિનિટમાં ૧૦૦ કેળાં ખાવાને કેટલા છોકરા જોઇએ?



સંધ્યા સમયે ઊગતા ચન્દ્રની (બીજની) કલા જુદાજુદા દેશોમાં, ઉપરના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે, જુદીજુદી સ્થિતિમાં દેખાય છે. દક્ષિણ ધ્રુવના પ્રદેશમાં સૂર્યાસ્ત પછી તરત બીજ જોઇએ તો તેનો એક છેડો તદ્દન ઊંચો અને સહેજ જમણી બાજુએ ઢળતો જણાશે. તેનું કારણ એ છે કે આ અક્ષાંશમાં સૂર્યનું ભ્રમણ ઉત્તર તરફનું હોય છે અને આથમતી વખતે તે જમણીથી ડાબી બાજુએ સહેજ વળાંક લે છે. ચંદ્રની ગતિ પણ સૂર્યની પેઠે જ હોવાથી તે પણ એ જ રીતે વાંકો આથમે છે. અને ખગોળ જાણનારા તો સમજશે કે બીજની બે અણીઓ હમેશાં સૂર્યથી વિરુદ્ધ દિશામાં જ હોય છે, એટલે ત્યાં બીજની કલા એ રીતે દેખાય છે. ઉપલાં ચિત્રોમાં પહેલું દક્ષિણ ધ્રુવના પ્રદેશમાં દેખાતી બીજનું, બીજું દક્ષિણ શીતોષ્ણ કટિબંધના દેશોમાંના ચંદ્રોદયનું, ત્રીજું વિષુવવૃત્ત ઉપરના પ્રદેશમાંના નવચંદ્રદર્શનનું, ચોથું ઉત્તર શીતોષ્ણ કટિબંધ પ્રદેશોનું અને છેલ્લું ઉત્તર ધ્રુવના દેશોમાંના બીજદર્શનનું છે.